ॐ

श्री सूर्यकान्त अथवा निजविचारसंक्षेप

पूर्वः पार्श्वः

श्रीमदानन्दनन्दनेन पानाचन्देन विरचितः

S'RI

SURYA KANTA

AN EPITOME OF SELF-PHILOSOPHY

PART I

by

Pânâchand Ânandji Pârekh.

શ્રી

સૂર્યકાન્ત અથવા નિજવિચારસંક્ષેપ.

પૂર્વ પાર્શ્વ

રચનાર

શ્રી પાનાચન્દ આનન્દજી પારેખ.

ઉપહાર ૧૦ આના.

રાજનગર વિક્રમાર્ક સંવત્ ૧૯૫૬, આષાઢ.

પારિતોષિક.

આપણી વિશુદ્ધ ગુર્જરગિરા, અને એ જે દેવભાષામાંથી જન્મ પામી છે તે સંસ્કૃત વિના આ અખિલ ગ્રંથમાં બીજી ભાષાઓનો એકે શબ્દ નથિ. તદપિ સંસર્ગદોષથી કોઇ સર્પવત્ સરી આવ્યો હોય તે દેખાડનારનો આભાર માની સન્માનાર્થે પારિતોષિક અર્પવામાં આવશે.

'ધી અમદાવાદ યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ' એમણે મુદ્રિત કર્યો.

શ્રી

સૌરાષ્ટ્ર-કચ્છ-

તથા ઈડર-રાજ્યોના પ્રતિનિધિ; મુંબઈ 'યુનિવર્સિટિ'ના

પારિષદ, અને બહુએક ગુર્જરગ્રંથોના કર્ત્તા

ઈત્યાદિ ઈત્યાદિ ઈત્યાદિ

વિદ્વન્મણિ શ્રીમન્મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી જે. પી.

એમનં એમનાં,

વેદોક્ત વિચાર અને આચારની સર્વોપરિતા વિષે શુદ્ધાભિમાન,

સ્વદેશ, વેશ અને ભાષા માટે અનન્ત પ્રેમ,

ગુર્જરગિરાની વિશુદ્ધિ માટે

અપ્રતિમ ઉદ્યમ તથા

કવિતાપ્રીતિ

અવલોકીને

આ શ્રી સૂર્યકાન્ત અથવા નિજ વિચાર સંક્ષેપ ગ્રંથ

એમનાં પુરાણ સ્નેહીએ

પ્રેમપૂર્વક

અર્પણ કર્યો.

રાજનગર વિક્રમાર્ક સંવત ૧૯૫૬, આષાઢ

त्वय्यनन्त महांभोधौ विश्ववीचिः स्वभावतः ।
उदेतु वास्तमायातु न ते वृद्धि र्न वा क्षति ॥

PREFACE

From among my Countrymen oh You! who are under a complete sway of the literary grandeur of Europe, who are more or less dazzled by its material advancement, and who fancy that everything Western is good and grand, whereas everything Indian, the opposite—to you let me utter a word of protest and say that it is a piece of grossest injustice on your part to what is your *own,* an act of unpardonable disregard of the genius of your renowned *forefathers*, and above all your unwillingness and inability to go to the height of Himalayan *wisdom* of the Aryas the result of human labour, thought and experiences of countless ages.

Apart from everything else, I allude here at present to the religion of India in general, and its Advaita philosophy in particular.

This country, whose tranquil soil is proverbially congenial to reiligious thought activity and researches has had her sages—the Rishis and Munis of old, solely devoted to this divine work from generation to generation whose calibre of mind is unsurpassed by any upto the present day.

Singularly unaffected by, and indifferent to, what passed with them and their fellowmen in the

world whithout, they reserved those experiences for inward lessons to themselves, and closing the gateways of the inner temple of their minds and there gracefully situating themselves they spent the best of their time and energy after the benevolent task of religion and philosophy, which resulted, not in the production of a book or two or five or ten volumes as elsewhere, but in endless vast tracts of divine knowledge.

If, therefore any thinkers of religion and philosophy in the world, have a claim to be read and considered, those of India have the most. And the cravings of human heart may be expected to find its satisfaction much more here than anywhere else.

The present publication the Sûryakânta or an epitome of Self-philosophy in Gujarati humbly claims to be a spark of that great light, a drop of that great ocean of divine khowledge.

I now beg to appeal to the rest of our countrymen in general The sons-of most noble ancestors that enjoyed the glory for excellence and supremacy in both the material and spiritual domains in the past-are suffering in both these directions, labouring under many an erroi and overtaken by meaningless inactivity. I am extremely pained

to observe degeneration and retrogression of our people in general and the Gujarâtîs in particular, and am actuated to prepare and lay before them two of my humble publications namely S'ri Artha-chandriká and S'rî Sûryakánta respectively, to exhort them to guard against the direful evils, of which they are going to be lifelong victims. The former of them is appearing from time to time in the *SudarS'ana*, and will be printed in bookform at an early opportunity.

For the various contents of S'rî Sûryakánta I refer my reader to the index.

*A*hmedábâd Ashádh 1956 of Vikrama Era; July 1900 *A*. D.

Pânáchand Ánandji Parekh,

प्रस्तावना.

भोः प्रिया आर्यबंधुजनाः । श्रूयतां तावत् ।

एकस्मिन्काले येषां पूर्वजा व्यवहारपरमार्थयोरुभयोः परम कुशलाः सन्ति स्म तेषां भवतामिदानीं तयोर्विषययोः कीदृशी निकृष्टा स्थितिरस्ति ! तामवलोक्य अतीव खिन्नोस्म्यहम् ॥

अत एव तस्याः प्रतीकारसूचनार्थं श्री अर्थचन्द्रिका—श्रीसूर्यकान्तनामानौ द्वौ ग्रंथौ श्रीगुर्जरभाषायां मया विरच्येते ॥

संप्रति मम बंधुगणेषु जीवशिवयोर्भेद इति यो मलस्तं श्रीसूर्यकान्तग्रंथरूपमणिना दर्शयित्वा तद्दूरीकरणाय मम लेखिनीसरितं प्रवर्तयामि । भवतु मम हेतुः सफलोऽस्य ग्रंथस्य मननपूर्वकाद्भ्यासबलात् ॥ नैतत्केवलं किन्तु । "सर्वं खल्विदं ब्रह्म" इत्याकारका दृष्टिर्मम बन्धुजनानां भवतु भवन्तु च तेऽन्वयव्यतिरेकमार्गाभ्यां ब्रह्मरूपेण स्वस्थाः ॥

एवमिच्छन्नहं श्रीसूर्यकान्तग्रंथे ये ये विषयाः प्रतिपाद्यन्तेताननुक्रमणपत्रे सूचयिष्यंस्तेषु यत्सारभूतं तत्संक्षेपेणात्रैव कथयामि ॥

परमात्मा स्वतःसिद्धः अजः अजरः अमरः सत्—चित्—आनन्दरूपोऽस्ति ॥

आत्मापि तद्वत् । न स कस्यापि कार्यं कल्पना वा ॥

परमार्थत आत्मपरमात्मनोरुभयोरभेदः ॥

पिण्डब्रह्माण्डे सादृश्यवती। ते 'अस्तिभातिप्रिय' रूपेण सत्ये 'नामरूप' रूपेण मिथ्या॥

अविद्योपाधिः पिण्डभासस्य कारणम्। मायोपाधिर्ब्रह्माण्डभासस्य कारणम्॥

इत्याकारकान्विषयान्परामृश्य तत्तत्संबंधिन्यः शंकाः समाधाय पुंसां संपूर्णां सच्चिदानंदताऽद्वितीयदेवरूपतां च श्रुत्यनुभवयुक्त्योघैः प्रतिपाद्येते। अपि च

विश्वमसद्रूपमपि सद्रूपं कथमवभासते?

ज्ञानोत्तरकालेपि वासनाः कथं न निवर्तन्ते?

केनोपायेन वासनाक्षयमनोनाशौ साध्येते?

एवमनेकान् संशयांश्छित्त्वा वाचकजना लब्धसंतोषा भवेयुरित्यभिलष्यते॥

एतद्यत्ने कियान् मम विजयस्तद्विद्वत्समाजेन परीक्षणीयम्। दोषानुपेक्ष्य गुणमात्रं ग्राह्यं च॥

श्रीसूर्यकान्तग्रंथोत्पत्तावन्यदप्येकमवान्तरं तात्कालिकं कारणमस्ति तद्यथा—

एकदा काव्यनिरतोऽहमात्मज्ञानपरमेकं काव्यं कुर्वंस्तच्छ्लो 'सुदर्शन' पत्रे प्रकटयितुं तस्य तंत्रिणे 'एम्.ए.' पदवीधराय श्रीपद्मानन्दशङ्कराय समार्पितवान्। काव्यरसिकेन तेनोक्तं हा! नास्त्यवकाशः पद्याय वर्तमानमासे। यदि कोऽपि गद्यात्मको लेखः स्यात्तर्हि स प्रवेशनीयो भवतीति॥

अचिरान्मानवदिव्यतानामकं लेखं रचयित्वा तत्तस्मा अ-
द्दाम् यं दृष्ट्वैव प्रसन्नः स तं प्रासिद्धं चकार ॥

तदनु मया विचारितं यत्कारुण्यमूर्त्तिना गुरुमहाशयेन मम
पथः सहस्रसूर्यकान्तमणिभिः प्रकाशयितुं यत्नाः कृताः । तर्हि किं
मम विद्यया यद्येकया सूर्यकान्तमणिनाऽपि मम बंधुजनानां पथ
उज्ज्वलीकर्तुं न शक्नुयाम् । तस्मादुपर्युक्तो लेखो हि यथेच्छं वि-
पुलीकृतः संप्रति श्रीसूर्यकान्तग्रंथरूपेण प्रसिद्धिं नीयते ॥

संसारासक्तजनेभ्यो केवलं ज्ञानकथनपरायणो लेखो न रोचते ।
तस्मादिमं ग्रंथं श्रीमदानन्दशंकरस्य सूचनान्निसर्गलीलावर्ण-
नेनाख्यायिकाकथनेन च रसयुक्तं कर्तुं यत्नः कृतः । स वाचकानां
रसप्रदो भविष्यतिचेत् तत्तस्य मम मित्रस्य सूचनप्रभाव इति मंस्ये ॥

आनन्दनन्दन पानाचंद.

પ્રસ્તાવના.

અહો પ્રિય દેશીય બંધુજનો !

આપણા ગુણિજનોમાં એક ગીર્વાણાદિ ભાષાથી સંસ્કૃત, અને બીજો અંગ્રેજી શિક્ષણ પામેલ, એવા બે વર્ગ છે. તેમાંથી દ્વિતીય વર્ગમાંના જેઓ યુરોપિયન સાહિત્યસૌંદર્યપર મોહિત છે, જેઓ પશ્ચિમની ભૌતિકોન્નતિથી અંજિત છે, અને જેઓ એમ માને છે જે, **जे जे पाश्चात्य ते ते सुंदर अने सर्वोपरि । जे जे अत्रत्य ते ते असुंदर अने निस्सार ॥** તેમને માનપૂર્વક નિવેદનીય છે જે એ તેમનું ખેદાસ્પદ આત્મવિસ્મરણ છે; તે નિજ પૂર્વજોની જગદ્વિખ્યાતા બુદ્ધિશક્તિની અવહેલના છે; એટલું જ નહિ કિન્તુ તે, અગણિત કાળાન્તરના શ્રમ વિચાર અને અનુભવોથી નિષ્પન્ન થયેલા અને પરમ ગાંભીર્યને પામેલા એવા આર્યવાઙ્મયના ઊંડાણમાં જવાની અશક્તિ અને અરુચિ માત્ર છે. માટે તેમને સ્વીય તેમ જ સામાજિક હિત સારુ આર્યબુદ્ધિફલિત રસામૃતનું આસ્વાદન અને સેવન પરમ જીવનપ્રદ છે.

પણ અત્ર આર્યવિદ્યાફલિના કોઈ પણ પ્રથા, વા સંસ્થાની કથા ન કરતાં માત્ર ભારતીય ધર્મવિષે સામાન્યપણે, અને તેના અદ્વૈતસિદ્ધાન્તવિષે સવિશેષે, કેહેવાનો ઉદ્દેશ છે.

ધર્મવિચાર અને પ્રચારને સ્વભાવતઃ અનુકૂલા એવી આ પ્રશાન્તા ભારતભૂમિના મેધાવિ ઋષિ મુનિઓ—જેઓએ ધર્મસંશોધનને જ પોતાનું જીવિતપ્રયોજન કર્યું છે; જેઓ સાંસારિક સુખ દુઃખના યુગલ વિષે સમવૃત્તિ રાખીને તેના અનુભવ સહિત પવિત્ર હૃદયમંદિરમાં જ એકાન્ત નિવસ્યાં છે; અને જેમણે જનકલ્યાણની શુભેચ્છાએ ધર્મ તથા તત્ત્વ વિચારના જ ઉપાર્જનમાં **पोतानी शतावधानशक्ति अने निर्मळज्ञाननो उपयोग कर्यो छे;** તેમના પ્રસાદથી બીજાઓની પેઠે એક બે ધર્મપુસ્તક કિંવા પાંચ દશ ગ્રંથો નહિ, પણ દિવ્યજ્ઞાનની અનંતસરિતા જ વહી છે. અતએવ પૃથ્વીપરના કોઈ પણ ધર્મવેત્તા અને તત્ત્વવિદ્‌ની કૃતિ મનન-

યોગ્યા ગંણિયે તેના કરતાં આ ભારતીય ઋષિ મુનિની કૃતિ બહુ અંશે વિશેષમનનીયા ગણાવી જોઇયે.

એટલું જ નહિ કિન્તુ મનુષ્ય પ્રાણીની ધાર્મિકી તૃષા શાન્ત કરવાને એ એક અત્યુત્તમ તેમ જ અતિ વિશાળ જળાશય મનાવું જોઇયે. અને જેમને પોતાની ગુર્જરગિરાના ઉચ્ચ સંસ્કાર હોય તેમને મારી સવિનય વિજ્ઞપ્તિ છે જે આ શ્રીસૂર્યકાન્ત, ઉપર્યુક્ત સુંદર જળાશયમાંનો જ એક અંજલિ છે. ઉપર્યુક્ત મહાદિવ્યજ્યોતિની જ એકપ્રભા છે.

અવે પ્રથમ વર્ગમાંના જેઓ નાનાવિધભ્રાન્તિથી ઘેરાઇને વ્યર્થ પ્રમાદને વશ થાય છે તેમને સંબોધીને મારી પ્રાર્થના છે: અહો! બંધુગણ આપ-જેના અદ્વિતીયકીર્તિવંત પૂર્વજો, એક કાળે વ્યવહાર પરમાર્થ ઉભયમાં પરમ કુશલ હતા. તેમની અહુણા તે વિષયોમાં કેવી નિકૃષ્ટા સ્થિતિ છે તેનું આલોચન અતિ ખેદાસ્પદ છે.

અતએવ તે ઉભય સ્થિતિના પ્રતિકારસૂચનાર્થમેં અહુણા શ્રી અર્થચંદ્રિકા તેમ જ શ્રી સૂર્યકાન્ત નામે બે પુસ્તકો આપણી યશસ્વતી ગુર્જરગિરામાં રચ્યાં છે.*

વ્યવહારપરત્વે જે કંઈ વક્તવ્ય છે તે શ્રી અર્થચંદ્રિકામાં કહીને આ શ્રી સૂર્યકાન્તમાં માત્ર પરમાર્થચર્ચા કરી છે. એની વિસ્તીર્ણ વિષયમાળા માટે અનુક્રમણિકામાં જોવું.

અત્ર મારા મિત્ર પ્રોફેસર્ આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ એમ. એ. એલ્. એલ્. બી. નો આભાર માનવો જોઇયે, જેમની સૂચનાથી આ જ્ઞાનકથનપરાયણ લેખને રસયુક્ત કરવાને તેમાં આધ્યાત્મિકી શૈલીએ નિસર્ગલીલાવર્ણન તથા શ્રીમતી તૃષ્ણાકુમારીનું આખ્યાન કહેવામાં આવ્યું છે. આશા છે જે આ લેખ, ઉપર સૂચવ્યા પ્રમાણે આપણી ભાષાના ઉચ્ચ સંસ્કારવાળા સર્વને ઉપયોગી થશે.

પાનાચંદ આનંદજી પારેખ.

---

* શ્રી અર્થચંદ્રિકાના વિષયો અહુણા પ્રતિમાસ શ્રી સુદર્શનમાં આવે છે: તે પૂર્ણ થયા પછી પુસ્તકાકારે બહિર્ પડશે.

શ્રી સૂર્યકાન્ત

પૂર્વ પાર્શ્વની અનુક્રમણિકા.

પ્રથમા પ્રભા.

	પૃષ્ઠ
ગ્રંથવિષયનિરૂપણ (સંસ્કૃતમાં).	૧
સ્વરૂપસ્તુતિ (સંસ્કૃતમાં).	૨
ગ્રંથનો વિષય જે મનુષ્યની દેવરૂપતા તેનું સૂચન અને નિજાનન્દનિધિના ઉદ્‌ઘાટન વિષે પ્રેરણા (પદ્યમાં).	૨–૩
આ ગ્રંથની ભાષા.	૪
પદાર્થો ચડતીપડતીરૂપ ઘટમાળામાં જોડાયલાછે, તદ્દ્યોતક શ્રીમોહમયીનગરીનું વર્ણન.	૪–૮
અનુભવવૈરાગ્ય અને મુમુક્ષુતાદ્યોતક શ્રીકરુણાપ્રસાદજી-સ્વરૂપવર્ણન.	૮–૧૦
અનુભવવૈરાગ્ય અને બ્રહ્મનિષ્ઠા–સ્વરૂપનિષ્ઠા દ્યોતક શ્રીઆનન્દસાગરમહાશયસ્વરૂપવર્ણન.	૧૦ ૧૪
જીવાત્મા અને પરમાત્મા અથવા આત્મબ્રહ્મૈક્ય તારક પ્રશ્ના.	૧૫ ૧૬
જીવાત્મા અને પરમાત્માના સ્વરૂપ સબંધે ન્યાય્ય વિચારનો અરુણોદય.	૧૭
જીવાત્માની સ્વતઃસિદ્ધ–અજ રૂપતા.	૧૭
જીવાત્મા અને પરમાત્માની એકતા.	૧૯

દ્વિતીયા પ્રભા.

મનુષ્ય એ જ દેવ અથવા માનવદિવ્યતાનું આનન્દપ્રભાત.	૨૦
પદાર્થોમાં સુખભ્રાન્તિ; કિન્તુ વસ્તુતઃ સ્વરૂપનો જ આનન્દ.	૨૧
પદાર્થોની દુઃખરૂપતા અને આત્માની આનન્દરૂપતા.	૨૩–૨૪
દુઃખનું રૂપ.	૨૪
આત્માની આનન્દરૂપતા.	૨૫–૨૬
પ્રપંચનું મૃષાત્વ અને આત્માની સદ્રૂપતા.	૨૭
આત્માની સદ્રૂપતા વિષે ક્રીડાકંદુકનું ઉદાહરણ.	૨૮–૨૯
આત્માની સદ્રૂપતા સંબંધે વર્તમાન કાળનો સિદ્ધાન્ત.	૨૯–૩૧

દર્શનાનુંશાસન વિધાં-દૃષ્ટિસૃષ્ટિવાદઃ પદાર્થો ૫ મા ૫ નથિ;
પણ તેમની પ્રતિક્ષણ આવૃત્તિ થયે જાયછે. ૩૧-૩૨
આત્માની ચિદ્રૂપતા. ૩૩
શ્રીમચ્છંકરાચાર્યની વિજ્ઞાનનૌકાભણીના માર્ગપર્યન્ત
શ્રીગુર્જરજ્ઞાનરથ (પદ્યમાં). ૩૩-૩૪
આત્માની ચિદ્રૂપતા અને માનવદેવરૂપતા પ્રતિપાદક
શાસ્ત્રીય આપ્ત વચનો ઈત્યાદિ. ૩૫-૩૭

તૃતીયા પ્રભા.

મનુષ્ય એ જ દેવ અથવા માનવદિવ્યતાનું પૂર્વાહ્ણ. ૩૮
વિશ્વ અસદ્રૂપ સતે તે સદ્રૂપ લાગવાનો ભ્રમ. ૩૯-૪૦
વિશ્વનું રૂપ. ૪૧
બદ્ધતા અને મૃત્યુનું સ્વરૂપ. ૪૨
વિશ્વ કલ્પિત મૃષા છે તે દૃઢાવવા.સ્વપ્નનું દૃષ્ટાન્ત. ૪૩-૪૪
જાગૃતિ અને સ્વપ્નની તુલ્યતા (પદ્યમાં). ૪૪-૪૫
શ્રુતિ સ્મૃતિ અને શાસ્ત્ર કૃત માનવદેવરૂપતાનું પ્રતિપાદન. ૪૬-૫૦

ચતુર્થી પ્રભા.

મનુષ્ય એ જ દેવ અથવા માનવદિવ્યતાનું મધ્યાહ્ન.
આધ્યાત્મિકી ભાષામાં મેઘલીલાનું વર્ણન. ૫૧
પ્રત્યેક વૃત્ત તેના આદ્યન્તમાં આનુકૂલ્યપ્રાતિકૂલ્યપગાભત હોય છે.૫૨
જ્ઞાનોદય થયા પછી પણ સ્ફુરન્તી વાસનાઓ. ૫૩-૫૫
યોગાનન્દતૃષ્ણાનેલીધે, સહજાનન્દપણ પ્રાપ્તથયો નથિ એવીભ્રાન્તિ.૫૬
સહજાનન્દ એ જ જીવન્મુક્તોનો આનન્દ-પરમાનન્દ છે. ૫૬
સ્વરૂપયોગાર્થીને મંગળી શિક્ષણનું પદ. ૫૬-૫૮
એ પદ્યનો ગદ્યાત્મક સારાંશ. ૫૮-૫૯
હૃદયકુંજ એ જ આનન્દનું સ્થળ. ૫૯
સમાધિ અતીવકષ્ટસાધ્ય છેઃ તે ન સધાય તો ચિન્તા નહિ. ૬૦
વાસના ઉપરિ વિજય મેળવવાની કુંચી. ૬૧-૬૨

પ્રારબ્ધાદિ કર્મત્રય: દેહાભિમાન ગલિત થવું તે જ દેહનું પડવું છે. ૬૩
પ્રારબ્ધ અને પુરુષપ્રયત્ન (પદ્યમાં). ૬૩-૬૪

પંચમી પ્રભા--માનવદિવ્યતાનું મધ્યાહ્ન.

અખિલ વિશ્વની એકરૂપતા: તેના પદાર્થોનું પરસ્પર અવૈચિત્ર્ય.

શ્રી શંભુપ્રસાદજીનું મહામવન-આર્ય તક્ષણકળા. ૬૫
શબ્દસૃષ્ટિમાં પરસ્પર અવૈચિત્ર્ય. ૬૬-૬૮
એકથી કોટિ પર્યન્તની અર્થાત્ સર્વસંખ્યાઓ એકસંખ્યાની જોડમાત્ર છે. ૬૮
તેજોવહતત્ત્વ(Ether)નું આંદોલન, શબ્દાદિ પંચવિષયભાનનું કારણ. ૬૮-૭૦
એ વિચારો, एकोहं बहु स्याम्। એ શ્રુતિથી જે બોધ નિષ્પન્ન થાયછે તેના જેવા છે. ૭૦-૭૧
શ્રીમતી તૃષ્ણાકુમારીનું આખ્યાન. ૭૧-૭૫
સર્વા માનવભાવની આત્મમૂલિકા છે ૭૫
માનવાત્મા કોઈની એ કલ્પના કિંવા કૃતિ નથિ. ૭૬-૭૭
સર્વા માનભાવના આત્મમૂલિકા છે એનું સ્પષ્ટીકરણ. ૭૮-૭૯
આત્મપ્રત્યયમાળાની પ્રથમા સરનું ગુંથન. ૭૯-૮૧
આત્મપ્રત્યયમાળાની દ્વિતીયા સરનું ગુંથન. ૮૧-૮૫
આત્મપ્રત્યયમાળાની તૃતીયા સરનું ગુંથન. ૮૫-૮૭
આત્મપ્રત્યયમાળાની ચતુર્થી સરનું ગુંથન. ૮૭-૯૦
આત્મપ્રત્યયમાળાની પંચમી સરનું ગુંથન. ૯૦-૯૩
આત્મૈક્યભાવપૂર્વક સ્વરૂપસ્થતાનો મઙ્ગળ અવસર. ૯૩-૯૪
બદરિકાશ્રમ અને ન્યૂયાર્કથી આવેલા વિદ્યુત્સંદેશ ૯૪-૯૫
જીવ, અદ્વંદ્વ પરબ્રહ્મ પરાત્પર છે. ૯૫
બદરિકાશ્રમ અને ન્યૂયાર્કપ્રતિ ગમન. ૯૬

શ્રી સૂર્યકાન્ત ગ્રંથ વિષે વિદ્વાનોના અભિપ્રાય

પ્રોફેસર્ આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ. એમ્.એ.એલ્.એલ્.બી.લખેછેઃ-

શ્રી સૂર્યકાન્ત અથવા નિજવિચારસંક્ષેપ એ નામનો રા. રા. પાનાચંદ આનંદજી પારેખકૃત લેખ મારા વાંચવાંમાં આવ્યોછે. મને જણાવતાં **સંતોષ** ઉપજે છે કે ગ્રંથકારે વેદાન્તનું સારૂં મનન કર્યુંછે. વેદાન્તના વિચારો એક વખત **સારી રીતે** મગજમાં ઉતારી લઈ પછી પ્રકટ કર્યાછે. ભાષા **બળવાળી** છે, અને સમસ્ત લેખઉપર એના કર્ત્તાના દૃઢ નિશ્ચયની છાપ અંકાઈ રહી છે. અદ્વૈત વેદાન્તના અભ્યાસીને આ ગ્રંથ વાંચવા ભલામણ છે.

વિદ્વન્મણિ રા. રા. મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી લખે છેઃ-

શુભોપમાયોગ્ય સાક્ષર ધર્મનિષ્ઠ શ્રેષ્ઠી પાનાચંદ આનંદજી પારખ

નિવાસ અમદાવાદ

વિ. આપરચિત શ્રી સૂર્યકાન્ત નામક લેખ શ્રવણ કરાવવા આપે શ્રમ લીધો એ આભાર થયો છે.

પૂર્વ વયથી જ આપે બ્રહ્મવિદ્યાનું પઠન, અને દેશીય મહાત્માઓ તથા પરદેશીય વિદ્વાનોનો સત્સમાગમ રાખીને સંવૃદ્ધિ તથા બહુશ્રુતતા સંપાદન કરેલી છે તેના અનેક અંશો આપના લેખમાં શોભે છે.

તત્ત્વજ્ઞાનમાં શાસ્ત્રોક્ત, ગુરુવ્યાખ્યાન, અને વિવેકપૂર્વક આત્મનિશ્ચય તેમ જ આત્માનુભવ ઇત્યાદિ આવશ્યક છે, તદનુસાર આપનો પ્રયત્ન પ્રતીત થાય છે.

સંપ્રદાયપૂર્વક તત્ત્વજ્ઞાનનું **આદાન** કરીને તેનું **દાન** કરવાની વૃત્તિ અને શક્તિનું યુગલ વિરલ જનમાં જ હોય છે. અને તે આપમાં જોઇને આનંદ સંતોષ થાય છે. તત્ત્વજ્ઞાનનો વિષય લોકોને રુચિકર થાય એવા ઉદ્દેશથી તેમાં આખ્યાયિકા તથા સૃષ્ટિસૌંદર્યવર્ણનાદિ આપવામાં આવ્યાં છે, અને અખિલ ગ્રંથની ભાષા તદનુરૂપા બળવતી અને સ્વચ્છ લખાઇ છે.

આપનાં અદ્વૈતવેદાન્ત વિષયક ગદ્યપદ્ય ઉભય **પ્રશંસનીય** અને અભિનંદ્ય છે. ઇશ્વર કૃપાથી આપને અધિકાધિક જય અને યશ મળો એમ તેને પ્રાર્થના છે.

ॐ:

अथ श्रीसूर्यकान्त

अथवा

निजविचारसंक्षेपप्रारंभः

प्रथमा प्रभा.

ग्रंथविषयनिरूपणपूर्वकम्

भारतीस्मरणम्—गीतिवृत्तम्.

भारति भद्रे खलु ते । कृपया क्रियते मया ग्रंन्थ एषः ॥
गुणमयमेवम् कुरु तम् । सूर्यकान्त इति वदेज्जनः पश्यन् ॥
श्रुत्यनुभवयुक्तोघै । देवरूपता प्रकाश्यते पुंसाम् ॥
अस्त्यानन्दः पुरुषः । सच्चिन्मयतास्ति केवला तस्य ॥
प्रेरय मां तत्कथने । यत्करवाणि जनानसंदेहान ॥
कृत्वा सरलं मार्गम् । सुनु .पानि स्वरूपदेशं तान् ॥
आनंदैकोर्थो यः । कीटादारंभ्य वै नरेन्द्राणाम् ॥
अम्बे! तं ! नय सिद्धिम । तस्यार्थं यः पठेदिमां वाचम् ॥

स्वरूपस्तुति–शार्दूलविक्रीडितवृत्तम्.

वंदे देवमकायमंतकरिपुम् । ज्ञानं घनं केवलम् ॥
वंदे शुद्धमनन्तमात्मरमणम् । प्रेमास्पदं सुंदरम् ॥
कल्याणं निजरूपकं निरवधिम् । लक्ष्यंति यं वैदिकाः ॥
वंदे तं तिमिराशनं भवहरम् । देवाधिदेवं विभुम् ॥
यस्याज्ञानवशादखंडितमिदम् । संसारजालंखलु ॥
जीवानामवभासते जगदिदम् । सत्यात्मवत् यन्मृषा ॥
बंधाद्रक्षति यः पुराणपुरुषः । कालस्य कालः सदा ॥
वन्दे तं सुखसागरं दिनकरम् । भर्गोवरेण्यं हरिम् ॥

ગ્રંથનો વિષય જે મનુષ્યની દેવરૂપતા તેનું સૂચન અને નિજાનન્દનિધિના ઉદ્ઘાટન વિષે પ્રેરણા.

મણીદીપ વૃત્ત.

દીનનો દયાળ છોડી, કોને શરણ જાઉં, એ લય.

નિજાનન્દનિધિ પ્રતિ તું, કુંચી ના લગાવે !
ધન અનન્ત સત્ય નિત્ય, ભોગ કેમ આવે ? એ ધ્રુવ૦
સ્વીય દેવરૂપતા જ, કેમ ઉર ન લાવે ?
કલ્પી વ્યલીક દેવવૃન્દ, દ્વૈત કાં બનાવે ? નિજાનન્દ૦
પ્રાર્થી ઈશ પટકી શીષ, સમય શું ગમાવે !
દીન થૈ દયા શાં માગ, વ્યર્થ કાં હસાવે ? નિજાનન્દ૦

વેદ તુંને—દેવ. અસ્તિ. ચિદાનન્દ—ગાવે;
બોધભાનુ શાન્તિચંદ્ર,! વાણુ શેની આવે? નિજાનન્દ૦
સવિતુ, કવિ તું, આદ્યપુરુષ, કલ્પના સ્ફુરાવે!
સકળ જગત તુચ્છરૂપ, સ્વપ્નને સ્વભાવે; નિજાનન્દ૦
રાજ મહારાજસઘ, સ્વયં તું નચાવે;
ત્રિપુટી ઉપાદાન આપ, રંગ તો રમાવે; નિજાનન્દ૦
દૃશ્ય પટ ઓ સ્વયંદેવ,! નર નરતનુનાવે;
આવરણસમુદ્રવારિ, જે રહે અભાવે; નિજાનન્દ૦
હૃદયકમળ ફળ ચલાવ, આત્મધામ આવે;
ચિદાનન્દ ભોગ તત્ર, જે તનેજ ભાવે; નિજાનન્દ૦
વસ્તુનો પ્રમાદ વર્જ, છાયપ્રીતિ છાંડે;
ચંદ્ર બોધ[1] છે સમાન, પિણ્ડ બ્રહ્મ—અંડે; નિજાનન્દ૦
મૂળ શુદ્ધ સિંહરાજ, અજપ્રગ્ન લખાવે;
કોટિસૂર્યકાન્તિવિભવ, કિમ કરી છુપાવે? નિજાનન્દ૦
મંગળમુખ વંદનીય, કવિ, વરેણ્ય. કહાવે;
જય જય તુ અનન્ત ભર્ગ,! પાર તવ ન આવે. નિજાનન્દ૦

ભો! વાચક સમાજ! પવિત્ર વેદોપનિષદના રહસ્યોમેં કહેલા આ પારમાર્થિકી કથાનો પ્રસંગ આગલ ચલાવ્યાની પૂર્વે શ્રી મોહમયી નગરીનું વર્ણન અને ત્યાં નિવાસ કરનાર શ્રી આનન્દસાગર મહાશય તથા શ્રી કરુણાપ્રસાદજી,•જે આ કથાના નાયક છે તેમની તનુમનછબિ તથા તત્સંબંધી કંઇક ઇતિહાસ જાણવાને આપ ઉત્સુક હશોજ. માટે અત્ર તે આરંભાય છે. જે હસ્તામલવત્ સમજાઈ

૧ મારો બોધ પિણ્ડથી માંડી બ્રહ્માંડ પર્યન્ત સમાન જાણવો. કેમજે પિણ્ડ અને બ્રહ્માંડ વિષે લઘુતા અને ગુરુતા વિના બીજું કશું વૈલક્ષણ્ય નથી.

આપ સર્વને હૃદયાંકિત થાઓ ! અને તદ્દનુ, એ મહાત્માઓનો સદાચાર વિચાર, મન વચન કાયતઃ અનુકરાઈ આપને અર્થે આનન્દને અર્પો !

આ અખિલા કથામાં જે ભાષા આવશે તે ઉચ્ચવિષયાનુસારિણી હોઇને શબ્દશૃંગારની અભિલાષિણી છે. વળી સંસ્કૃત માતાની પુત્રી હોઇને પોતાને જોઈતી સામગ્રી તેની પાશેથી લેવાનું એને શોભાસ્પદ છે. અતએવ તમારામાંના જેમને ઉચ્ચવિષયાનુસારિ શબ્દો અને લલિતપદોનો સંસ્કાર ન હોયઃ એટલુંજ નહિ કિન્તુ ફારસી આદિ અન્યાન્ય બોલીનો પર સંસ્કાર પડી ગયો હોય તેમણે અમને મહત્પંથે સામું આવવું. અમે પણ તેમના સૌગમ્યાર્થે યત્નવંત રહીશું. પણ તે અર્થ, સ્વભાષાપદ, અને શબ્દલાલિત્યના બલિદાનથી નહિ.

અથ શ્રીમોહમયી નગરી વર્ણન.—શ્રીમતી મોહમયી નગરી જેને આપણા લોકો કોઈ મુંબઈ, કોઈ મુંબાઈ એમ કહે છે; જે વિક્રમાર્ક સંવત્ ૧૯૧૯ ના દક્ષિણ અને ઉત્તર અમેરિકામાં ચાલતાં પરસ્પર યુદ્ધને લીધે લક્ષ્મીનો મહાપ્રસાદ પામી હતી. અને ત્યારથી અનુદિન ભૌતિકા ઉન્નતિને અનુભવન્તી, અહુણા વિવિધ સુન્દર અને ભવ્ય મંદિરોથી શૃંગાર પામેલી છે. જયાં હસ્તકૃત રાજમાર્ગ બહુ વિપુલ, અને લોકોની સુગમતાને માટે તેમાં બાષ્પ વિદ્યુતા અને અશ્વથી ચાલતા અનેક પ્રકારના રથો ધાવન કરી રહ્યા છે. ત્યાં લોકોને પીવાને નિર્મળ જળ બહુ દૂરથી નળ દ્વારા આવે છે; અને લોકોના આરોગ્યાર્થ સ્થળે સ્થળે સાર્વજનિક ઉદ્યાનો બનાવ્યાં છે. રાજમાર્ગ સ્વચ્છ થઇ ત્યાં નિરન્તર જલ છંટાય છે. અને રાતે સૂર્યવત્ પ્રકાશ અર્પવાને કયાં મૃદંગાર પવનને તથા કયાં વિદ્યુતાને દાસી બનાવી છે.

જ્યાં મહાયશા મહારાષ્ટ્રી, યશસ્વતી ગુર્જરગિરા તથાં રાજભાષાનો અભ્યાસ કરવાને અનુક્રમે લઘુપાઠશાળા, વરિષ્ટપાઠશાળાઓ તથા મહાવિદ્યામંદિરો છે. *

લોકોના સંપૂર્ણ રક્ષણાર્થે જ્યાં એક વરિષ્ટન્યાયમંદિર છે. જેનો ન્યાય પવિત્ર અને નિરપક્ષ હોઇને તે પશ્ચિમ ભારતને પરમ

---

* આ નગરીની બાલ્યવસ્થામાં કંઇ મણા નથિ. પણ તેના અંતર્ગુણની આગમાપાયિ એવા અધિકારિ વર્ગના પ્રમાદથી અવજ્ઞા થઇછે.

કન્યા અને કુમારોના શિક્ષણની યોજનામાં બુધવારનું કાચું જણાઈને કશો શુક્રવાર થતો નથિ. કન્યાનું શિક્ષણ શૂન્યમાં સંક્રાન્ત થાય છે. અને કુમારોને મહારાષ્ટ્રી વા ગુર્જરી લઘુશાળામાં બધિરાન્ધ શિક્ષણ આપી તેમને વરિષ્ટપાઠશાળા તથા મહાવિદ્યામંદિરોમાં રાજભાષાનો અભ્યાસ કરાવવામાં આવે છે. એ પ્રમાણે સ્વભાષાશિક્ષણ મૂળેજ પંગુ રહી તે વરિષ્ઠપાઠશાળામાં ઉપેક્ષાય છે, અને મહાવિદ્યામંદિરમાંથી તો સ્વભાષાને બહિસ્કૃતા કરવામાં આવી છે. જેથી કોમળ અભ્યાસિગણ આદ્યન્ત દ્વિગુણ શ્રમ વેઠીને શિક્ષણ પામતાં પોતાના દોષ વિના પણ પોપટ પંડિત જેવો પરિણમે છે. એ મહાવિદ્યામંદિરના સંસ્કારવંત ઉત્તીર્ણપરીક્ષને 'ગ્રાજ્યુએટ" કહે છે. જેમાંથી કેટલાએક રાજસેવામાં નિયોજાય છે. પણ બીજાઓની રાજસેવામાં અપેક્ષા ન હોવાથી તે ચેતનાહીન વર્ગનો રમણીય કાચ મંજુપસ્થ પ્રદર્શન વિના બીજો કશો ઉપયોગ નથિ.

મહાવિદ્યામંદિરના છાત્રગણમાંથી માત્ર વિરલા જ સારા નીકળે છે. પણ તે પ્રાયઃ પોતાના યૌવનમાં મૃત્યુને શરણ થાય છેઃ વળી એ ત્રિવિધા વિદ્યાલયોમાં ઉચ્ચનીતિનું શિક્ષણ લેશ પણ અર્પાતું નથિ. નીતિશિક્ષણ વિનાના રુક્ષ અન્યદ્દ ભણતરને પ્રજાએ શું ધોઈ પીવાનું છે ? તેવા ભણતરથી શિષ્ય કેવો પરિણમે ? નર વા નરપશુ ? અતએવ પ્રત્યેક પશ્ચિમભારતીય ગૃહસ્થ પોતાના સંતાનને અપાતાં એવાં શિક્ષણને અનુભવીને આ પ્રમાણે વિલપે છેઃ—

સંતોષકારી છે. એક કનિષ્ટન્યાયમંદિર છે. તથા ચોરાદિ અપરાધીઓના અનુશાસનાર્થ ચાર કોટપાળગૃહો છે, જે અર્થદૃષ્ટિએ સારાં પણ ન્યાયદૃષ્ટિએ નિન્દાપાત્ર છે.

સાંપ્રતશાળા શિક્ષણ.

(શિખરિણી વૃત્ત.)

મળે શાળે શિક્ષા, કઠિનતર રુક્ષા તનયને;
શ્રમાન્તે શિષ્યોનાં, તનુમન પ્રતીક્ષે પ્રલયને;
ન શીખે નીતિ ત્યાં, ગુણગણ અને સદ્વિનયને;
ઉપેક્ષન્તા તેથી, જનક જનનીના પ્રણયને. ૧
સ્વધર્મશ્રદ્ધાની, અનુપમ સુદીક્ષા નહિ જડે;
સ્વકર્મ્માચારોની, શુભગુણપરીક્ષા કિમ પડે ?
બને ભ્રષ્ટો તેથી, સરુજ, વિષયાર્થી તનુમને;
વિવાદાર્થી, સ્વાર્થી, નિજ વિજય માને લઘુ ધને. ૨
સ્વદેશાર્થે જેનું, મન ધનહિતાર્થે નહિ વળ્યું;
અભિષ્વંગે રંગે, રુધિર યદિ અંગે નહિ ફર્યું;
સુનીતિ પ્રીત્યર્થે, તનુમન ન જેનું હલહલ્યું;
પિતામાતા સેવા, પ્રતિફળ ન દેવા યદિ સ્ફુર્યું. ૩
સુચંજુષે તે તો, રુચિર છબિ રાજે રમકડું;
સ્વમાતા પત્ની લૈ, કર પથર કૂટે શિર ખરુ;
ન દે જો સત્શિક્ષા, ગુણ, બળ અને સત્પ્રણયને;
ન શાળા એ શાળી, શિશુ નર ન, ત્યાં વાનર બને. ૪

એ સર્વ શોચનીય પરિણામો સ્વભાષાશિક્ષણ અને નીતિશિક્ષણની અવજ્ઞાના છે.

લઘુશાળાઓથી આરંભીને મહાવિદ્યામંદિર પર્યન્ત નીતિશિક્ષણ સહિત સમગ્ર શિક્ષણ **સ્વભાષા દ્વારા** જ થવું જોઇયે. અને રાજભાષા તો તેની સહાયકારિણી ભાષા લેખે શીખાવી જોઇયે.

વળી રાજ્ય તથા ઉદાર શ્રીમંતોએ મિલીને જ્યાં સાર્વજનિક-ઔષધશાળાઓ સ્થાપી છે, તેમાં દીન જનોને વિના મૂલ્ય ઔષધિ અપાય છે. અને જ્યાં લોકહિતાર્થ એક મહાન્ પત્રાવહ વિભાગ,[1] તથા એક વિદ્યુત્સંદેશાવહ વિભાગ[2] છે, જેની વ્યવસ્થા પ્રાયઃ પ્રસંશા પાત્ર છે.

ત્યાં લોકોના ભોજનાર્થે નાનાવિધ અન્ન વ્યંજન ફળફૂલો દૂર દૂરથી બાષ્પરથો દ્વારા આવીને સર્વ કોઇને પ્રાપ્ત થાય છે, અને દેશ દેશાન્તરોથી વસ્ત્રાદિ નાનાભાતિ હૃદયંગમ પદાર્થો આવીને વેચાય છે. અહિ જ્યાં ત્યાં વિક્રયશાળાઓ જામી રહી છે. અને સ્થળે સ્થળે ઉદ્યમ અને ઉદ્યોગના તંત્ર ખીલી રહ્યા છે. વળી ત્યાં બહુએક પુસ્તકશાળાઓ, નાનાવિધ વર્તમાનપત્રો તથા માસિકો સરસ્વતીના પ્રસાદને અર્પી રહ્યાં છે. અને અનુભવી વક્તાઓ સદ્બોધને વર્ષાવી રહ્યા છે.

આમ જ્યાં બડી આનંદલીલા વર્ત્તી રહી છે. અને પંચરંગિ સ્ત્રી પુરુષોનું મનોહર ગમનાગમન થઇ રહ્યું છે; પણ જે ચડે તે પડે અને પડે તે ચડે એવા નિયમવાળી આ સંસારની ઘટમાળા છે. તેણે કરી તેત્રીશ વર્ષના પાદાર્થિક આનન્દભોગ પછી ત્યાં વિક્રમ સંવત્ ૧૯૫૨ ના વર્ષથી અનિરવચનીયા અને દુરંતા એવી મહામારી પ્રકટીને એ મોહમયીનગરી પતનને પામી છે. જેમાંથી તેનો કયારે ઉદ્ધાર થશે. તે કહી શકાતું નથિ.×'

પશ્ચિમ ભારતની સાર્વત્રિક શિક્ષણવ્યવસ્થાનો તંત્રી જેને ' ડાયરેકટર્ ઓવ્ પબ્લિક્ ઈન્સ્ટ્રકશન્, કહે છે તેને સ્થાને જ્યાં સુધી એક કુશળ દેશી વિદ્વાનને પદારૂઢ નહિ કરવામાં આવે ત્યાં સુધી એ આપત્તિઓનો કદિપણ પ્રતીકાર થવાનો નથિ.

૧. Post office. ૨. Telegraph office.

× એ મોહમયી નગરી વિષે સાર્વત્રિકશિક્ષણપ્રણાલિકાની જે દ-

મોટેજ આપણી કથાના નાયકો તેનાથી ત્રાસ પામીને ગુજરાત તથા કાઠિયાવાડમાં ઇતસ્તતઃ પ્રવાસ કરે છે. અને અહુણા આ રાજનગરમાં આવીને શેઠ શંભુપ્રસાદ નામા એક ધનાઢચ મિત્ર—જે નિપુત્ર હોઇને દત્તક લેવાનો મનોરથ કરે છે—તેને તેમ કરતાં અળસાવે છે. દાનવીર જમશેદજી નશરવાનજી તાતાનું અનુપમ ઉદાહરણ દર્શાવીને ગીર્વાણ તથા ગુર્જરગિરાના સમુદ્ધાર સારુ ત્રીશ લાખ રૂપિયા અલગા મૂકવાનું સમજાવે છે, અને જેવું બોલે તેવું ચાલે એવા પોતાના આચરણના બળથી તે મિત્રની વૃત્તિ ઉપરિ વિજય પામે છે.

મહામારીની શાન્તિ પશ્ચાત્ તેઓ, એ મોહમયીનગરીપ્રતિ પુનરાગમન કરનાર છે. અને ત્યાં વીશ લક્ષ રૂપિયાનું અનુપમ પુણ્યકાર્ય સ્વહસ્તે કરવાનો તેમનો સંકલ્પ છે.

અથ શ્રી કરુણાપ્રસાદજી સ્વરૂપ વર્ણન.—

આ ગ્રંથના રામલક્ષ્મણોપમ એવા નાયકયુગલમાંથી શ્રી કરુણાપ્રસાદજીની તનુમનછબિનું ચારુ ચિત્ર અત્ર પ્રથમ આલેખાય છે. શ્રીમાન્ કરુણાપ્રસાદજી આજથી પાંત્રીશ વર્ષ પૂર્વે શ્રીસુદામાપુરીમાં

વ્યવસ્થા થઇ છે તેથી કન્યાકુમારના મનોભુવન વિષે મરકી—મહામારી ચાલી રહી છે; અને સાર્વત્રિક મળમૂત્રપ્રણાલિકા જે અહુણા 'ગટર' નામથી પ્રખ્યાત છે તેની દુર્વ્યવસ્થા થવાથી તે સર્વના તનુભુવન વિષે મરકી ચાલી રહી છે

ઉભયા મરકીઓ ત્રાસ ત્રાસ વર્તાવી રહી છે. અંતરમાત્ર એટલોજ છે જે એક ગૂઢા રહીને તે સાક્ષરનેજ જણાય છે. બીજી પ્રસિદ્ધા થઈને તે સર્વ કોઇને જણાય છે.

જન્મ્યા હતા. બે વર્ષના લઘુ વયથી જ તેઓ પોતાના પિતા વ્રજરાયજીની સંગે એ મોહમયીનગરીમાં આવી વસ્યા હતા.

તેઓ ધર્મે અદ્વૈતવાદી, કર્મે વ્યાપારી, અને જ્ઞાતે બ્રહ્મક્ષત્રી હતા.

જેમનું શરીર ગૌર, કાન્તિવત્ પણ અતુંગ અને ક્ષીણ હતું. ચક્ષુ વિશાળ, તથા નાસિકા તીક્ષ્ણા હતી. અને બુદ્ધિ કુશાગ્રા તથા તેજસ્વિની હતી. એઓ વીશ વર્ષનાં વયે 'બી. એ.' પદવી ધારણ કરચા પછી ક્ષયરોગ લાગુ પડચાથી, અભ્યાસ છોડી દઈ વ્યાપારકાર્યમાં પડચા હતા.

તેઓ પોતાની જ્ઞાતની એક શ્રેષ્ટકુલસંભવા રૂપવતી કન્યાને પરણ્યા હતા. જેને ઉદરે તેમને બે પુત્ર અને બે દુહિતા થઈ હતી.

વ્યાપારમાં તેજસ્વિની બુદ્ધિ અને સમ્યગ્ ઉદ્યોગબળથી તેમને બહુ ધન પ્રાપ્ત થયું. પણ તેમની સ્ત્રી જ્ઞાનલવવિદગ્ધા હોઇને મહા ક્લેશકારિણી હતી. તેણે પુત્રોનાં શિક્ષણકાર્યમાં વિઘ્ન કરીને તેમનું એવું લાલન કર્યું જે તેઓ પ્રાયઃ અભણ જેવા નીકળ્યા.

દુહિતાઓ પણ માતૃસ્વભાવને અનુસરી જ્ઞાનલવવિદગ્ધા જ રહી. અને કર્મસંયોગે તે ઉભયને વહેલું વૈધવ્ય પ્રાપ્ત થયું.

એક પાર્શ્વે પોતાને અંગે ક્ષયરોગ, અને બીજે પાર્શ્વે દુઃખરૂપ એવું ગૃહસૂત્ર જોવામાં આવતું ગયું; તેથી તેમની કાયા વિનાગ્નિ બળીને તેમને અનુભવવૈરાગ્ય પ્રાપ્ત થયું હતું. ઘરમાં પ્રસન્નતાથી રહેવાને કોઇએ વ્યક્તિનું આકર્ષણ નહિ. અને ક્ષયરોગને લીધે ત્યાં ન રહેવાની વૈદ્યરાજે પણ સૂચના કરી હતી. તેથી શ્રી આનન્દસાગર મહાશયની પેઠે સ્વચ્છ પવનાશનને સારુ તેઓ વનોપવનમાં વિચરતા. અને બહુ કરી ચરણવ્યાયામથી પોતાનું આરોગ્ય રક્ષતા.

એ પુરુષ ધીર વીર અને એક ઉચ્ચપ્રતિના વિદ્વાન્ હતા.

અને ગૃહ, રાજ્ય, સાહિત્ય, તથા ધર્મ્મ સંબંધિ વિષયોમાં ઊંડા ઊતરીને તેઓ પરમશૈત્યથી વિદ્વન્મણ્ડલમાં પરામર્શ કરતા.

અભિષ્વંગરંગ અંગેઅંગ વ્યાપ્ત હોવાથી તેઓ સદૈવ બંધુકલ્યાણ પરત્વે મથતા, અને આચાર વિચારમાં શ્રી આનન્દસાગર મહાશયને શ્રી જનકરાજાનો અવતાર માની અનુસરતા. જેમને સદૈવ સાક્ષાત્ સરસ્વતીના જેવું માન અર્પતા.

એમની પાશે માતૃધન તથા સ્વપરાક્રમથી ઉપાર્જિત એકત્રન્દશ લક્ષનો સંગ્રહ થયો હતો. જેમાંથી બે લક્ષ પોતાના નિર્વાહાર્થ રાખી અવશિષ્ટ સર્વ શ્રી આનન્દસાગરમહાશયના સંકલ્પિત પુણ્યકાર્યમાં અર્પી દીધું હતું. અને અવે જીવિતશેષનો વિનિયોગ કેવળ આત્મકલ્યાણમાં કરવા ઇચ્છતા હતા.

અથ શ્રી આનન્દસાગરમહાશયસ્વરૂપવર્ણન.—

રાજા પ્રજા ઉભયની સન્માન સેવા કરનાર શ્રીમાન્ આનન્દસાગર મહાશય, પણ આજથી ચાલીશ વર્ષ પૂર્વે શ્રી સુદામાપુરીમાં જન્મ્યા હતા. બે વર્ષના લઘુવયથી જ તેઓ પોતાના પિતાશ્રી લક્ષ્મીપ્રસાદજીની સંગે શ્રી મોહમયીનગરીમાં આવીને વસ્યા હતા. તેઓ ધર્મ્મે અદ્વૈતવાદી, કર્મ્મે વ્યાપારી, તથા જ્ઞાતે નાગરવણિક હતા.

જેમનું શરીર ગૌર કાન્તિવત્ અને અતુંગ હતું. ભાળ વિશાળ, નાસિકા ચપટી, અને ચક્ષુ અન્તર્મુખ તદપિ તેજસ્વિ હતાં.

પોતે નિવૃત્તિની પ્રકૃતિવાળા હોવાથી ચાળીશ વર્ષના વય પછી વ્યાપારકાર્યથી ઉપરત થઈને વિદ્યાનન્દપ્રતિ વળ્યા હતા. તેઓ અવે ગૃહમાં જ વસતા. પણ આરોગ્ય રક્ષવા, બહુ વાહનસંપન્ન સતેપિ, એકાન્ત સ્વચ્છ માર્ગે પ્રાયઃ પગે જતાં આવતા.

યદ્યપિ આ વયે તેઓ શાન્ત, ધીર, અને સર્વ પ્રકારે મધ્યમ

વેગના થયા હતા. તથાપિ બાલ્યાવસ્થામાં તેમનો ગમનાગમનવેગ અસાધારણ ત્વરાવાળો હોઇને તે અન્યાન્ય મંદપુરુષ વૃન્દમે હાસ્યનું કારણ યતું હતું. મનોવેગ તો એટલોબધો તીવ્ર જે, જે વિચાર કહેવાને તેઓ ઇચ્છતા, તે અચકાયા વિના જીવ્હા કહી શકતી નહિ. અને જીવ્હા કહે છે કહે છે એટલામાં તો બીજા વિચારો આવી ઉભા રહે છે. જેને કહેવાવાનો અવકાશ ન મિલતાં તેઓ પાછા સમાઇ જાય છે.

મનનું કોમળત્વ નિરવધિ. એક વેળા સાંભળ્યું તે હૃદયમાં જાણે અંકાઇ ગયું. પુનઃ તે સાંભળવાનું પ્રયોજન નહિ. તેથી કોઇએ પુનઃ કથન કર્યું તો સહન થઈ શકતું નથિ.

પોતે કુશાગ્રબુદ્ધિવાન્ હોવાથી લેશ પણ ભૂલ કરતા નહિ. કેમજે તેમનાથી વિનાકારણ લેશ પણ ઉપાલમ્ભ સહન થઇ શકતો નહિ. તદપિ કદિ રંચ પણ ભૂલ થઇ તો તેના ઉદ્ધાર સૂચવનાર બાળકને પણ તેઓ માન દેતા. સન્નીતિ અને ન્યાયાચરણ પર તેમનો એટલોબધો પ્રેમ જે વિના દોષ, વિના પ્રયોજન, તે કોઇને ઉપાલમ્ભતા નહિ. તેમ કરવાની તેમને સ્પુરણા જ નહિ.

પોતે મૂળ સ્વામી તેથી સર્વ કોઈનું યોગ્ય સ્વામિત્વ હરતા નહિ. ન કોઇનો અતિચાર સહન કરે. નહિ પોતે અતિચારી થાય. તેઓ પ્રકૃતિએ *અષ્ટગુણયુત સુજન હતા. અને સર્વ સંગે માયાળુપણે વર્ત્તતા.

એ પ્રકારે તેઓ એક ઉત્તમ પુરુષ, સ્વદેશવત્સલ, સ્વધર્મવત્સલ, અને આચારવિચાર, તથા વચનમાં પ્રાચીનઆર્યપદ્ધતિના હતા.

---

* દયા, ક્ષાન્તિ, અનુસૂયા, શૌચ, અનાયાસ, માંગલ્ય, અકાર્પણ્ય, અને અસ્પૃહા.

જન્મતઃ શતાવધાનશક્તિવાળા હોઇને સ્મરણ અવલોકન અને તર્કમાં તેઓ અતુલ બળવાળા હતા. તેમણે પાંચ વર્ષના વયે સંસ્કૃત શીખવા માંડયુ હતું. અને નવ વર્ષે ગુજરાતીનો આરંભ કરી સાથે સાથે અંગ્રેજી અભ્યાસ પણ કરતા. એટલે અઢારમે વર્ષે તેમણે પરમ વિજયથી ' એમ. એ. ' ની પદવી મેળવી હતી. વીશમે વર્ષે શ્રી કાશીવિદ્વત્સમાજે તેમને ભારતમાર્તણ્ડની પદવી અર્પી. અને ચોવીશ વર્ષના વયે બહુ વિખ્યાત થતાં શ્રીમતી ભારતેશ્વરીએ તેમને મહામહોપાધ્યાયનું ઉપનામ અર્પવા માગ્યું, પણ તે ધારણ કરવાને તેમણે માનપૂર્વક ના પાડી હતી.

તેમનું વાચન વિવિધ અને વિસ્તીર્ણ હતું. તેથી પારમાર્થિક દિવ્ય શાસ્ત્રો, અને વ્યવહારાન્તરગત પાદાર્થિક, સાંસારિક અને નૈતિક અનેક પુસ્તકો તેમણે વાચ્યાં; વિચાર્યા, અને બોધ્યાં.

તેમજ પોતે સર્ગશક્તિવાળા હોઇને અનેક પુસ્તકો લખ્યાં, રાજયાભિમાન, દેશાભિમાન, ધર્માભિમાન સંબંધે અનેક ભાષણો કર્યાં.

મિથ્યા ગર્વ કિંવા પૃથ્વીના લોભ માટે યુદ્ધ-દુષ્ટ યુદ્ધ તે નર હિંસામાત્ર છે; અને પ્રજાને તેમના સ્વત્વાર્પણમાં વિલમ્બ કરવો તે આત્મઘાત છે; એમ રાજાને સમજાવ્યું. દેશ દરિદ્ર અને પરકૃત વસ્તુ દેશાન્તરોથી મગાવી ઉપયોગમાં લેવી તે દેશીય બંધુઓની હિંસા છે; અને અસનાતન પરધર્મપ્રતિ ધાવન કરવું તે નિજહિંસા છે; એમ પ્રજાને સમજાવ્યું.

તેઓ એકાન્ત સુલક્ષથી ઊંડા ઊતરીને પારમાર્થિકી તથા વ્યાવહારિકી ઉભયા વાર્તાઓ સંબધે નાનાવિધ મતભેદનો પરમશૈત્યથી પરામર્શ કરતા. અને રાજપ્રજોભયહિતવર્ધક સભાઓ સ્થાપી તેના અધ્યક્ષ કિંવા મંત્રિ સ્થાને વિરાજીને દેશને બહુ લાભ કર્યો હતો. મધ્યે મધ્યે તેઓ પોતાની સ્વવૃત્તિ જે વ્યાપારે તેની પછ-

વાડે પણ મંડયાજ રહેતા. જે વિષયમાં પણ તેમણે ડંકો વગાડયો. અંગ્રેજી અને મુખ્યત્વે કરીને અમેરિકન્ વ્યાપારીના સંસર્ગથી એ વિદ્વાન્ પુરુષ, વ્યાપારના વ્યાકરણને પારંગત થઇ એક મહાન્ અર્થવેત્તા થયા. અને ધનોપાર્જન કરવાની કળા તેમને શરણે ગઈ. પુરુષપ્રયત્ન અને પ્રારબ્ધાનુસાર તેમને દશ લક્ષ રૂપિયા અલ્પાવધિમાં પ્રાપ્ત થયા. અને તેટલાજ રૂપિયા તેમને પિતૃધન રૂપે પાછળથી આવ્યા. આમ ન્યાયોપાર્જિત ધનનો વીશ લક્ષ રૂપિયાનો તેમની પાશે સંગ્રહ થયો હતો. એમના જેવા પ્રસંગોમાં બીજા કોઇ અનીતિમંત ધનાર્થીઓ હોય તે એક કોટિ ધન એકત્ર કર્યા વિના રહે નહિ. પણ આ નિવૃત્તિપરાયણ પુરુષે ઉચ્ચ સંતોષથી 'અલ્પેન્ અલમ્' કીધું. કેમજે પોતાને અવશ્ય જોઈયે તેના કરતાં અધિક ધન સાધુ વૃત્તિવાળાને ઉપાધિરૂપ છે. અને અસાધુને તેમના વંશજો પર્યન્ત વિષરૂપ છે.

એમને યુગપત્ નહિ પણ એકમરણોત્તરા બીજી એમ ત્રણ સ્ત્રીઓ થઈ. પ્રથમા સ્ત્રીને ઉદરે એક પુત્ર થયો તે વીશ વર્ષનો યુવાન્ થઈ મૃત્યુ પામ્યો. એમ બે સ્ત્રી તથા એકનાએક પુત્રના મરણથી તેમને અનુભવવૈરાગ્ય પ્રાપ્ત થયું હતું. તથાપિ એમણે ત્રીજું લગ્ન કર્યું હતું. એઓ સમ્યક્ સમજતા જે આ સંસાર દુઃખાન્વિત હોઈને તે પ્રજ્વલન્તી શકટીઓ જેવો સંતાપકારી છે. તે આપણને સદા એક ઉત્તમ શિક્ષકનું કામ સારે છે. તેની ઉપસ્થિતિ પ્રત્યેક ક્ષણે આપણી આત્મશાન્તિ-નિજશાન્તિનું સ્મરણ કરાવે છે. અને આપણને અંતર્મુખ કરી સ્વરૂપના શીતલ સુખ પ્રતિ પાછું વળાવે છે.

એજ પ્રમાણે એમને વિપત્તિ પડતી તેને પણ એઓ કલ્યાણકારિણી સમજતા. પોતાની જઠરાગ્નિ મંદા રહેતી તેમાં પણ તેઓ સંતોષ માનતા. કેમજે તેથી ચરણવ્યાયામાર્થે પ્રવૃત્ત રહીને ઇત-

સ્તતઃ અધિકારિ સમાજને તેઓએ સ્વમુખે બોલીને જ્ઞાનપ્રદાન કરવું પડતું. તે વિના સાંઝે જમવાની રુચિ જ થતી નહિ. વળી આ તેમનું અંતિમ જન્મ હશે એવું પણ તેથી સમજાતું. કેમજે વ્યાવહારિક દીવાળુ નીકળવાને સમયે સર્વ માગનારાઓ એકત્ર ચડી આવે છે. તેવી રીતે જ આ જન્મમરણરૂપ સંસૃતિનું દીવાળું નીકળવાને સમયે સમાન વાયુ અને ઇશાન દેવ પણ પોતાનું લેહેણું પ્રાપ્ત કરવા દુઃખ દઈ લેછે; એમ તેઓએ નિર્ણય કર્યો હતો.

એ ઉદ્દાહરણીય સાક્ષરવીરે પોતાના નિર્વાહાર્થ બે લક્ષ રૂપિયા રાખી અવશિષ્ટ અઢાર લક્ષ રૂપિયા તથા સાત લક્ષ કરુણાપ્રસાદજીવાળા; સરલા વૃદ્ધિએ રાખી તેમાંથી એક મહોટું પુણ્યકાર્ય જીવન્ત જીવન્ત સ્વહસ્તે કરવાનો નિશ્ચય કર્યો હતો.*

---

* દાતારની દીક્ષા રક્ષા તળે એ પુણ્યકાર્યને "ગવાદિપશુરક્ષાવિભાગ, નિજવિચારરક્ષાવિભાગ અને ગીર્વાણરક્ષાવિભાગ એમ ત્રિધા વિભક્ત કર્યું હતું. જેમાં પ્રથમને દશ લક્ષ, દ્વીતીયને લક્ષ અને તૃતીય વિભાગને પણ દશ લક્ષ રૂપિયા અર્પેલા હતા.

એકા મહતી **ગોશાળા** બાંધીને પ્રથમ વિભાગમાં પાંચશો ગાયો તથા સહસ્ર બીજાં પશુના પાલનનો પ્રબંધ હતો. જ્યાંથી નિત્ય દીનજનોને અર્થે વિનામૂલ્ય છાશ આપવાનો સંકલ્પ હતો.

દ્વિતીય વિભાગમાં એક વિશાળ **અન્નક્ષેત્ર** બાંધીને તેમાં દોઢસો કૃતપરીક્ષ પરમહંસ પરિવ્રાજકાચાર્યોના પાલનનો પ્રબંધ હતો. એ મહાત્માઓમાંથી દશ વ્યક્તિએ નગરમાં નિયત સ્થળે નિત્ય પ્રભાતે અને સાયંકાળે શ્રવણ કરાવવું; નેવુ વ્યક્તિએ **પશ્ચિમ ભારતની** મુખ્યા મુખ્યા નગરીઓમાં તેજકાર્યાર્થે વિચરવું; તથા અવશિષ્ટ પચાશે નિજવિચારનાં પુસ્તક જોવાં, લખવાં, તથા મુદ્રાવવાં તેમજ **વેદશાળાના** વિદ્યાર્થીઓને ભણાવવા; એવો પ્રબંધ કર્યો હતો.

જીવાત્મા અને પરમાત્મા

અથવા

આત્મશ્રેયસ્કર તારક પ્રશ્નો.

ગ્રીષ્મ ઋતુના એક સુન્દર પ્રભાતે શ્રી આનન્દસાગર મહાશય તથા શ્રી કરુણાપ્રસાદજી ચરણવ્યાયામ અને અમલ પવનાશન માટે, રાજનગરસ્થ *મંડનપુર સમીપનાં એક એકાન્ત પ્રદેશપ્રતિ જતા હુવા. જ્યાં એક રમ્યા જાંબુવાટિકાને વિલોકીને તેઓ તહિંજ દર્ભાસનપર બેસી જ્ઞાનચર્ચાપરાયણ થયા.

જેમનું અપ્રતિમ દર્શન પામીને સર્વ જાંબુવૃક્ષો, આમ્ર વૃક્ષો તેમજ કદલી વૃક્ષો જાણે અતિ હર્ષમાં આવી ગયા હોય તેમ આંદોલવા લાગ્યા. અને જેમ અહલ્યા સતીનો શ્રી રામચંદ્રજીના પાદ સ્પર્શથી મોક્ષ થયો હતો તેમ આ દિવ્ય પુરુષની દિવ્યા વાણીને શૃણીને અમારો પણ મોક્ષ થશે એવું માની તેઓ એમની જ્ઞાનચર્ચાને શ્રવણાભિમુખ થતાં હોય એમ નમ્યા.

ઉત્તમતમા આત્મ જ્યોતિનું વર્ણન છે જેમાં, એવી તેમની ઉત્તમતરા વાણી જ્યોતિના પ્રભાવને અનુભવીને, તેમાંથી કનિષ્ટ

તૃતીય વિભાગમાં એક મહતી વેદશાળા બાંધીને તેમાં બશો વિદ્યાર્થીઓનું પાલન કરી ત્યાં સંસ્કૃત શીખવવાનો પ્રબંધ કર્યો હતો. એમના નિર્વાહ કરતાં અવશિષ્ટ જે વધે તે સંસ્કૃત પુસ્તકના શોધન, મુદ્રણ તથા જીર્ણોદ્ધારમાં વાપરવાનું નિયત કર્યું હતું, એટલુંજ નહિ કિન્તુ પ્રતિવર્ષ શાસ્ત્રાર્થ કરવાસારુ સ્થાનાંતરોથી પણ્ડિતોને બોલાવવા, ઉતારવા તથા સન્માનવા; તેમજ અખિલ ભારતમાંના જે જે સંસ્કૃત વિદ્યાર્થીઓ ઉત્તીર્ણપરીક્ષ થાય તેમને પણ્ડિતાદિ પદવીપ્રદાન કરવાનું નિયત કર્યું હતું.

* અહુણા 'માદલપુર' એ નામે પ્રસિદ્ધ છે.

જ્યોતિ જે સૂર્યદેવ તે વાદળ દલમાં સલજ્જ પ્રવેશીને સ્તબ્ધ થયા. પવનદેવ અક્રીય થયા, અને પૃથ્વી પર ઉષ્ણતાનું પરિબળ જામ્યું.

એવામાં વળી પાશેના એક ગંભીર કૂપના કોષના ચક્રમાંથી ઊઊઊ નો અત્રુટિત ધ્વનિ નીકળતો હતો. તે જાણે કોઈ ભર્તૃહરી સરખા મહારાજાને સંસારમાં દોષદૃષ્ટિ થવાથી તે પોતાના રાજ્યપાટને ત્યજીને યોગી થતા હોય, તે સમયે ધનંવસ્ત્રાલંકારરૂપ સર્વ પરિગ્રહ છંડતા આવે, પણ તે તેના કાયર અનુચરને ન ગમતું હોઇ તેમ, આ કોષને પણ એ વિશાળ કૂપની જળોપાધિને વારંવાર ઢોળી દેતાં કાયરપણું આવ્યું છે તેથી ઊઊઊના સ્વરથી તે વિલપે છે એમ લાગતું.

તદનંતર આમ શૈથિલ્યને પામેલી અખિલા પ્રકૃતિ કરુણાર્દ્રા થઇને વર્ષી. અને ત્યાં પરમશીતલતા સંભવતાં આ બે દિવ્ય માનવી પરસ્પર દિવ્ય પ્રસંગને ભણી પ્રહ્‌લાદને પામતાં હવાં. એ પ્રસંગ નીચે પ્રમાણે.-

આ૦—ઇશ્વરને કેવે રૂપે અને કેવાં વિશેષણવાળો માનો છો ?

ક૦—તે સર્વ શક્તિમાન્, સર્વ વ્યાપક, અજ, અજર, અમર, અવિનાશી અને આનન્દરૂપ પરમાત્મા છે.

આ૦—એવાં વિશેષણયુક્ત મહાસ્વરૂપની પ્રાપ્ત્યર્થ તેણે કંઈ સુક્રિયા વા પુણ્યનું અનુષ્ઠાન કર્યું હતું ?

ક૦—ના. એતો સ્વતઃસિદ્ધ મૂળથી એવા જ છે. એમ હોવામાં કાંઈ સુક્રિયા વા પુણ્યની આવશ્યકતા નથિ.

આ૦—જીવને કેવે રૂપે અને કેવાં વિશેષણવાળો માનો છો ?

ક૦—તે અલ્પશક્તિમાન્, પરિછિન્ન, જન્મવાન્, જરાવાન્, મર્ત્ય, નાશવાન્, અને દુઃખરૂપ છે.

આ૦—એવાં વિશેષણયુક્ત તુચ્છ સ્વરૂપના ઉદ્ભવ માટે તેણે કંઈ દુષ્ક્રિયા વા પાપાચરણ કર્યું હતું?

ક૦—ના!

આ૦—ત્યારે ઈશ્વર અને જીવના સ્વરૂપ સંબંધે આવું વૈષમ્ય કેમ્?

ક૦—કારણ જીવ અને જગત્ ઇશ્વરનાં રચિત કાર્ય છે.

આ૦—યદિ જીવોને રમકડાંની પેઠે અનાત્મા બનાવીને તેણે આ જગદ્રચના કરીહોય તો પછી પાપપુણ્ય માટે જીવોપ્રતિ ઈશ્વરની લેશપણ પ્રષ્ટવ્યતા રહેતીનથિ, અને તે એક મોટો રમતિયાળ ગણાય.

ક૦—ના. તેણે જીવોને આત્મરૂપ બનાવ્યા છે, અને પાપપુણ્ય માટે જીવોપ્રતિ ઈશ્વરની પ્રષ્ટવ્યતા પૂર્ણપણે છે.

આ૦—ત્યારે તો ઇશ્વર એક બહુજ અકુશળ કળાવિદ ગણાવો જોઇયે. કારણ, જીવો જરાવંત, મર્ત્ય, નાશવંત અને દુઃખરૂપ છે એમ તમે માનો છો. અને તેવા ઇશ્વરે તેમને સરજયાછે.

ક૦—ના. ઇશ્વર જીવોના આત્માનો કર્તા નથિ. તેતો માત્ર તેમનાં શરીરોનો કર્તા છે. અને શરીર ઈશ્વરના નિયમોને અધીન છે. જીવોનો આત્મા સ્વતંત્ર છે.

આ૦—ત્યારે તો જીવોના આત્માને પણ અજ, અજર, અમર, અવિનાશી અને આનન્દરૂપ માનવામાં શો બાધ છે? એમ હોવામાં કંઈ સુક્રિયા વા પુણ્યની આવશ્યકતા નથિ, એમ આપે પૂર્વે જં કહ્યું છે. પરમાત્માની પેઠે જીવોનો આત્મા પણ અજ, અજર, અમર, અવિનાશી અને આનન્દરૂપ એમ સ્વતઃસિદ્ધપણે કાં નહિ હોય?

ક૦—સાધુ. પણ ઇશ્વર તો સર્વ શક્તિમાન્ છે.

આ૦—એ સર્વશક્તિના સ્વરૂપને વિચારો. તે આ સૃષ્ટિ, અ-

થવાં જેને જગંત્ કહે છે તે સંબંધીની છે, વા બીજી કંઈ?

કુ૦—તે જ.

આ૦—અવે એ જગત્‌ના સ્વંરૂપને વિચારો. તે બહુ અપેક્ષાવાળું દરિદ્ર, અને દુઃખાન્વિત; અસ્થિર, વિકારવત્; તથા રોગ જરા અને કાળને અધીન હોઇને નાશવત્ છે. તેમાં તાપકારિણી તૃષા હોઇને તેના નિવારણાર્થે જળાદિ છે; દુઃખકારિણી ભૂખ હોઇને તેની શાન્ત્યર્થ અન્નફળાદિ છે; ઇત્યાદિ. પણ એ તો પ્રથમ કીધેલા જ મળને દૂર કરવાને માર્જની જેવું છે. એમાં વિશેષ લાંભપ્રદ શું છે? એ સંબંધે **સર્વશક્તિ** તેના ધારણ કરનારના મહિમામાં જાય છે ખરી?

કુ૦—ના. પણ ઇશ્વર તો સર્વવ્યાપક છે.

આ૦—પૂર્વે દર્શાવ્યું તેમ બહુદોષાન્વિત એવું આ જગત્ એ તુચ્છ વ્યાપ્ય છે. તે વિષયે **વ્યાપકતા** હોવી, એ કંઈ મહિમાનું કારણ છે? પ્રત્યુત જો જગત્ સત્ય હોત તો એ વ્યાપકતા દૂષણરૂપા ઠરત.

કુ૦—વારૂ, પણ એ જગત્ અથવા સૃષ્ટિ શું હશે?

આ૦—સૃષ્ટિ એ ઇશ્વરકૃતકલ્પનાનો સમૂહ છે, જેને કારણભૂત ઈશ્વરનો સમષ્ટિઉપાધિ છે.

કુ૦—ત્યારે જીવકૃત કલ્પના એ શું છે?

આ૦—તે જીવસૃષ્ટિ છે; જેને કારણભૂત જીવનો વ્યષ્ટિઉપાધિ છે.

કુ૦—સાધુ. એ સર્વશક્તિમત્ત્વાદિ ઈશ્વરના મહિમાનું કારણ નથી. પણ ત્યારે તેનો મહિમા શામાં છે?

આ૦—ઇશ્વરનો મહિમા તેની અમૃતા મહાકાળરૂપતા—સદ્રૂપતા, જ્ઞાનઘના ચૈતન્યરૂપતા, અને અનુપમા આનંદરૂપતા—એટલે જ પરમાત્મરૂપતામાં છે. અને જીવનો મહિમા એવાં જ વિશેષણયુક્ત તેની આત્મરૂપતામાં છે.

કુ૦—એ सत्-चित्-आनन्द-रूपता, પરમાત્માં અને આત્માના ત્રણ ગુણો છે ?

આ૦—નહિ. પરમાત્મા અને તેમજ આત્મા નિર્ગુણ છે. શબ્દ ગૌરવે કરીને ત્રણ, પણ અર્થલાઘવે કરી એક જ आनन्दरूपता એ તેનું સ્વરૂપ છે.

કુ૦—સાધુ. પણ પરમાત્મા અને આત્મા એક બીજાથી ભિન્ન તો ખરા ?

આ૦—તુચ્છ અને મૃષા એવા ઉપાધિના ભેદેકરી તેમને ભિન્ન ગણવામાં આપના કયા અર્થની સિદ્ધિ છે ? વાસ્તવમાં અને સ્વરૂપતઃ તો તેઓ એક જ છે.

કુ૦—સાધુ સાધુ ! આનન્દસાગર મહાશય ! આપના નિર્મળ વિજ્ઞાનતરંગમાં અવગાહન કરીને હું કૃતકૃત્ય થયો. આપે કરુણા કરી જે આત્મિક ભોજનપાનનો પ્રસાદ મને આજે પ્રદાન કર્યો છે તે શ્રી જ્ઞાનમુદ્રાકાવ્યાન્તરગત આ પદ્યમાં વર્ણેલી પ્રતિનો છેઃ—

शार्दूलविक्रीडित वृत्त.

जे खाधागछी भूख कें नव रहे, तृष्णा न पानान्तरे;
भागेछे यमकिंकरो सभय थै, पाछा ज स्थानांन्तरे.

इति श्रीमदानन्दनन्दनेन पानाचंदेन निर्मितस्य श्री सूर्यकान्तस्य प्रथमा प्रभा.

ૐ

અથ શ્રી સૂર્યકાન્ત અથવા નિજવિચાર સંક્ષેપ

દ્વિતીયા પ્રભા પ્રારંભઃ

*મનુષ્ય એ જ દેવ અથવા માનવદિવ્યતાનું આનન્દપ્રભાત.

વર્ષાઋતુના એક ઉત્સાહવર્ષિ પ્રભાતે શ્રી આનન્દસાગર મહાશય અને શ્રી કરુણાપ્રસાદજી ચરણચ્યાયામાર્થ, રાજનગરના ઉપવનમાં જતા હવા.

ચરણક્રિયાશ્રાન્ત, શીતલવનપવનલુબ્ધ, તેઓ સાભ્રમતિતીરની ધવલવાલુકાના સૌંદર્યે આકર્ષાઇને ભૂમિને પવિત્રાસન માની ત્યાં બેઠા.

અનન્તર પ્રસન્નમાનસ એવા શ્રી આનન્દસાગર મહાશયની ભદ્રા મુદ્રાથી ઉત્તેજત થઈ શ્રી કરુણાપ્રસાદજી તેમની પ્રતિ આ પ્રમાણે ધ્વાન્તનિવારક પ્રશ્નો કરવા લગ્યા.

ક૦ આજે અહુણા મારી પ્રકૃતિ ઉત્સાહવતી વર્ત્તે છે તે કિમ્મૂલિકા હશે ?

આ૦ તે દેહભાવસ્થ અજ્ઞાનમૂલિકા છે. અભિનવ વનપવને કરીને હૃદયયંત્રદ્વારા તમારા શરીરમાં રુધિરાભિસરણ સર્વાંગ સમ્યક્

---

* આ વિષય સુદર્શનમાં મુદ્રિત થયો હતો ત્યાં અમારી પ્રતિજ્ઞા એ હતી જે આ ગદ્યમાં સંસ્કૃત કોષમાં ન પ્રવિષ્ટ થયેલો એવો કોઇ ફારસી-અરબી શબ્દ, જે કોઈ દેખાડશે તેમાંથી એ શબ્દ પ્રથમ દેખાડનાર ગૃહસ્થને એક શબ્દ માટે એક સુદર્શન એક વર્ષ પર્યન્ત; અને અધિક શબ્દ માટે એક સુદર્શન બે વર્ષ પર્યન્ત ભેટ આપવામાં આવશે. અને અવે આ સંપૂર્ણ ગ્રંથવિષે પણ અમારી તેજ પ્રતિજ્ઞા છે.

પ્રકારે થાય છે. તમારાં તનુમન વિષે કોઈ પણ જાતિના ક્લેશનો અહુણા અભાવ છે. અને તમારી ત્રિવિધા સંતાપકારિણી ભાવનાઓ વિસ્મૃતિનાપટમાં અંતર્ભૂતા રહીને અહુણા અનુદ્‌ભૂતા જેવી છે, તેનો એ પરિણામ છે. વળી તમારી નિત્યપ્રલયરૂપા ગતરાત્રિની નિદ્રા એની જનની છે. પૂર્વા જાગૃતિના દુઃખાનુભવથી શ્રાન્ત થયેલું તમારૂં અજ્ઞાન, નિદ્રારૂપી વિશ્રાન્તિને પામીને પુનઃ સજીવન થતાં તમારે અર્થે ઉત્સાહને અર્પે છે.

સમષ્ટિઅજ્ઞાન, દીર્ઘકાલાવચ્છિન્ન પ્રલયે કરી વિશ્રાન્તિને પામીને પુનઃ સજીવન થાય છે તદ્વત્.

ક૦ સમ્યક્. પણ અહુણા મારી વૃત્તિમાં આનન્દ પ્રવર્ત્તે છે તે કિમ્મૂલક હશે? મને લાગે છે જે ચુલ્ ચુલ્ શબ્દના મંજુલ રવે કરી શબ્દાયમાના એવી આ સરિતાના નિર્મળ અને ધવલ જલપ્રવાહને નિરીક્ષીને; નાનારંગિ પક્ષીઓના મધુર અને સંગીતમય કલ્લોલ શૃણીને; તેમજ અનન્ત રશ્મિવાન્ સૂર્યની ઉદયકળાનો વૈભવ વિલોકીને મને આહ્લાદ થાય છે. અહિ વિવિધ પરિમલ અર્પન્તા રંગવિરંગિ કુસુમવૃક્ષોનું મંદ મંદ આંદોલન, તહિ હ્યા હરિણીઓનું મનોહર ધાવન, અને અન્યત્ર સુવર્ણ ચંચુવાળાં લલિત પક્ષીઓનું ઉડવું ઈત્યાદિ, ઈત્યાદિ; એ રૂપે અહો! આ સૃષ્ટિસૌંદર્યનું સમાલોચન કેવું આનન્દપ્રદ છે?

આ૦ પૂર્ણ! અધિક વિસ્તરે કરીને શું? એ સર્વ ભેદવાદિ ભોળાઓના જેવો વ્યામોહ માત્ર છે. જેઓ નિરંતર વિકારવતી અને તુચ્છ એવી આ સૃષ્ટિમાં સૌંદર્યાભાસને જોઈ આનન્દિત થાય છે. અને પછી ઈશ્વરને તેનો કર્ત્તા માની તેની સ્તુતિ કરવા બેસે છે. એ ઈશ્વરનિન્દા વિના બીજું શું છે? એ નિર્બલ સરિતાજલ, ક્ષુદ્ર કુસુમવૃક્ષ, અને અજ્ઞ પશુપક્ષીઓ, સ્વયં નિરાનન્દ હોઇને તમને આ-

નન્દપ્રદ હોય તે કેવળ ભ્રમણા જેવું છે.' જો તે સત્ય હોય તો તમે એમની સન્નિદ્ધિમાં જ આજનો અખિલ દિવસ ગાળજો. એટલે અહુણા જે જે આનન્દપ્રદ ભાસે છે તે પછી કેવાં શોકપ્રદ થાય છે તે સ્પષ્ટ જણાશે.

ક૦ ત્યારે મારા પ્રસ્તુત આનન્દનું કારણ શું ?

આ૦ ઇચ્છેલા પદાર્થની પ્રાપ્તિજન્ય તમારૂં મનઃસ્થૈર્ય અને તે દ્વારા તમારી આત્મસ્થતા–સ્વરૂપસ્થતા-આત્મસંભોગ એ જ.

ક૦ તે કેમ ?

આ૦ અનન્તમંગળ એવો તમારો આત્મા (સ્વસ્વરૂપ) સદૈવ માધુર્યનો એક અપાર મહાસાગર છે. તે નિર્મળતાનો સ્ફટિકમણિ અને સર્વોત્કૃષ્ટ સૌંદર્યનો મહાન્ સૂર્ય છે. તે આનન્દમંદાર, જ્ઞાનઘન-ભાણ્ડાર, અને સાતત્યનો નિરવધિ ટઙ્કાર છે. બૃહત્તાનું નિઃસીમ અંડ, સંતોષસુરતરુ, અને પૂર્ણતાનો અખંડ અધિવાસ છે. અજ્ઞાને કરી તમે તેથી (આત્માથી) વિચ્છેદ પ્રામ્યા જેવા છો. તેથી આત્માલિંગન–આત્મસંભોગ, એટલે જ સ્વરૂપસ્થતાની તમને અજય્યલિપ્સા છે.

ત્રિભુવનમાં વા ચૌદ ભુવનમાં અપિ આત્મસદૃશ એકે વસ્તુ નથિ. અને તેની મહત્તા કોઈને પણ અંગે નથિ. પરન્તુ તે મહત્તાની છાયાને સત્ય માની પદાર્થપ્રાપ્તિપ્રસંગમાં જ્યાં જ્યાં મનુષ્ય વિરમે છે ત્યાં ત્યાં તેનું નિગ્રહસ્થાન થાય છે. એટલે ત્યાં તેનું મન પદાર્થાકાર ટળી સ્વરૂપાકાર–આત્માકાર થાય છે. અને તેને જ આત્મસંભોગ કહે છે.

અવે મન આત્માકાર થાય છે, અને આત્મા આનન્દરૂપ છે માટે આનન્દ થાય છે. પરન્તુ તે વિદ્યુત્ત્વરા કરતાં પણ અધિકતમા ત્વરાએ થાય છે. તેથી પદાર્થ વા આત્મા ઉભયમાંથી કોનો સંભોગ આનન્દપ્રદ છે તેનો, તીવ્ર પુરુષ વિના સર્વ કોઇને વિવેક રહેતો નથિ.

ક૦ ત્યારે શું પદાર્થ સુખપ્રદ નથિ ?

આ૦ નહિ જ. પદાર્થ આદ્યન્ત અને મધ્યમાં સર્વથા દુઃખાન્વિત છે. તેઓ અનેક કટુ ફલોના ફલરૂપ વૃક્ષો છે. થોડાએક અનુભવ પછી વિદ્વાનને એ ત્વરિત હસ્તામલવત્ થાય છે. કેમ જે જો તેઓ (પદાર્થો) સુખપ્રદ (આનન્દપ્રદ) હોય તો તેમની આપણા સંગમાં સ્થિતિ સતે તેમનાથી અત્યન્ત દુઃખ કેમ ઉદ્ભવે છે?

ક૦ ભેદવાદીઓ તો એમ સમજાવે છે જે પદાર્થોનો આપણે યોગ્ય ઉપયોગ જાણતા નથિ તેથી તેઓ દુઃખપ્રદ—દુઃખનું કારણ થાય છે.

આ૦ પદાર્થોનો ઉપયોગ જાણો વા ન જાણો. તે કશા ઉપરિ સુખનો આધાર નથિ. જોઇયે તો આ ભૂમંડલસ્થ સર્વવિદ્યાનો સંગ્રહ તેના ભાષ્યસહવર્તમાન પઢીને બહિર્ પડો. તથાપિ પદાર્થો દુઃખને જ અર્પનારા છે. કલેશ એ જ તેમની સંતતિ છે. વળી ધન જેને લોકો સર્વ સત્તાનું કારણ માને છે તેના અભાવને જ ઘણીક વેળા તેઓ દુઃખનું કારણ જાણે છે. પણ—

*अर्थानामर्जने दुःखं । तथैव परिपालने ॥
नष्टे दुःखं व्यये दुःखं । धिगर्थान् क्लेशकारिणः ॥

માટે એ તેમની કેવળ ભ્રમણા જ છે. કદિ કુબેરભાણ્ડારીનો અખંડ ભાણ્ડાર અપિ એક સમયે કોઇને અધીન હોય તથાપિ દુઃખનિવૃત્તિ થતી નથિ.

ક૦ યથાર્થ. દુઃખનો પ્રતીકાર કરવા પદાર્થવિદ્યા અને ધન, કોઇએ સમર્થ નથિ. જો તે સમર્થ હોય તો પછી સાર્વભૌમ રાજાઓને કદિ દુઃખ જ ન રહે.

---

* ધનને સંપાદન કરવામાં બહુ કલેશ છે. તેમજ તેના રક્ષણમાં પણ કલેશ થાય છે. તે નષ્ટ થાય તો એ દુઃખ અને વપરાઈ જાય તો એ દુઃખ. એમ આદ્યન્ત તે દુઃખરૂપ જ છે.

પણ પદાર્થસંગમાં દુઃખ કિમ્ અને કેમ ઉદ્ભવે છે?

આ૦ પદાર્થો અસ્થિર, અસુંદર અને અનિત્ય છે. તેથી તેઓ જડ, કલ્પિત અને વસ્તુતઃ મૃષા છે, માટે.

અને અસ્થિરને સ્થિર, અસુંદરને સુંદર, તથા અનિત્યને નિત્ય; અથવા સંક્ષેપમાં મૃષાને સત્ય જાણી પરમ વિશ્વાસપૂર્વક તેમનાપ્રતિ પ્રેમ સ્થાપન કરવામાં આવે છેઃ ત્યાં તેમની વિકૃતિ કિંવા વિનાશસમયે આશાભંગ થવાથી આત્મવંચન થવાનો જે અનુભવ થાય છે તે દુઃખનું સ્વરૂપ છે.

અતએવ પદાર્થોને પ્રેમાસ્પદ ન કરી, નિત્ય, સ્થિર, અને પરમ સુંદર એવા નિજાત્મતત્ત્વને જ પરમ પ્રેમાસ્પદ કરવાથી દુઃખનિવૃત્તિ અને આનન્દલાભ થાય છે.

જેમ અશ્વ મટીને ગર્ધવ, અને ગર્ધવ મટીને અશ્વ થતો નથિ. તેમ સત્ય કદિ મૃષા થતું નથિ. અને મૃષા કદિ સત્ય થતું નથિ. વળી જેમ બેને બે ચાર જ થાય છે કદિ પાંચ થતા નથિ. તેમ

જે સત્ય તે સુખરૂપ । અને જે જે મૃષા તે તે દુઃખરૂપ ॥

એ પરમ સિદ્ધાન્ત છે. એનો ભંગ કરવાને કોઇએ સમર્થ નથિ. મનુષ્યમંડળમાં પણ્ડિત, શ્રીમન્ત, વા રાજા; સાક્ષાત્ શિવ, વિષ્ણુ વા બ્રહ્મા; અને શકિત વા સૂર્ય, કોઈએ સમર્થ નથિ. **માટે પદાર્થ શોકતંતુ છે અને આત્મા આનંદરૂપ—આનંદકંદ છે.**

ક૦ યથાર્થ પદાર્થ શોકતંતુ હોઇને તે આનન્દપ્રદ વા સુખરૂપ નથિ. પણ આત્મા જ (સ્વસ્વરૂપ જ) *આનન્દપ્રદ વા આનન્દરૂપ છે. એ ઉજ્જવલ સત્ય અંગીકારવાને હું તત્પર છું.

---

* વૃત્તિને લેઇને આત્મા આનન્દપ્રદ છે. પણ તે (આત્મા) સ્વયં આનન્દરૂપ જ છે.

આ૦ ભદ્ર. પણ એ આનન્દના સ્વરૂપનો તમને યથાર્થ અનુભવ છે ખરો ?

ક૦ છે જ. મહાશય આપ શૃણિયે. હું પૂર્વાવસ્થામાં અતીવ રંક હતો. મારે અન્નદંતને વૈર જેવું; તેથી સગા સ્નેહી અને મિત્રગણથી ત્યકત એવો હું હતમાન રહીને માત્ર એક વિદ્યાપઠનમાં કાળ નિર્ગમતો હતો.

વળી અમારી જ્ઞાતિમાં એક ગૌરવર્ણી, અને કમલવદની એવી મનોરમા કન્યા હતી. કોઈ સમયે રાજમાર્ગમાં અને કોઈ સમયે અત્ર તત્ર એ ગજગામિનીના ગમનેકરી, એ હરિણાક્ષીના કટાક્ષે કરી અને એ સર્વાંગસુંદરીના આહ્લાદકારિ દર્શને કરી હું દિઙ્મૂઢ થતો. કોકિલકંઠીનો સ્વર મને અલ્પ સ્વલ્પ કર્ણે પડતો તે, જાણે, સરસ્વતી વીણા લેઇને ગાન કરતી હોય એમ જણાતું. સારાંશમાં સાક્ષાત્ કંદર્પપત્નીની ઉપમાવતી એ ઉચ્ચકુલાભિજાતા યુવતિની પ્રાપ્તિના મદમાં હું નિજ સ્વરૂપને વિસ્મરતો. પણ હું રંકને એ રત્ન દુર્લભ, એમ જાણી, ભગ્નમનોરથ વિચરતો. એવામાં મારી માતામહી પંચત્વને પામ્યાં. અને અન્યાન્ય દૌહિત્રોની અપેક્ષાએ રૂપવાન્ તથા બુદ્ધિમાન્ ગણી મને જ પાંચ લક્ષ રૌપ્ય મુદ્રાનો સ્વામી સ્થાપી ગયાં. એ સમાચાર શૃણતાં જ મને જે મહદ્ આનન્દ થયો છે તે વાણીથી વર્ણવાને હું અશક્ત છું.

તદનન્તર, મને ધની અને સુન્દર યુવાન્ માનીને એ કન્યાના માતપિતાએ તેનો મારી સંગે સંબંધ કરી અમારા લગ્નનો સમારંભ કર્યો. લગ્નનાં મંજુલ વાદ્ય વાગતાં તે સ્વર્ગના દુંદુભિ કરતાં હું અધિક સમજતો. લોકોનો સમાજ મળતો તે હું દેવો કરતાં અધિકતર માનતો. અને જે દિને હું એ હૃદ્યા કન્યાને પરણી, પત્ની કરીને મારે મંદિરે લાવ્યો, તે દિનનો અનુપમ આનન્દ પણ વાણીએ કરી કથવાને હું અશક્ત છું.

આજે તે પ્રચુર ધન અને મનોરમાં પત્ની પણ વિદ્યમાન જ છે. પણ તે ઉભયે મને લેશ પણ આનન્દ અર્પતાં નથિ. પણ ત્યારે તેઓ તદ્વિરુદ્ધ શું અર્પે છે તે, જેમને વિષે મેં પૂર્વે અતિ ઉચ્ચ અભિપ્રાય બાંધ્યો હતો અને જેનું તદનુસારિણી ભાષામાં મેં આપની પાશે વર્ણન કર્યું, માટે લજ્જા પામીને બોલતો નથિ. વળી મારી વાસનાઓ અવે વિષયાનંદના વર્તુલમાંથી નીકળી તેમણે વિદ્યાનંદવર્તુલમાં પ્રવેશ કર્યો છે. પણ આપ મહાશયની કૃપાએ કરી આ કલ્પિત-સૃષ્ટિમાં **"जे जे मृषा ते ते दुःखरूप"** માટે એકવત્ સર્વ એવા નિષ્કર્ષરૂપ અનુભવને પામીને તે સમગ્ર વાસનાજાલથી પણ હું મુક્ત થઈશ. હું મારા પૂર્વાનુભવોથી જાતનિશ્ચય થતો જાઉંછું અને મને લાગેછે જે **पदार्थ शोकतंतु छे, अने आत्मा ज आनंदरूप छे.**

આ૦ સાધુ સાધુ અહો! દેવોને પ્રિય એવા નરપુંગવ ! તમારો નિશ્ચય સમીચીન છે; અને તે કલ્યાણને અર્પવાવાળો છે.

વળી યદ્યપિ મૃષા એવી આ સૃષ્ટિમાં અજ્ઞાનબલોદ્ભવ વિવિધ-વાસનાઓનું જાળ અતીવ દુર્વાર છે. તદપિ તમારા એ નિશ્ચયથી અભ્યાસબળે તમે તેને પણ ભેદશો.

सहस्रेभ्यः सहस्रेभ्यः । कश्चिदुत्थाय वीर्यवान् ॥
भिनत्ति वासनाजालं । केसरी पंजरं यथा ॥

જેમ કેસરી પાંજરાને ભાગી નાખે છે તેમ લોક ગણમાંથી કોઈ વીર પુરુષ એવો, વાસનાજાળને પણ ભેદી નાખે છે.

ક૦ આપના અનુગ્રહથી તેમ થશે.

આ૦ અસ્તુ. ત્યારે આજની પ્રભાતચર્યાથી તમને દુઃખનું સ્વરૂપ અને પદાર્થોની દુઃખરૂપતા; તથા આનન્દનું સ્વરૂપ અને આત્માની **आनन्दरूपता** અનુભવમાં બેઠાં.

ક૦ નિઃસંશય. પણ ત્રણ અવસ્થાયુક્ત આ દેહત્રયાદિ સમસ્ત

પ્રપંચ જે મને ભાસેછે તે શું છે? યદ્યપિ આપે 'જીવાત્મા અને પરમાત્મા' વિષયક ગઈ વેળાના સંવાદમાં મને કહ્યું હતું જે તે જીવના તુચ્છ અને મૃષા એવા ઉપાધિનું કાર્ય છે, તદપિ પુનરપિ કૃપા કરી એતદ્વિષયક વિશેષ અનુશાસન કરો.

આ૦ વિકારવાન્, અસુંદર અને અનિત્ય; દૃશ્ય અને અજ્ઞ એવા પ્રપંચના, રૂપપરથીજ જણાય છે જે તે મૃષા છે. એ પ્રપંચરૂપ નાનાત્વ, નથિ પોતાને જાણતું અને નથિ તમને જાણતું. પણ તમે તેને જાણોછો. जे जेने जाणे ते तेथी भिन्न. તેમ એ પ્રપંચથી ભિન્ન તમે આત્મા છો. સમસ્ત પ્રપંચ તમારી કલ્પના માત્ર છે. તે તમારા ઉપાધિનું કાર્ય છે, જે કલ્પાય છે ત્યારે ભાસે છે અને પશ્ચાત્ સાંત થાય છે માટે તુચ્છ છે; અસદ્રૂપ છે; વસ્તુતઃ નથિ જ. પણ તમે આત્મા सद्रूप છો.

ક૦ સમ્યક્. પણ ત્યારે અસદ્રૂપ એવા તેનાથી મને દુઃખ કેમ થાય છે (૧) અને તે દુઃખ મને શા માંટે ગમતું નથિ? (૨)

આ૦ (૧) જે નહિ તમે, અને તમારાં એવાં મિથ્યા દેહત્રયાદિને સત્ય માની તેમાં તમારૂં કલ્પિત તાદાત્મ્ય થાય છે એટલે તેનાં દુઃખોને તમે પોતાનાં દુઃખો માનો છો.

(૨) તમને દુઃખ ગમતું કિમ્ નથિ. તેનું કારણ તમે મૂળ, પરમ સુખરૂપ છો. તમારી એ ભાવના આત્મમૂલિકા છે. એ વિષે વિશેષ અતઃપર વક્ષ્યમાણછે.

ક૦ કૃપા, અને અવે હું સમ્યક્ પ્રકારે સમજ્યો જે આ દેહત્રયાદિ-સમસ્ત પ્રપંચ જે મને ભાસેછે તે સર્વ કલ્પિત, મૃષા, અસદ્રૂપ છે; જેને કારણભૂત મૃષા એવો મારો ઉપાધિ છે. હું સ્વયં सत्य सद्रूप છું.

આ૦ સાધુ. તમારો ઉપાધિ જેને કારણભૂત છે એવો સમસ્ત પ્રપંચ કલ્પિત, મૃષા, અસદ્રૂપ છે, અને તમે જ કેવળ सद्रूप છો.

એ સત્યંના નિગૂઢ, વિશેષ દર્શનાર્થે તમારા અંતશ્ચક્ષુનું અપૂર્વ ઉદ્દ્ઘાટન કરું છું. તમે સાવધાન થઈને તે ચક્ષુઓએ એની નીરીક્ષા કરો.

ક૦ કૃપા.

આ૦ બે ક્રીડાકંદુકનો એક જ કાળે એક જ સ્થળેથી ન્યૂનાધિક વેગે પ્રક્ષેપ કરચો હોય; ત્યાં નિયત સ્થળે તેઓ ઉભયે **समकाळे** વા એક બીજા પછી **पूर्वोत्तर** આવશે ?

ક૦ પૂર્વોત્તર. જે ન્યૂન વેગવાન્ છે તે અધિક વેગવાન્ કરતાં ઉત્તરકાળે, **विलंबे**, આવશે.

આ૦ એતદ્વિષયક વિમર્શના સૌગમ્યાર્થે એ ન્યૂન વેગવાનને "મંદ" સંજ્ઞા અર્પો, અને અધિક વેગવાનને "**तीव्र**" સંજ્ઞા અર્પો. અને ધારો જે **मंद**, **तीव्र** કરતાં નિયત સ્થળે પાંચ પળ વિલમ્બે આવ્યો; ત્યાં **विलंब** એ શાનો પરિણામ છે ?

ક૦ ન્યૂન વેગનો.

આ૦ સમ્યક્, પણ વેગંના સ્વરૂપની વ્યાખ્યા કરો. જો તેને કેવળ ગત્યાત્મક કહો તો તેને અંગે, ન્યૂન અને અધિક એવું વૈષમ્ય સંભવે નહિ. અને જો તેને કેવળ સ્થિત્યાત્મક કહો તો કંદુકની ધાવનક્રિયા જ સંભવે નહિ.

ક૦ વેગ, સ્થિતિ-અને ગતિ ઉભયાત્મક છે.

આ૦ સમ્યક્ પણ **विलंब** એ વેગના કયા અંશને લીધે છે ?

ક૦ સ્થિત્યાત્મક અંશને લીધે.

આ૦ યથાર્થ. પણ **मंदनी** પાંચ પળે પર્યન્તની સ્થિતિ તેના ધાવનમાર્ગમાં કોઈ એક જ સ્થળે એકીવાર જ જોવામાં આવે છે ?

ક૦ ના. તેની સ્થિતિ અખિલ માર્ગમાં સ્થળે સ્થળે ક્રમશઃ હશે.

આ૦ એમ જ. પણ એ અવલોકન અતિ સૂક્ષ્મ છે. એટલે **मंद** આપણને માત્ર ધાવન કરતો જ જણાય છે. પરન્તુ **मंदनी**

ધાવનક્રિયાના વેગની માંહે જ તેની સ્થિરતા અક્રિયતા–સ્થિતિ છે. પણ તે સ્થિતિ, ગતિકાળે નથિ. અને ગતિ, સ્થિતિકાળે નથિ. કારણ જે સ્થિતિ અને ગતિ પરસ્પર વિરુદ્ધધર્મ્મિણી છે.

કo સમ્યક્.

આo એ વાતને સ્મૃતિમાં રાખજો. વળી આ પણ શૃણો અને સ્મૃતિમાં રાખજો, જે સ્થિતિ આદ્ય છે અને ગતિ પશ્ચાત્ છે. અવે એ જ પ્રમાણે જ્યારે તમે જાગ્રદવસ્થા કિંવા સ્વપ્નાવસ્થાના વેગમાં છો; ત્યાં જ્યારે ભવિષ્યભૂતરૂપા એવી તમારી શબ્દસ્પર્શરૂપરસગંધાત્મિકા ક્રિયા અથવા કલ્પના છે ત્યારે તમારી સ્થિરતા–અક્રિયતા–સ્થિતિ નથિ.અને જ્યારે વર્તમાનરૂપા તમારો સ્થિરતા–અક્રિયતા–સ્થિતિ છે ત્યારે ભવિષ્યભૂતરૂપા એવી તમારી શબ્દાત્મિકાદિ ક્રિયા અથવા કલ્પના નથી. કેમજે તમારો સ્વરૂપસ્થા સ્થિતિ અને શબ્દાત્મિકાદિ ક્રિયા—કલ્પના પરસ્પર વિરુદ્ધધર્મ્મિણી છે. વળી તમે આદ્ય વર્તમાન રૂપ છો અને તમારી કલ્પનારૂપા એ ભવિષ્યભૂતા ક્રિયાઓ પશ્ચાત્ છે, તે પણ લક્ષમાં લ્યો.

કo સમ્યક્, પણ શબ્દસ્પર્શરૂપરસાત્મિકી અથવા સાંભળવાની, સ્પર્શવાની, જોવાની સ્વાદ લેવાની, અને સુંઘવાની ક્રિયાઓ, જે પંચજ્ઞાનેંદ્રિયદ્વારા થાય છે તેને ભવિષ્યભૂતરૂપા કેમ અને કેવા હેતુથી કહો છો?

આo એનો તમને નિગૂઢપણે અહર્નિશ અનુભવ છે જ. પણ તે સ્પષ્ટ સમજાવીને દઢાવવા, આપણે તેનો સાંભળવાની ક્રિયાથી આરંભ કરિયે. "અહો દેવોને પ્રિય એવા નરપુંગવ! તમે તે સાવધાન શૃણો"—એ વાક્યમાં "અહો! દેવોને પ્રિય એવા નરપુંગવ" એ વચનો, ભવિષ્યમાં થઈને ભૂતકાળમાં ગયાં. અને "તમે તે સાવધાન શૃણો" એ વચનો અજી સાંભળવાનાં રહે છે તેની

મધ્યસંધિમાં ચૈતન્ય આત્મા એવા તમે એકાકી, નિર્વિકલ્પ. સત્ય, વર્ત્તમાન રૂપે વિરાજો છો. એ પ્રમાણે શ્રવણાત્મિકાદિ પ્રત્યેકા ક્રિયા ભવિષ્યભૂતરૂપા છે. અને તમે તેના જ્ઞાતા સત્ય વર્ત્તમાન છો. જે વર્ત્તમાન હોય તેને જ અસ્તિત્વ છે. અને તેને જ સદ્રૂપતા છે. અર્થાત્ તેને જ "છે" એમ કહેવું ઉચિત છે. બીજા કશાને "છે" એમ કહેવું ઉચિત નથિ, ભવિષ્યભૂતરૂપ એવાં તે સર્વને અસ્તિત્વ જ નથિ.

ક૦ જય જય ! આત્મવિદ્ ! બ્રહ્મનિષ્ઠ મહાશય ! એ પરમ બોધકારિ અને મંગળપ્રદ એવા નિગૂઢ દર્શને કરી મને અતીવ આહ્લાદ થયો.

આ૦—જેમ સાંભળવાની ક્રિયા વિષે કહ્યું તેમ જ સ્પર્શવાની, જોવાની, સ્વાદ લેવાની, અને સુંઘવાની, એ ચારે ક્રિયાઓ વિષે સમજવું. એટલું જ નહિ કિન્તુ આં અખિલ વિશ્વ જે કંઇ જ નહિ પણ ભવિષ્યભૂતરૂપ એવું તમારૂં કલ્પન માત્ર છે તેને વિષે પણ એમ જ સમજવું. મેં તમને અહુણા કલ્પન માત્ર "છે" એમ કહ્યું તે કેવળ આપણા પરસ્પરના ભાષણના નિર્વાહઅર્થ કહ્યું. ખરું જોતાં ભવિષ્યભૂત એવા આ અખિલ વિશ્વને અને તેમાં કશાને "છે" એમ કહેવાય જ નહિ. વર્ત્તમાનને જ માત્ર "છે" કહેવાય. અને તે તમારા વિના બીજું કશું નથિ. અષ્ટાધ્યાયીવ્યાકરણમહાભાષ્યના કર્ત્તા ભગવાન્ પતંજલિ મુનિને આ સંપૂર્ણ વિશ્વમાં આત્મા વિના બીજું કશું વર્ત્તમાન જોવામાં આવ્યું નહિ. તેથી વર્ત્તમાનકાળની વ્યાખ્યા, માત્ર નિર્વાહઅર્થ તેમણે એવી કરી જે ભોજનના આરંભકાળથી તેની સમાપ્તિ પર્યન્તનો જે કાળ તેને વર્ત્તમાનકાળ કહેવો.

ક૦ યથાર્થ. અવે રૂપ અથવા જોવાની ક્રિયા વિષે હું આપના મુખારવિન્દથી શ્રવણ કરવા ઇચ્છું છું.

આ૦ સાધુ. ઘટપટાદિ જે જે પદાર્થ તમે જુઓ છો, અર્થા-

ત્ જે જે પદાર્થની કલ્પના તમે કરોછો તે ભવિષ્યમાં થઇને ભૂતકાળમાં જાય છે. તેના જ્ઞાતા એવા તમે એકાકી વર્ત્તમાન, સદ્રુપ, અક્રિય, સ્થિતિરૂપ, નિર્વિકલ્પ, શાન્તિરૂપ છો. જે સમયે નથિ તે પદાર્થ જોવાની ક્રિયા એટલે કલ્પના, અને નથિ તે પદાર્થ પોતે પણ.

ક૦ હું એકાકી વર્ત્તમાન, અક્રિય, સ્થિતિરૂપ, છું. વર્ત્તમાન સમયે પદાર્થોને જોવાની ક્રિયા–કલ્પના હું નથિ કરતો. પણ શું તેથી પદાર્થ પણ નાશી જાય છે ખરા ?

આ૦ મેં પૂર્વે તમને કહ્યું તેમ પદાર્થો કેવળ તમારી ભવિષ્યભૂતરૂપા કલ્પના માત્ર છે. વસ્તુતઃ તેઓ નથિ જ. ત્યારે નાશી જાય કોણ ?

ક૦ એમ કેમ ? મને તો જણાય છે જે તેઓ જે સ્થળે આપણે જોઇયે છિયે ત્યાં પનાપ સ્થિર છે. અને પછી પણ ત્યાં પડયા જ રહે છે.

આ૦ નહિ. પદાર્થને તમે સ્થિર જુઓ છો તે ભવિષ્યભૂતરૂપ તેમને કલ્પીને, તમારી તેમને જોવાની અનેકા આવૃત્તિ માત્ર છે. વળી તેઓ પડયા રહે છે એમ કલ્પીને તમે તેમને અહુણાથી જ મનોમય જોવા લાગો છો અટલે પડયા રહેશે એવો વિચાર આવે છે.

જો તમે પદાર્થને કલ્પવાની આવૃત્તિ બંધ કરી શકો તો પદાર્થો અતઃપર તમને ભાસે નહિ, પણ તમે તેમને કલ્પવાની આવૃત્તિ બંધ કરી શકવાની પ્રકૃતિવાળા નથી, તેથી અતઃપર ભવિષ્યભૂતરૂપે તે ત્યાં તમને નવીન ભાસશે.

ક૦ અતઃપર જે ભાસશે તે મૂળકલ્પનાની નવી આવૃત્તિ કેમ ગણાય ? હું એક ઘટ ઉપરિ ચિન્હ કરું. પછી તેને એજ સ્થળે સચિન્હ જોઉં ત્યારે મને સમજાય જ, જે તે મારી કલ્પનાની નવી આવૃત્તિ નથિ.

આ૦ તમે ઘટ ઉપરિ જે ચિન્હ કરશો તે પણ તમારી કલ્પના જ છે. તેથી અતઃપર જે ઘટ તમને દેખાશે તે નવી આવૃત્તિવાળો, તે ચિન્હનો પણ નવો આવૃત્ત સાથે દેખાશે.

કૃ૦ સમ્યક્, પણ બીજો કોઈ પુરુષ મારા જાણ્યા વિના એક ઘટ બનાવે અને તે અકસ્માત્ મારા જોવામાં આવે તે પ્રસઙ્ગમાં તો એ ઘટ કંઈ મારી કલ્પના ગણાય નહિ.

આ૦ શા માટે નહિ ? જેમ એક વટવૃક્ષના બીજમાં તે અખિલ વટવૃક્ષ સંપૂર્ણપણે અંતર્ભૂત છેઃ તદ્વત્ તમારી પ્રકૃતિમાં, તમારા સકળ વિશ્વની સંપૂર્ણરસરૂપતા, સૂક્ષ્મપણે અંતર્ભૂતા છે. એ રસરૂપતાના સંસ્કાર દ્વિવિધ છે–એક विस्मृतफलित અને બીજા अविस्मृत फलाभिमुख. કોઈ પુરુષે તમારા જાણ્યા વિના ઘટની કૃતિ કરી છે અને તે તમે જુઓ છો એવો જ્યાં તમને ભાસ થાય, ત્યાં विस्मृतफलित સંસ્કારે કરીને તેમ થાય છે. પણ કલ્પના તમારી જ છે. અંતઃકરણપંચક, જ્ઞાનેંદ્રિયપંચક, અને કર્મેન્દ્રિય પંચકદ્વારા જે જે જગદાભાસ તમે અનુભવો છો અને જાણો છો તે અહુણા કહેલા તમારા દ્વિવિધ સંસ્કારે કરીને થાય છે. અને તે તમારું આત્માચિત્ર–આત્મપ્રાતરૂપતા માત્ર છે. પણ અવે આપણે એ દર્શનાનુશાસનવિધાના કઠિનતર ભાગમાં આવિયે છિયે. પ્રસ્તુતમાં આપણને એટલું જ પ્રયોજન છે જે આ જગત્ તમારું કલ્પિત છે, મૃષા છે. અને તમે સ્વયં સત્ય, સદ્રૂપ છો એ વાત તમને દૃઢ હૃદયારૂઢ થાય.

કૃ૦ આ જગત્ મારું કલ્પિત છે, મૃષા છે. અને હું સ્વયં સત્ય, સદ્રૂપ છું, એ વાત આપની કૃપાથી મને સમ્યક્ પ્રકારે અનુભવમાં બેઠી.

આ૦ જેમ તમે સદ્રૂપ છો તેમ જ ચિદ્રૂપ પણ છો. એ વાર્તા યદ્યપિ તમારી સદ્રૂપતા અને આનન્દરૂપતાને અંગે, વિના કહે

તમે સમ્યક્ પ્રકારે જાણી જ. તદપિ તમારા તદ્વિષયક આહ્‌લાદજનક વિજ્ઞાનાર્થ તેનું વિશેષ કથન કરુંછું.

પંચકર્મેન્દ્રિય, પંચજ્ઞાનેન્દ્રિય, પંચપ્રાણ અને મન બુદ્ધિ સહિત જે આ શરીરમાં સત્તર તત્ત્વ છે, તેમને તમે જાણો છો. તેઓ, જડ હોઇને પરસ્પરને કિંવા તમને જાણતાં નથિ. તેઓ તમારાં કલ્પિત તેથી ભવિષ્યભૂતરૂપ મૃષા છે. અને તમે તેમના સ્વામી વર્ત્તમાન, **ચિદ્રૂપ** છો. દૃશ્ય એવો એ સમાજ તથા બુદ્ધિ અને મનના તમે દ્રષ્ટા—સાક્ષી-અથવા મનઃ સાક્ષી છો.

ક૦ સમ્યક્, અવે હું જાતનિશ્ચય થયો જે હું **સદ્રૂપ**, **ચિદ્રૂપ**, અને **આનન્દરૂપ** છું. એ કલ્યાણરૂપ સદ્‌બોધ મારા પરમ તારણનું કારણ છે.

આ૦ સાધુ. તમારા એવદ્‌વિષયક પ્રબોધની વૃદ્ધિને માટે શ્રી જ્ઞાનમુદ્રાકાવ્યાન્તર્ગત શ્રી ગુર્જરજ્ઞાનરથ એ નામક પદ્યને તેમ જ શાસ્ત્રીય આપ્ત વચનોને ભણુંછું. તમે તે અવધાનપૂર્વક શૃણીને તમારા હૃદયકમળનું ઉદ્‌ઘાટન કરો.

શ્રી ગુર્જરજ્ઞાનરથ.

વૈતાલીયવૃત્ત.

યદિ સંસૃતિ પીડતી તને, ચિત અર્પે ચિર ચારુ ચિન્તને;
નયને ધર જ્ઞાનદીપને, કળને મઙ્ગળ આત્મરૂપને.
અજરામર અદ્વિતીયને, નિજરૂપી શિવ બોધચંદ્રને;
અભયાદ્વય મોદકન્દને, લખ વેદાન્તવિચારવન્દને.
દશ ઇન્દ્રિય પંચપ્રાણત્તે, મન બુદ્ધયાદિક વેદ્ય જાણને;
જડ તે નહિ જાણતાં તને, પતિ ચૈતન્ય ! તું જાણ તેમને.
જડ વેદ્યથી ભેદ થાપ ને, લખ ગોવિન્દ નિગૂઢ આપને;

સ્મર કેવલ સાક્ષિસત્ત્વને, ઉરદીપસ્થ પ્રશસ્ત તત્ત્વને.
મન કારણ બન્ધ મોક્ષનું, ગણ બીજાઙ્કુર વિશ્વવૃક્ષનું;
ઝટ વાર વિરાગતંત્રથી.. અથવા મારણ જ્ઞાનમંત્રથી.
ક્ષણભંગુર દેહ ઇન્દ્રિયે, ત્યજ તાદાત્મ્ય વિશુદ્ધબુદ્ધિયે;
જડ વિકૃત નાશવન્તને, મમ માને કિમ શોકતન્તુને ?
મમતા ભવબીજ જાણને, ત્યજ તંત્રી તુજ તર્કતાનને;
દુખ દેખ પદાર્થપઙ્કમાં. સુખ એકાન્ત અસઙ્ગસઙ્ગમાં.
મન ઇન્દ્રિય જાણનાર જે, જડસઙ્ઘે ઇક વસ્તુ સાર છે;
ઉરચેતન જ્ઞાનગંજ જે, વિમલાત્મા પ્રિય મોદપુંજ છે.
અજ, તે નિજરૂપ આત્મને, ભજ આનન્દ અખણ્ડ બ્રહ્મને;
ટલ ચંચલ, ચિત્તખણ્ડને, મિલ આનન્દતનૂજ ચંદ્રને.
ગ્રહ શાન્તિ વિશુદ્ધ ગંધને, સજતાં નિર્મલ બ્રહ્મરંધ્રને;
નિજ સૌખ્ય-અનન્તનન્દને, બન આનન્દ સ્વરૂપમણ્ડને.

---

* माया मायाकार्यं सर्वं महदादि देहपर्यन्तम् ।
असदिदमनात्मकं त्वं विद्धि मरुमरीचिकाकल्पम् ॥१॥

---

* (૧) મહત્તત્ત્વથી આરંભી દેહપર્યન્ત સર્વ, માયા વા માયાનું કાર્ય છે, અસત્ છે, અનાત્મભૂત છે; અને તેથી મરુભૂમિની મૃગતૃષ્ણા જેવું છે.(૨) જે પોતે સર્વ પદાર્થોને જાણે છે, જેને કોઇ પદાર્થ જાણતો નથી. જે બુદ્ધિયાદિને ચેતના અર્પે છે, જેને બુદ્ધ્યાદિ ચેતના અર્પી શકતાં નથિ. (૩) એ અન્તરાત્મારૂપ અને નિરંતર અખણ્ડ સુખના અનુભવરૂપ સનાતન પુરુષ છે; સત્, એકરૂપ છે, અને જ્ઞાનમાત્ર છે. વાણી, ઇન્દ્રિયો, પ્રાણ એ એની પ્રેરણાથી જ ચાલે છે. (૪) સત્ત્વગુણમયી આ બુદ્ધિરૂપી ગુહામાં અવ્યાકૃત પ્રકાશમાન આકાશ છે અને તે આકાશમાં પોતાના પ્રકાશથી આ સકલ વિશ્વને પ્રકાશતો એવો આત્મા સૂર્યવત્ નિતાન્ત ઝળહળે છે. (૫) મન તથા અહંકારના

यः पश्यति स्वयं सर्वं यं न पश्यति कश्चन ।
यश्चेतयति बुद्ध्यादि न तद्यं चेतयत्ययम् ॥ २ ॥
एषोन्तरात्मा पुरुषः पुराणो निरन्तराखण्डसुखानुभूतिः ।
सदेकरूपः प्रतिबोधमात्रो येनेषिता वागसवश्चरन्ति ॥ ३ ॥
अत्रैव सत्त्वात्मनि धीगुहायामव्याकृताकाश उषत्प्रकाशः ।
आकाश उच्चै रविवत्प्रकाशते स्वतेजसा विश्वमिदं प्रकाशयन् ॥४॥
ज्ञाता मनोऽहंकृतिविक्रियाणां देहेन्द्रियप्राणकृतक्रियाणाम् ।
अयोग्निवत्ताननुवर्तमानो न चेष्टते नो विकरोति किंचन ॥ ५ ॥
पञ्चेन्द्रियैः पञ्चभिरेव होतृभिः प्रचीयमानो विषयाज्यधारया ।
जाज्वल्यमानो बहुवासनेन्धनैर्मनोमयाग्निर्दहति प्रपञ्चम् ॥ ६ ॥
अत्यन्तवैराग्यवतः समाधिः समाहितस्यैव दृढः प्रबोधः ।
प्रबुद्धतत्त्वस्य हि बन्धमुक्तिर्मुक्तात्मनो नित्यसुखानुभूतिः ॥ ७ ॥

વિકારોને અને દેહ ઇન્દ્રિય તથા પ્રાણોએ કરેલી ક્રિયાઓને જાણનાર, અને જેમ લોઢાને અગ્નિ અનુસરે છે તેમ તેઓને અનુસરતો આત્મા પોતે કાંઇ ક્રિયા કરતો નથિ. અને કાંઇ વિકાર પણ પામતો નથી. (૬) પાંચ હોતા જેવાં પાંચ ઇન્દ્રિયોએ વિષયરૂપી ઘૃતની ધારાથી પ્રદીપ્ત કરાતો, અને બહુ વાસના રૂપી કાષ્ઠોથી પ્રજ્વલિત થતો મનોમય અગ્નિ આ પ્રપંચને ચલાવે છે. (૭) અત્યન્ત વૈરાગ્યવાળાને જ સમાધિ પ્રાપ્ત થાય છે, સમાધિ-વાળાનેજ દૃઢ બોધ થાય છે, દૃઢબોધ વાળાનેજ બન્ધનમાંથી મુક્તિ થાય છે. અને મુક્તનેજ નિત્ય સુખનો અનુભવ થાય છે. (૮) હે શિષ્ય ! તું નિયમિત કરેલા મનથી બુદ્ધિનું સ્વચ્છપણું પ્રાપ્ત કરીને એ આત્મા હું છું એમ (આત્મપ્રચિતિ થકી) સાક્ષાત્ તર. અને બ્રહ્મરૂપે રહીને કૃતાર્થ થા. (૯) વાણીનો મનમાં, મનનો બુદ્ધિમાં, બુદ્ધિનો બુદ્ધિના સાક્ષીમાં, અને તે સાક્ષીનો નિર્વિકલ્પ પૂર્ણાત્મામાં લય કરીને પરમ શાન્તિને પામ. (એ જ સત્ય સમાધિ છે.)

नियमितमनसामुं त्वं स्वमात्मानमात्म-
न्ययमहमिति साक्षाद्विद्धि बुद्धिप्रसादात् ।
जनिमरणतरङ्गापारसंसारसिन्धुं
प्रतर भव कृतार्थो ब्रह्मरूपेण संस्थः ॥ ८ ॥

वाचं नियच्छात्मनि तं नियच्छ बुद्धौ धियं यच्छ च बुद्धिसाक्षिणि ।
तं चापि पूर्णात्मनि निर्विकल्पे विलाप्य शान्तिं परमां भजस्व ॥ ९ ॥

ક૦ જય જય! મહાશય! એ મંજુલ પદ્યોને શ્રૃણી, તેનો અર્થ વિજાનતાં મને અતીવ આહ્લાદ થયો.

આ૦ આત્મોન્નતિની એ નાની સરખી વાર્તા નથિ. અને એ પ્રબોધ નિરન્તર મનનપૂર્વક તમને હૃદયાઙ્કિત–સ્વકીય થાય તો તે કંઈ અલ્પ સલ્લાભની પ્રાપ્તિ નહિ. કેમ જે તમારી સર્વા મહતી કામનાઓમાં–અને સંક્ષેપમાં કહિયે તો તમારા સર્વાર્થમાં આનન્દ વિના બીજો કોઈ અર્થ છે ખરો?

ક૦ ના, પણ હું સ્વર્ગાધિપતિ દેવ હોઊં તો સારું!

આ૦ અને તેમાં પણ આનન્દ વિના બીજા કયા અર્થની આશાછે?

ક૦ એની જ.

આ૦ ત્યારે તમારા સર્વ ગૌણ ગૌણ અર્થોમાં આનન્દ એ જ મુખ્યાર્થ–અર્થાર્થ છે; એ સત્યને હૃદયારૂઢ કરી, પછી જુઓ. પણ તાત! તમે કહ્યું જે હું દેવ હોઊં તો સારું, તે દેવ એટલે શું?

ક૦ દેવ, સદ્રૂપ ચિદ્રપ આનન્દરૂપ પરમાત્મા છે.

આ૦ અને તમારું સ્વરૂપ કેવું છે?

ક૦ તે સદ્રૂપ, ચિદ્રૂપ અને આનન્દરૂપ આત્મા છે.

આ૦ જે સદ્રૂપ, ચિદ્રૂપ, આનન્દરૂપ હોય તે વસ્તુતઃ અજ, અજર, અમર, અવિનાશી પણ હોય જ. તે વિના સદ્રૂપતા, ચિદ્રૂપતા, અને આનન્દરૂપતા બને નહિ.

ક૦ યથાર્થ.

આ૦ પણ તમે દેવસ્વરૂપનું પૂર્ણ નિરૂપણ કરો.

ક૦ તે અજ, અજર, અમર, અવિનાશી, સત, ચિત, આનન્દરૂપ પરમાત્મા છે.

આ૦ અને તમારા આત્મા–સ્વસ્વરૂપ–નું પૂર્ણ નિરૂપણ કરો.

ક૦ તે અજ, અજર, અમર, અવિનાશી, સત, ચિત, આનન્દરૂપ આત્મા છે.

આ૦ સાધુ. અવે સ્વરૂપલક્ષણે સાદૃશ્યવાળા એ દેવ અને તમારો આત્મા તે એક જ છે વા ભિન્ન ભિન્ન? જો ભિન્ન કહો તો તેમને ભિન્ન કરનારું કયું તત્ત્વ છે?

ક૦ તેમને ભિન્ન કરનારું કોઇએ તત્ત્વ જણાતું નથિ. અને તેમનું વૈસાદૃશ્ય તો નથિ જ.

આ૦ ત્યારે તેઓ एक ज અને તુમે પણ देव ज છો.

ક૦ નિઃસંદેહ; મહાશય! આપની કૃપાજલાંજલિએ સજીવન થઇને હું જાણે કોઈ સ્વર્ગમાં બેઠો હોઊં એમ જણાય છે.

આ૦ પણ અવે નવ વાગવાનો સમય થયો, અને અવે તમને ક્ષુધા લાગી હશે.

ક૦ નહિ મહાશય! આપના વાગમૃતપાન પાશે મંને બીજા કશાની રુચિ નથિ. તથાપિ અહુણા જે શ્રવણ કર્યું તેનું વિશેષ મનન કરવા આપણે ઘેર જઇશું. અને સંધ્યાકાળે પાંચ વાગતે પુનઃ આ જ સ્થળે આવિશું.

इति श्रीमदानन्दनन्दनेन पानाचंदेन निर्मितस्य श्री सूर्यकान्तस्य

द्वितीया प्रभा.

અથ શ્રી સૂર્યકાન્ત અથવા નિજ વિચાર સંક્ષેપ

તૃતીયાં પ્રભા પ્રારંભઃ

મનુષ્ય એજ દેવ અથવા માનવદિવ્યતાનું પૂર્વાહ્ન.

સાયંકાળ થતાં કૃતસંકેત, વ્યાયામાર્થી તે આર્યગૃહસ્થો, સાભ્રમતિતીરપ્રતિ પુનરાગમન કરી તેના સુંદર પુલિન ઉપરિ આસન વાળીને બેઠા. અને ગત સંવાદના અનુસંધાનમાં સંભાષણ કરવા લાગ્યા. મધ્યે મધ્યે અન્યાન્ય મિત્રગણ અહિંથી વટાતો તેમને ભદ્ર આર્ય સંપ્રદાય પ્રમાણે, જય જય ! નમસ્કાર ! ઈત્યાદિ અવ્યય પદોએ સન્માનવું પડતું. પણ તે શ્રી કરુણાપ્રસાદજીને રુચતું નહિ. તેમાં પ્રાયઃ તેમનો પ્રમાદ જ થતો. કેમજે જેમ ચક્ષુઓમાં રંચ માત્ર રજ પણ ખુંચે છે. તેમ અલ્પતરા શંકા પણ મનઃસ્થૈર્યમાં વિઘ્ન કરે છે. યદ્યપિ શ્રી કરુણાપ્રસાદજીને પોતાની સચ્ચિદાનન્દ દેવરૂપતા વિષે કશો સંશય રહ્યો નહોતો. તદપિ નાનાવિધ પદાર્થાત્મક આ વિશ્વ અસદ્રૂપ સતે તે સદ્રૂપ કેમ ભાસે છે એવી શંકા સ્ફુરી હતી. તેણે કરી લોકોના આવવા જવાથી તેમને વિક્ષેપ થતો હતો.

શ્રી કરુણાપ્રસાદજીની પૃછાઓ આ પ્રમાણે હતી.

ક૦ (શ્રી આનન્દસાગર મહાશયને) મહાશય ! મને એક શંકા સ્ફુરીને તે મારી બળવતી શાન્તિનું હરણ કરે છે.

આ૦—શી શંકા છે બંધો !

ક૦—યાવત્ પદાર્થોનું આ સકળ વિશ્વ અસદ્રૂપ સતે તે સદ્રૂપ લાગવાનો ભ્રમ મને કિમ્ થાય છે ?

આ૦—તમને બહુ શંકાઓ સ્ફુરે તો તેને તમારા પરમ નિશ્ચયનો હેતુ જાણો. એકવાર જો તે સ્ફુરી તો તેની નિવૃત્તિ કરવામાં

જ સાર છે. અને અતઃપર જો તમે મને અજ્ઞાનનું સ્વરૂપ પૂછશો તો તે શંકા વા ભ્રમ વિના બીજું કંઈજ નથિ, એમ હું તમને કહીશ. અવે તમારા પ્રશ્નનું ઉત્તરઃ—તમને આ સકળ વિશ્વ અસદ્રૂપ સતે તે સદ્રૂપ લાગવાનો ભ્રમ થાયછે તે કેવળ દૃષ્ટિપ્રમાદ છે. અને તે જેમ એક પરમ વેગવાન્ રથમાં બેસીને તમે જતા હો તે સમયે આશપાશની ભૂમી અને વૃક્ષો જ ધાવન કરતાં જતાં હોય અને તમે તો જાણે સ્થિર હો એમ લાગે છે, તેના જેવો ભ્રમ છે. એમાં ધાવનક્રિયાજન્યા અસ્થિરતા રથને અંગે છે; પણ ભ્રમથી તમે તે અસ્થિરતા ભૂમિ અને વૃક્ષોમાં આરોપો છો. તેમજ દારષ્ટાન્તમાં સદ્રૂપતા તમારે અંગે છે; પણ ભ્રમથી તે સદ્રૂપતા અન્યત્ર આરોપીને તમે એમાંથી વિશ્વને ખડું કરો છો.

એ વિશ્વ કેવળ કલ્પિત અને મૃષાછે. એટલું જ નહિ કિન્તુ તત્વતઃ વિચાર કરીને જોવા જતાં તેની સિદ્ધિ જ થતી નથી. પણ એકવેળા અસદ્રૂપ વિષે સદ્રૂપ એવી ભ્રમણા થઈ, અને તેનો ઉદ્ધાર કરવામાં પ્રમાદ કર્યો, તો પછી તે બીજા જન્મ પર્યન્ત ચાલેછે. જ્યાંથી વધતાં વધતાં તે જન્માન્તરોના અધ્યાસરૂપે પરિણમે છે. અને તે સાધારણ મનુષ્યોને તો પછી પરમ સત્યજ જણાય છે.

૬૦—સમ્યક્.

આ૦ એ ભ્રમને તેના કારણસહિત નિવૃત્ત કરવા હું તેનો હસ્તામલકવત્ સ્ફોટ કરુંછું. તમે સાવધાન શૃણીને તેનાથી મુક્ત થાઓ.

૬૦—કૃપા.

આ૦ આ વિશ્વમાં પ્રત્યેક દર્શન એટલે રૂપભાન, સચ્ચિદાનન્દાત્મક તથા નામરૂપાત્મક એમ તે ઉભયાત્મક છે. જો દર્શન એટલે રૂપના ભાનને કેવળ સચ્ચિદાનન્દાત્મક માનો તો પદાર્થાકાર દર્શન સંભવે નહિ. અને જો તે દર્શનને કેવળ નામરૂપાત્મક માનો,

તો નામરૂપ અસદ્રૂપ છે, માટે કોઈ એ પ્રકારનું દર્શન જ સંભવે નહિ. અતએવ પ્રત્યેક દર્શનું ઉપરયુક્તિ પ્રમાણે **ઉભયાત્મક છે.**

એ પ્રત્યેક દર્શનના સચ્ચિદાનન્દાત્મક અંશને અમુક નામરૂપાત્મક કાલ્પનિક અંશના વસ્ત્રો પહેરાવવાથી, અર્થાત્ તેમાં અમુક નામરૂપનો અધ્યારોપ કરવાથી તેવા તેવા પદાર્થો ભાસે છે. એ પદાર્થો એ પ્રમાણે અસદ્રૂપ સતે તેના સચ્ચિદાનન્દાત્મક અંશને લીધે સદ્રૂપ ભાસવાનો ભ્રમ થાય છે; જ્યાં નામરૂપ તો મિથ્યા, કિન્તુ **મૂળ વસ્તુ જ માત્ર સદ્રૂપ છે** એવો અજ્ઞને વિવેક રહેતો નથિ.

ક૦ સમ્યક્, દર્શન એટલે રૂપ અથવા જોવાની ક્રિયાના વ્યવહાર વિષે આપે એ કહ્યું. એમ શબ્દ, સ્પર્શ, રસ અને ગંધ, અથવા સાંભળવું, સ્પર્શવું, સ્વાદ લેવો, અને સુંઘવું એ ચારે ક્રિયા વિષે કહો.

આ૦ તે એકવત્ સર્વ. અને એ ક્રિયા કેવળ મનોમયી હો કિંવા તે ઇન્દ્રિયકૃત પરિજ્ઞાનરૂપે બાહ્ય બાહ્ય મનાયછે તે હો. જેમ દર્શનં એટલે નેત્રેંદ્રિયકૃત પરિજ્ઞાન વિષે મેં તમને સ્ફોટ કરી સમજાવ્યું, તેમ જ શ્રોત્રાદિ અન્યત્ ઇંદ્રિયોના પરિજ્ઞાન વિષે પણ સમજવું.

ક૦—સમ્યક્. પણ રૂપભાન કિંવા દર્શનને નેત્રેંદ્રિયકૃત પરિજ્ઞાન કહેવામાં શું તાત્પર્ય ?

આ૦-દર્શન અને બીજાં ચારઃ-શ્રવણ, સ્પર્શન, સ્વાદન તથા વાસન, એ માત્ર ભિન્ન ભિન્ન નામો છે. ખરું જોતાં તેઓ સ્વીય સ્વીય ઇન્દ્રિયકૃત પરિજ્ઞાન માત્ર છે. એ *પંચેન્દ્રિયકૃત પરિજ્ઞાન

---

* એના શાસ્ત્રીય નામો આ પ્રમાણે છે:-શ્રોત્ર પરિજ્ઞાન (૧) ત્વાચ્ પરિજ્ઞાન (૨) ચાક્ષુસ્ પરિજ્ઞાન (૩) રાસન પરિજ્ઞાન (૪) અને ઘ્રાણુજ પરિજ્ઞાન (૫)

પરસ્પર અવિચિત્ર છે. અને તે એકનું બહુલપણું તે જ બીજું એમ શ્રવણથી વાસન પર્યન્ત સમજવું. એ વિષે વિશેષ પંચમી પ્રભામાં સમજાવવામાં આવશે.

પણ લોકો તદ્‌વિષયક શાસ્ત્રમાં અદીક્ષિત અને અજ્ઞ હોઈને એક પરિજ્ઞાનને બીજા પરિજ્ઞાનથી—અર્થાત્ શ્રોત્રેંદ્રિયપરિજ્ઞાનને નેત્રેંદ્રિયપરિજ્ઞાનથી વિલક્ષણ સમજે છે. કિન્તુ તેમ નથિ.

ક૦. સમ્યક્.

આ૦ અવે એ મહત્સિદ્ધાન્ત, પ્રથમ વિશ્વના રૂપનું નિરૂપણ કરીને પછી, તે અખિલ વિશ્વ વિષે જ ઘટાવાય છે.

પાંચ ભૂતો (૫) શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધાત્મક મન (૬) દેશ (૭) અને કાળ (૮) એમ આઠ અવસ્તુ અને નવમો વસ્તુરૂપ આત્મા મિલીને આ વિશ્વ થાય છે.

એ વિશ્વના દર્શન શ્રવણાદિ પ્રત્યેક પરિજ્ઞાનના સચ્ચિદાનન્દાત્મક અંશને અમુક નામ તથા રૂપના કાલ્પનિક અંશના વસ્ત્રો પહેરાવવાથી, અર્થાત્ તેમાં અમુક નામરૂપનો અધ્યારોપ કરવાથી તેવા તેવા શબ્દ, સ્પર્શ, રૂપ રસ અને ગંધાત્મક અનુભવ થાય છે.

એમ જ દેશ કિંવા કાળાત્મક કોઇ પણ ભાનના સચ્ચિદાનન્દાત્મક અંશને એવી ભાવનાના કાલ્પનિક અંશના વસ્ત્રો પ્રહેરાવવાથી, અર્થાત્ તેમાં તે ભાવનાનો અધ્યારોપ કરવાથી દેશ કિંવા કાળનો ભાવ ઉદ્‌ભવે છે.

એ પ્રમાણે પદાર્થાત્મક આ વિશ્વ **असद्रूप** સતે તેના ભાનના સચ્ચિદાનન્દાત્મક અંશમાં; નામ રૂપ તથા ભાવનાત્મક કાલ્પનિક અંશનો અધ્યારોપ થવાથી તે સદ્રૂપ ભાસવાનો ભ્રમ થાય છે; કેમ જેત્યાં નામ, રૂપ અને ભાવના તો મિથ્યા-મૃષા કિન્તુ **મૂળ વસ્તુ જ માત્ર સત્ય છે**, એવો અજ્ઞને વિવેક રહેતો નથિ.

ક૦ સમ્યક્.

આ૦ તેથી અજ્ઞજન એ નામ, રૂપ, તથા ભાવનાને પ્રેમાસ્પદ કરી તેમાં જીવિત પર્યન્ત રમવા ઇચ્છે છે.

ક૦ યથાર્થ.

આ૦અને તેજ બદ્ધતાનું રૂપ છે.

ક૦ સમ્યક્.

આ૦ પણ મૃષા એવાં એ નામ, રૂપ, તથા ભાવનાઓ, અસ્થિર, વિકારવન્ત અને પરિણામે અસુંદર હોય જ, તેથી શોકતંતુ છે. અને તેમની આસક્તિવાળા અજ્ઞજનને તે જીવિત પર્યન્ત દુઃખનું કારણ થાય છે.

ક૦ યથાર્થ.

આ૦ એટલું જ નહિ કિન્તુ નામ રૂપાદિનો અન્ત અનિવાર્ય છે. અને નામ રૂપાદિનો અંત તેજ મૃત્યુનું સ્વરૂપ છે. જેને જોઈ પરમમૂઢ થઇને અંતે તેને રડવું પડે છે.

ક૦ સાધુ સાધુ. મહાશય! આપના પરમ સમાધાનકારિ અને મુક્તિપ્રદ પ્રબોધથી મને અતીવ આહ્લાદ થયો. અવે હું પદાર્થાત્મક આ વિશ્વ અસદ્રૂપ સતે તે સદ્રૂપ કિમ્ ભાસે છે તે સમજ્યો. તેની સાથે સાથે વળી વિશ્વનું રૂપ તથા બદ્ધતા અને મૃત્યુનું સ્વરૂપ પણ યથાર્થ સમજ્યો.

આ૦ ભ્રમે કરીને સદ્રૂપ ભાસતું એ વિશ્વ કેવળ કલ્પિત-મૃષા છે. તે વળી પરમ તારક એવા સ્વપ્નદૃષ્ટાન્તથી તમને દર્શાવું છું.

ક૦ કૃપા.

આ૦ તમને સ્વપ્નનો અનુભવ તો હશે.

ક૦ હોય જ.

આ૦ મહાન્ પૂર્વ પુણ્યને યોગે ભદ્ર.સ્વપ્નો પડે છે. અને તે પુર્વ પુણ્યને યોગે જ તીવ્રતરા સ્મરણશક્તિ પ્રાપ્ત થઇને તે સ્વપ્નો પાછાં સ્મૃતિમાં રહે છે.

ક૦ સમ્યક્.

આ૦ એ સ્વપ્નમાં શબ્દ સ્પર્શ,રૂપ, રસ ગંધાત્મક મનોમય વિચારો થાય છે. તેમજ જાણે કોઈ મ્હોટે સ્વરેથી તમને બોલાવે છે; તમારો હસ્ત સજ્જડ ધરી તે મહદ્ વેગે હલાવે છે; સૂર્ય પોતાના પ્રબળ તેજે પ્રકાશી રહ્યા છે, અને પૃથિવી સર્વ વૈભવ સહવર્ત્તમાના રમ્ય દર્શન અર્પે છે; તમે દૂધ પૂરી અને વરાન્ન (દાળ) એવું સાત્વિક આર્યભોજન અતિશય સ્વાદથી આરોગો છો. અને દૂધમાં કસ્તુરીનો અનુપમ ગંધ પરિમલિત થઈ રહ્યા છે. ઈત્યાદિ,ઇત્યાદિ, શબ્દસ્પર્શરૂપરસ અને ગંધાત્મક ભાન થાયછે: તે, તે કાળે કેવું સદ્રૂપ જણાય છે?

ક૦ નિરવધિ.

આ૦ એ કેના જેવું છે?

ક૦ સદ્રૂપ તે સદ્રૂપ જ. તેને બીજી ઉપમા નથિ.

આ૦ અને જાગીને જુઓ છો તો તેમાંનું કશું એ સાચું હતું એવું લાગે છે?

ક૦ ના.

આ૦ એમ કિમ્?

ક૦ તે આપ કહો.

આ૦ સ્વપ્નમાં પણ તેના આરંભથી અન્ત પર્યન્ત પ્રત્યેક દર્શનના સચ્ચિદાનન્દાત્મક અંશને અમુક નામ તથા રૂપાત્મક કાલ્પનિક અંશના વસ્ત્ર પહેરાવવાથી, અર્થાત્ તેમાં અમુક નામરૂપનો અધ્યારોપ કરવાથી તેવા તેવા પદાર્થો જોવામાં આવે છે. જેથી પદાર્થો સ્વયં અસદ્રૂપ સતે તેઓ સદ્રૂપ લાગવાનો ભ્રમ થાય છે.

એ પ્રમાણે શ્રવણ, સ્પર્શન, સ્વાદન અને વાસન, એ ચારે ભાન વિષે પણ સમજવું.

એ જ સચ્ચિદાનન્દાત્મક અંશને જોઇયે તેટલા મહોટા દેશકાળનું

ભાવનાત્મક રૂપ અર્પી; તમે સ્વપ્નમાં વિશાળ દેશ અને દીર્ઘ કાળને જુઓ છો. એ સર્વ સ્વપ્નજગત્ તમારી મૃષા કલ્પનાવિના બીજું કંઈ નથિ.

જાગ્રત્કાળમાં જ તમને સ્વપ્નનું મૃષાત્વ જણાઈ આવે છે. અને યદ્યપિ જાગૃતિમાં તમને તેનું સ્મરણ પણ રહે છે; પણ નિદ્રા, સમાધિ, અને કૈવલ્યદશામાં તો તેનું સ્મરણ માત્ર પણ નથિ.

ક૦ યથાર્થ

આ૦ એ જ પ્રમાણે આ જાગૃતિમાં પણ તમને સર્વ સત્ય લાગે છે. તદપિ સ્વપ્નરૂપા એવી આ જાગૃતિમાંથી ઊઠીને તત્ત્વવિચારરૂપ જ્ઞાનજાગૃતિમાં જાઓ. એટલે આ વિશ્વ સાચું હતું એવું તમને લાગશે નહિ. અને યદ્યપિ એવી જ્ઞાનજાગૃતિમાં તેનું અનન્ય રૂપે સ્મરણ પણ રહે છે. તદપિ નિદ્રા, સમાધિ, અને કૈવલ્યદશામાં તો તેનું સ્મરણ માત્ર પણ નથિ જ.

ક૦ સાધુ.

આ૦ જાગૃતિ અને સ્વપ્ન સમાન છે. તેઓમાં પરસ્પર લેશ પણ વૈષમ્ય–વૈસાદૃશ્ય–વૈલક્ષણ્ય નથિ. અન્ય પ્રસઙ્ગે સ્વપ્નાધ્યાયમાં એ વિષે વિશેષ હું તમને કહીશ. અહુણા તમારા આહ્લાદાર્થ જાગૃતિ અને સ્વપ્નની તુલ્યતા વિષે શ્રી જ્ઞાનમુદ્રાકાવ્યાન્તર્ગત પદ્યોચ્ચારણ કરાય છે.

ક૦ કૃપા.

જાગૃતિ અને સ્વપ્નની તુલ્યતા–સાદશ્ય.

વસંતતિલકાવૃત્ત.

તું સ્વપ્નના અનુભવો, ગણ શ્રેયકારી;
પામી પ્રસાદ તવ સંશય લે નિવારી;
જ્યાં કલ્પનાબળ થકી, મનને પ્રસારી;
બીજું સજે જગત તું, જગ આ વિસારી.

નક્ષત્ર, ચંદ્ર, રવિ, ત્યાં ભવ સૂચવે છે;
ને દેશ કાળ પણ તે, ઝટ સંભવે છે;
ગંભીર સાગર નદી જલ ઘૂઘવે છે;
સ્વગ્રામને કુલજનો, સહુ ઉદ્દભવે છે.
પંચેન્દ્રિયો પ્રકટતાં, વિષયો ગ્રહે છે;
પોઠી બની તું ગૃહનો, ધન સંગ્રહે છે;
સંગીત સપ્તક શ્રુણી, કરણુ લહે છે;
લોહાદિ સ્પર્શ કઠિને, સ્વકરે સહે છે.
છે મૂળ રાજ તદપિ, તહિં દીન ત્રાસે;
આનન્દનંદન અપિ, સુખ હીન ભાસે;
જાગર્ત જ્ઞાન, ધન, જયાં નહિ અર્થ લાગે;
સ્વપ્નસ્થ સાધન વિના, નહિ દુઃખ ભાગે.
અદ્વૈત આપ તદપિ, ઇમ વિશ્વ જાગે;
છે.સત્ય, એમ અહુણા સ્થિત દૃષ્ટિ આગે;
તું તેમ દેવ તદપિ, અહિં જીવ રંગે;
અદ્વૈત આપ તદપિ, લખ દ્વૈત સંગે.
દૃષ્ટાન્ત સુંદર ભણી, જગ ખોટું જાણે;
છે સ્વપ્ન જાગૃતિ મૃષા, વદ ભેદ શાને ?.
વંધ્યાતણા સુત પઠે, જગ તો વિલાસે !
ને ખેલ એક ક્ષણ પિ, ચિરકાળ ભાસે !

કુ૦ જય જય ! સહાશિય ! આપે પરમ અનુગ્રહ કરી અર્પેલાં અનેક દૃષ્ટાન્ત અને આ અનુપમ સ્વપ્નદૃષ્ટાન્તે કરી શંકાજાળથી મુક્ત થઇને મારી **अद्वितीयदेवरूपता** અને **संपूर्णसच्चिदानन्द-रूपता** મને અનુભવમાં બેઠી.

જો આપ તેને મારા અનુભવમાં બેસાડયા વિના એમજ કહેત જે શ્રુતિ, સ્મૃતિ, અને શાસ્ત્ર તેમ બોધે છેઃ તો તેમાં મારે અંધશ્રદ્ધા

ખરની પડત. અને તે મને અતિચાર જેવું લાગત. પણ અવે તો મારા અનુભવની પુષ્ટિ અર્થ શ્રુત્યાદિ શું કહે છે તે જાણીને મને અત્યન્ત આહ્લાદ થશે. માટે શ્રુત્યાદિ અને શાસ્ત્રીય આપ્ત વચનોના કથનથી આપ મને પાવન કરો.

આ૦ સાધુ. ગમે તેવું ઉજ્જવલ સત્ય, જોઇયે તો તે સાક્ષાત્ બ્રહ્મદેવ આવીને કહેઃ તદપિ જ્યાં સુધી તે સ્વાનુભવગમ્ય થઇને તમારું સ્વકીય થાય નહિ, ત્યાં સુધી તમને તે રુચે નહિ.

યદ્યપિ શ્રુતિવાક્ય તો સ્વયંપ્રકાશ, સ્વોપમ અને એક અચળ સત્ય છે. તેનું ખણ્ડન કરવાને ચૌદ ભુવનમાં અપિ કોઇએ સમર્થ નથિ. તદપિ તેની ઉક્તિ પણ સ્વાનુભવવિના તમને સંતોષ આપી શકે નહિ. તેનું કારણ તમે મૂળ સર્વોપરિ છો. એવી તમારી પ્રકૃતિ સ્વરૂપ સંબંધિની છે. અતએવ તમારા આહ્લાદની અભિવૃદ્ધિ અર્થ તમારી અદ્વિતીયદેવરૂપતા તથા સંપૂર્ણસચ્ચિદાનન્દરૂપતાને પ્રતિપાદન કરનારાં શ્રુતિ, સ્મૃતિ, અને શાસ્ત્રને કહું છું.

ક૦ સમ્યક્.

આ૦ કલ્યાણી શ્રુતિ ભગવતી ઉચ્ચાણ કરે છે જે:—

सर्वं खल्विदं ब्रह्म। नेह नानास्ति किंचन ॥

मृत्योः समृत्युमाप्नोति। य इह नानेव पश्यति ॥

અર્થ:—નિ:સંશય આ અખિલ વિશ્વ બ્રહ્મ જ છે. એને (બ્રહ્મને) અંગે (વસ્તુતઃ) લેશપણ નાનાત્વ નથિ. જે એને અંગે લેશ પણ નાનાત્વને જોય છે તે મરણમરણાન્તરને પામેછે.

एकमेवाद्वितीयं ब्रह्म ॥ स आत्मा ॥

બ્રહ્મ એક જ અને ત્રિવિધ ભેદ રહિત અદ્વિતીય છે. તે તારો આત્મા છે (તે તું છે.)

जाग्रत्स्वप्नसुषुप्त्यादि प्रपंचं यत्प्रकाशते ॥ तद्ब्रह्माहमिति ज्ञात्वा। सर्वबन्धैः प्रमुच्यते ॥

અર્થઃ—જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્ત્યાદિક પ્રપંચને જે જાણે છે તે બ્રહ્મ હું છું, એવું જાણનાર, આ બંધથી મૂકાયછે.

ત્યાં શ્રી પંચદશીકાર ભણે છે જેઃ—

યેનેક્ષતે શૃણોતીદં । જિઘ્રતિ વ્યાકરોતિ ચ ॥

સ્વાદાસ્વાદૌ વિજાનાતિ । તત્પ્રજ્ઞાનમુદીરિતમ્ ॥

અર્થઃ—માનવી પ્રજ્ઞાનેરૂપ છે. તેણે કરીને તે સાંભળી શકે છે, સુંઘી શકે છે, બોલી શકે છે, સ્વાદ અસ્વાદને જાણી શકે છે.

અને **શ્રીઋગ્વેદ** પોતાના મહાવાકયવડે પ્રતિપાદન કરેછે જેઃ—

। પ્રજ્ઞાનમાનન્દંબ્રહ્મ ।

અર્થાત્ એ પ્રજ્ઞાન જ આનન્દરૂપ બ્રહ્મ છે.

વળી **શ્રી અથર્વવેદ** પરમ ગાંભીર્યે ઉચ્ચારે છે જેઃ-

। અયમાત્માબ્રહ્મ । અર્થાત આ તારો આત્મા બ્રહ્મ છે.

ત્યાં **શ્રીસામવેદ** પોતાના મહાવાકયરૂપે નિરન્તર ગાન કરેછેજેઃ-

। તત્વમસિ । અર્થાત્ તું તે છે. એટલે તું બ્રહ્મ છે.

અને શ્રી **યજુર્વેદ** પુરુષને પ્રેરેછે જેઃ—

। અહં બ્રહ્માસ્મિ । અર્થાત્ હું બ્રહ્મ છું એમ વિજાન.

એ પ્રમાણે ચારે વેદ માનવદેવરૂપતાને પ્રતિપાદન કરી રહ્યા છે. ત્યાં પ્રશ્નોત્તર રૂપે એક સ્મૃતિ આમ અનુમોદે છેઃ—

को देवो यो मनःसाक्षी । मनो मे दृश्यते मया ॥

तर्हि देवो त्वमेवासि । एको देव इति श्रुते ॥

અર્થ-પ્રશ્નઃ-દેવ કોણ છે? ઉત્તરઃ-જે મનનો સાક્ષી છે તે. પ્રશ્નઃ-મારા મનને હું જાણું છું. ઉત્તરઃ-ત્યારે દેવ તમે જ છો. કેમ જે, મનને જાણનાર તે જ દેવઃ અને તે દેવ એક છે એમ શ્રુતિ કહે છે.

વળી શાસ્ત્રાંતરમાં કહે છે જેઃ-

सकलमिदमहं च वासुदेवः परमपुमान् परमेश्वरश्च एकः
इति मतिरचलाभवत्यनन्ते। हृदयगते व्रज तान् विहाय दूरात् ॥

ભાવાર્થ—આ સકળ જગત્ અને હું વાસુદેવ રૂપ છિયે. પરમ પુરુષ, પરમેશ્વર, એક છિયે. માનવ હૃદયમન્દિરમાં જેનો નિવાસ છે, એવા અનન્ત પ્રભુ વિષે પોતાની અચળા મતિથી જેણે એ રૂપે સાક્ષાત્કાર કર્યો છે તે પુરુષ અમર છે. યમરાજ પોતાના કિંકરને આદેશે છે જે એવા પુરુષને જોઇને તું દૂરથી ચાલ્યો જજે.

એ કથન સંપૂર્ણ વેદસમ્મત છે, કેમ જે,

सर्वं खल्विदं ब्रह्म। नेह नानास्ति किंचन॥ એનો તેમાં આશય છે.

એ પ્રમાણે શ્રુતિ, સ્મૃતિ, અને શાસ્ત્ર તમારી દેવરૂપતાને બોધીને તમારી સચ્ચિદ્રૂપતાને પ્રતિપાદન કરવા શ્રી શ્રુતિ ભગવતી આમ ઉચ્ચારણ કરે છે:—

॥ सत्यं ज्ञानमनन्तं ब्रह्म ॥ (१)

अत्रायं पुरुषः स्वयंज्योतिर्भवति । यस्य भासा सर्वमिदं विभाति॥(२)

અર્થ:—(૧) તમે સત્ય, જ્ઞાન, અનન્ત બ્રહ્મ છો. (૨) જગદ્રૂપ આ સ્વપ્નમાં મનુષ્ય પોતે સ્વયં જ્યોતિરૂપ છે. જેના પ્રકાશથી આ સંપૂર્ણ પ્રપંચનું ભાન થઈ રહ્યું છે.

અને યદ્યપિ કાળ માત્ર એક અસદ્રુપ મનોભાવ છે. તદપિ કાળની ગણના કરિયે તો પણ એ તમારી સદ્રૂપતા એટલે છેપણું, અને ચિદ્રૂપતા એટલે ચેતનત્વ, ત્રિકાળાબાધ્ય અનંત, અવિનાશિ છે. જે શ્રીગીતાજી આમ દૃઢાવે છે:—

नैनं छिंदन्ति शस्त्राणि । नैनं दहति पावकः ॥
नचैनं क्लेदयंत्यापो । न शोषयति मारुतः ॥

અર્થઃ--એ તમારા આત્માને શસ્ત્રો છેદન કરી શકતાં નથિ. અને અગ્નિ બાળી શકતો નથી. જળ તેને આર્દ્ર કરી શકતું નથિ. નથિ પવન તેને શોષી શકતો. (એવો તે વિલક્ષણ અસંગ છે.)

એજ પ્રમાણે તમારી આનન્દરૂપતાને બોધનકરનારી શ્રુતિ આમ ઉચ્ચારણ કરે છેઃ

। आनन्दो ब्रह्म । અર્થાત્ તમે સાક્ષાત્ આનન્દ જ છો.

ત્યાં તૈત્તિરીય અને બૃહદારણ્ય ઉપનિષદોનો આશય લઇને સ્મૃતિકાર ભણે છે જેઃ—

परप्रेमास्पदत्वेन । परमांनन्दरूपता ॥
सुखवृद्धिः प्रोतिवृद्धौ । सार्वभौमादिषु श्रुता ॥

અર્થાત્ પરમ પ્રેમનું સ્થાન હોઇને આત્મા જ પરમાનન્દરૂપ છે. ચક્રવર્ત્તીથી લઇને હિરણ્યગર્ભપર્યન્ત જે જે પદોમાં આપણને પ્રીતિ થાય છે, ત્યાં ત્યાં આત્માની સ્થિરતાથી જ સુખની વૃદ્ધી થાય છે. તે પદો સ્વયં સુખરૂપ નથિ.

આમ તમારી અદ્વિતીયદેવરૂપતા તથા તમારી સંપૂર્ણસચ્ચિદાનન્દરૂપતાનું પ્રતિપાદન કરાય છે, તે વચનામૃતનો આનન્દભોગ લેતાં લેતાં કદિ તમને શંકા થાય જે સચ્ચિદાનન્દ•દેવરૂપ એવા મને આ જગદ્રૂપ જંજાળ કિમ્ ભાસે છે? ત્યાં સ્મૃતિઓ તેના સમાધાનં અર્થ ભણે છેઃ—

त्वय्यनन्तमहाम्भोधौ । विश्ववीचिः स्वभावतः ॥
उदेतु वा स्तमायातु । न ते वृद्धिर्न वा क्षतिः॥ (१)
वाचारंभणं विकारो नामधेयं । मृत्तिकेत्येव सत्यम् ॥ (२)
अहो मयि स्थितं विश्वं । वस्तुतो न मयि स्थितं ॥
न मे बंधो न मोक्षो वा । भ्रान्तिः शान्ता निराश्रया (३)

અર્થ—(૧)તુજરૂપિ અનન્ત મહાસમુદ્રમાં જગદ્રૂપ તરંગો સ્વભાવે જ ઉત્પત્તિ અને વિલયને પામેછે. તેમાં તારી નથિ વૃદ્ધિ, નહિ ક્ષતિ. (૨)(ઘટાદિ) વિકારો મિથ્યા નામરૂપાત્મક હોઇને કેવળ કથન માત્રનો વિષય છે. વસ્તુતઃ તે મૃત્તિકા છે. અને મૃત્તિકા એ જ સત્ય છે. (૩) (અતએવ તમે એવું વિજાનો જે) મારામાં આ વિશ્વ સ્થિત ભાસતે સતેપિ વસ્તુતઃ સ્થિત નથિ. મને બંધ જ નથિ તો મોક્ષ શાનો? (આવા સત્ય નિશ્ચયથી) ભ્રાન્તિ શાન્તા થાય છે. કેમ જે તેને (ભ્રાન્તિને) પછી કશાનો આશ્રય રહેતો નથિ.

એવે પ્રકારે આપ્તવાણી ગંગાએ કરી સ્નાત, અને નિર્મળ થયેલ સંતને, વળી આત્મચંદનપરિમલિત કરવા શ્રીશ્રુતિ કલ્યાણી, મંજુલ ૬૭ સ્વરે માનવદિવ્યતાના વિશુદ્ધ પ્રત્યયો શૃણાવે છે:

। अजरोऽमरो विशोकः। सत्यं ज्ञानमानन्दं ब्रह्म ।

ઈત્યાદિ, ઈત્યાદિ.

इति श्रीमदानन्दनन्दनेन पानाचंदेन निर्मितस्य श्रीसूर्यकान्तस्य तृतीया प्रभा.

अथ श्रीसूर्यकान्त अथवा निज विचार संक्षेप

चतुर्थी प्रभा प्रारंभः

મનુષ્ય એ જ દેવ અથવા માનવદિવ્યતાનું મધ્યાહ્ન.

એ પ્રમાણે શ્રુતિ, સ્મૃતિ, અને શાસ્ત્રની તેજોમયી જ્યોતિથી વક્તા અને શ્રોતાના અંતરમાં અજવાળું અજવાળું થઈ રહ્યું છે: એવામાં બાહ્ય દેશમાં કાળી ચૌદશની રાત્રિ જેવું શ્યામ વાદળદળ, પ્રબળ વેગથી વહીને આકાશ છવરાયું. અને સર્વત્ર અંધકાર પ્રસરી રહ્યો. તે જાણે અજ્ઞાન સાકાર થઈને સ્વપરિવાર સહિત ભૂમિ ઉપર અંડાકૃતિએ ઉપસ્થિતિ કરતું હોય એમ જણાયું. પણ જે પ્રદેશમાં આપણી કથાના નાયકો હતા તે પ્રદેશમાં એ અજ્ઞાનની સામે યુદ્ધ કરીને તેને ત્યાંથી નસાડવા, વિદ્યુતા મથતી અને વિજય પામતી હોય તેમ, તે, ક્ષણે ક્ષણે તેમની ઉપરિ પુર્ણિમાના ચંદ્રના જેવી શ્વેતતરા જ્યોતિ નાખવા લાગી. એટલુંજ નહિ કિન્તુ એ અજ્ઞાનનો શીઘ્ર સંહાર કરવા રાજા ઇન્દ્રે મહતી દેવસેના સહવર્તમાન, પોતાંના સુભટવૃન્દની અગ્રે વિદ્યુત્પતિ મેઘરાજને સિદ્ધ કર્યા હોય એવો ભાસ થયો.

જાણે કોઈ અગ્ન્યસ્ત્ર પ્રક્ષેપે છે; કોઈ વરુણાસ્ત્ર સાધેછે; અને કોઈ શતઘ્નીના ભયંકાર નાદ કરે છે: એમ તડાકા ધડાકા અને ગડગડાટથી ગગનમણ્ડલ ગર્જી રહ્યું. અને ત્વરિત સરરર શરો છૂટયાં હોય એમ પર્જન્યની મહાવૃષ્ટિ થઈ. પૃથ્વી જલમયી થઈ રહી; વૃક્ષો સ્વચ્છ અને પ્રફુલ્લ થયા; અને નદી સાભ્રમતિ ધવલ અમલ વેશમાં સજ્જ થઈને, મને કોઈ રોધશે તો હું તેને દેહાન્તદણ્ડ દઈશ, એમ આડમ્બર કરતી સાગરપતિને મિલનાર્થ ચાલી.

એ સકળા નૈસર્ગિકી લીલા જોવી આપણા ચરણવ્યાયામાર્થી- ઓને ગમી તો ખરી. પણ પ્રત્યેક વૃત્ત તેના આદ્યન્તમાં આનુકૂલ્ય- પ્રાતિકૂલ્ય-ગર્ભિત હોય છે. કોઇએ વૃત્ત તેના અન્તપર્યન્ત કેવળ જ અનુકૂળ નથિ હોતું. તેમ એમને આજનો વ્યાયામ ભારે પડયો. તેમને પગે પગે કર્દમમયી ભૂમિ ખંડી ખંડીને ઘેર જવાનો પ્રસંગ આવ્યો. કેમ જે પોતપોતાના નાદમાં ગુંથાયલાં તેમનાં કુટુમ્બીઓ અને સારથિ આદિ સેવકોએ તેમની ચિન્તા રાખીને વાહનવ્યવસ્થા ન કરી. પોતાની ચિન્તા પોતાને જ એ કથન મિથ્યા કેમ થાય ? સ્વકાર્યવિ- વ્હલ પુત્રવર્ગને તો જાણવામાં જ નહોતું જે પૂર્વજો કયાં ગયાછે ? સ્ત્રીવર્ગને કાંઈ સાંભર્યું જ નહિ. અને સારથિ આદિ સેવકવર્ગને તો જાણે વિશ્રાન્તિ જડી: તેમ તેને યથેચ્છ ભોગવવા બહિર્ નીકળી ગયા. એટલે બહુ પરિશ્રમ વેઠીને એ ઉભય ગૃહસ્થોને પગે જ જવું પડયું.

ઘણુંક ચાલ્યા પછી માર્ગમાં એક વિયોજક સ્થળ આવ્યું, જ્યાંથી તેઓ. સદા પોતપોતાને સ્થાને જતા. પણ આજે શ્રી કરુણાપ્રસાદજી, શ્રી આનન્દસાગરમહાશયના આગ્રહથી તેમને જ ત્યાં ભોજનાર્થ ગયા.

ત્યાં બીજાં વસ્ત્ર ધારણ કર્યાં. અગ્નિથી પ્રજ્વલન્તી શકટીઓ મગા- વીને તેમણે પગોને સતપ્ત કર્યા. અને પીપળીમૂળ તથા સુઠનો ઉષ્ણ કવાથ પીધો. તદનન્તર કિંચિત્ સમય પછી ભોજનશાળામાં ગયા. જ્યાં કોવિદ્દારના સ્વયં તેજસ્વી એવા, પીઠની પુષ્ટિવાળા પાટપર બેસતાં પવિત્ર ગોમય મંડળપર નાનાવિધ ઉદ્ભિજ્જ તથા ગવ્ય પદાર્થોથી પૂરાયલા થાળોને વિલોકીને જમનારાઓનો ઉત્સાહ વૃદ્ધિંગત થતો હવો. જમતાં જમતાં શ્રી કરુણાપ્રસાદજીએ આ પ્રમાણે પૃચ્છાઓ કરી.

ક૦ (મુખકળા મ્લાના સહિત) મહાશય ! જેમ અનુભવ તેમ જ શ્રુતિવચનોએ કરી મારી **અદ્વિતીયદેવરૂપતા** તથા **સંપૂર્ણ- સચ્ચિદાનન્દરૂપતા** વિષે હું સમ્યક્ પ્રકારે છિન્નસંશય થયો.

સર્વ ધનનું પણ ધન એવું આત્મધન, મારા ઘરમાં પણ આવ્યું. તદપિ મને તેનો બહુ ઉપભોગ પડતો નથિ.

વળી યાવત્ વિશ્વ તેના સકળ પદાર્થ સહિત મૃષાછે. એ વિશ્વને વિશ્વરૂપે જોવા જતાં તેની સિદ્ધિ જ થતી નથિ; તો પછી તે આનન્દનું કારણ તો શી રીતે જ હોય ? એ સર્વ પણ હું સમ્યગ્ રીતે સમજ્યો. તેમ જ કંદિ ભ્રમણાએ કરીને એ વિશ્વ અને તેના પદાર્થોને ક્ષણવાર ભાવરૂપ માનું, તો પણ એકેક પદાર્થની અથેતિ વિચારતાં તે કેવળ ક્લેશનું કારણ.સમજાય છે. માટે તે શોકતંતુ છે. તથાપિ—

આ૦—સમ્યક, એક બીજો વિચાર કરિયે તો પણ જે પદ રૂપે જિહ્‌વામાં છે, અર્થ રૂપે બહિર્ બહિર્ ભાસે છે, અને જ્ઞાન રૂપે અંતરમાં જણાય છેઃ એમ ભિન્નભિન્ન ત્રિવિધ વ્યવહારથી ભાસમાન થતા એવા એ પદાર્થો કેવળ કલ્પિત, અસદ્રૂપ, મૃષા છે. તેને ભ્રમણાથી ક્ષણવાર ભાવરૂપ માનો તો પણ તે આગમાપાયી અને દુઃખાન્વિત જણાય છે. જેને અનુકૂળ પદાર્થ માનો તે વિયોગે દુઃખ દે છે. અને જેને પ્રતિકૂળ માનો તે સંયોગે દુઃખ દેછે. એમ પદાર્થમાત્ર દુઃખરૂપ જ છે. ચેતનવાળા પદાર્થો પોતેજ દુઃખી છે; અને જડ પદાર્થો પરતંત્ર છે. ઉભયે શોકતંતુ છે. તો તેઓ બીજાને સુખપ્રદાન કયાંથી કરી શકે ?

પણ 'તથાપિ'-એમ કહીને તમે મૌન કિમ્ ધારણ કીધું ? તમારા કથનને આગળ ચલાવો.

કુ૦—તથાપિ કોણ જાણે શા કારણથી પણ ગૂઢપણે સમસ્ત એટલે સામટી રીતે તે મારા મન ઉપરિ વિલક્ષણ પ્રભાવને કરેછે. અને તેમની પ્રતિની મારી વાસનાઓ છૂટતી નથિ.

આ૦—એને જ માયા અથવા અજ્ઞાનનું પ્રાબલ્ય કહે છે. તમારી એ વાસનાઓ ભ્રમણા માત્ર છે. પ્રથમ તમારા પ્રશ્નના એ ઉત્તરાર્ધનું

ઉદાહરણોએ કરી સમાધાન કર્યા પછી, તેના પૂર્વાર્ધ વિષે સમજાવીશ. આ સંસારમાં અતિપ્રિયતમા એવી ધર્મપત્ની અને પુત્રગણની સ્નેહશૃંખલાએ કરી બદ્ધ પુરુષને, તેમના મરણ સમયે જે ભ્રમણા થાય છે, તેના જેવી એ ભ્રમણા છે. પત્ન્યાદિના મરણપ્રસઙ્ગમાં તે પુરુષ સાક્ષાત્ જોય છે, જે એ પત્ની કિંવા પુત્રના પ્રાણગત થયાં છે. ત્યાં ઉપસ્થિત સર્વ સ્નેહિસમાજ અને વૈદ્યરાજ પણ તેમજ માનતા હોય એમ સ્પષ્ટ લક્ષાયછે. તદપિ સદા અનુષંગમાં રહેતાં, વિવિધ પ્રકારે બોલતાં ચાલતાં એવાં એ સ્રીપુત્રાદિ-જે અહુણાં જ હતાં-તે મરે કેમ? નહિ મરી ગયાં હોય! એવી ભ્રમણાનો વેગ રહેછે, જે તેમના શબને અગ્નિદાહ કર્યા પછી જ નિવૃત થાયછે.

બીજું ઉદાહરણ:—ધનમંદિરોએ કરીને આવેષ્ટિત એવા કોઈ પુરુષ ઉપરિ આરોપ મૂકાઈ તેનું નિરૂકરણ ન્યાયમંદિરમાં ચાલતું હોય, ત્યાં એ પુરુષ સ્વભાવતઃ એમ માને જ જે હું છૂટી જઇશ; પણ ન્યાયાધીશે તેની વિરુદ્ધમાં નિર્ણય શૃણાવીને તેને ષણ્માસના બંધનું અનુશાસન કર્યું. તે સમયે જે ભ્રમણા થાય છે તેના જેવી એ ભ્રમણા છે. શાસન થયાનો ઉચ્ચાર કર્ણે પડે છેઃ તેનો ન્યાયમન્દિર-પ્રતિનિધિ પણ તેમ જ કહે છેઃ તદપિ પણ એ પુરુષને અજી ભ્રમણા રહે છે જે એમ થાય જ કેમ? એમ નહિ હોય! પણ અન્તે રાજ્યના અનુચરો તેને બંદિના વસ્રો પહેરાવી કારાગ્રહમાં લઈ જાય છે ત્યારે તે ભ્રમણા નિવૃત્તા થાયછે.

ઉપર્યુક્ત ઉભયે ઉદાહરણોનો સાર એ જે પદાર્થની આસક્તિ-વાળા સ્નેહશૃંખલાનિબદ્ધ કોઈ પણ પુરુષના મસ્તિષ્કપર (મિથ્યા એવી) પૂર્વસ્થિતિના અભાવનું જ્ઞાન, અને (સત્યા એવી) ઉત્તર-સ્થિતિના ભાવનું જ્ઞાન બહુવાર પર્યન્ત ઠોક ઠોક થયાથી જ તે તેને દૃઢ થાય છે. તે વિના પદાર્થો પ્રતિની વાસના છૂટતી નથી.

ભ્રમણારૂપા એ વાસનાઓનો ક્ષય, મનોનાશ ઉપરિ આધાર રાખે છે. અને મનોનાશ પૂર્ણ ભાગ્યોદય તથા પુરૂષપ્રયત્ને પ્રાપ્ત કરેલાં જ્ઞાનબળ ઉપરિ આધાર રાખે છે.

બહુ કાળથી પદાર્થોને ભાવરૂપ સત્ય, અને સુખપ્રદ માનતા આવેલા ભ્રમિત મન ઉપરિ સત્યાસત્ય વિવેકવતી હંસબુદ્ધિનો સ્થાયિ વિજય થાય, ત્યારે જ મનોનાશ થાય. અને મન ગયું તો વાસનાનું કરનારું પણ ગયું. એ સર્વ નિરન્તર સત્સંગ, સત્શાસ્ત્રનું શ્રવણ, અને જ્ઞાનપ્રભાવવતી તમારી આત્મસ્થા વૃત્તિથી નિષ્પન્ન થશે.

સત્સંગનું મહાત્મ્ય વિલક્ષણ છે. તે સ્વોપમ અને દુર્લભ એવા પારસમણિ કરતાં પણ અધિક છે. કેમ જે પારસમણિ તો લોહને સુવર્ણ માત્ર કરે છે. કંઈ લોહ પારસમણિ જ થતું નથિ. પણ સત્સંગ તો સર્વને પોતા જેવું જ કરે છે. શાસ્ત્ર પણ કહે છે જે:-

गंगा पापं शशी तापं । दैन्यं कल्पतरुस्तथा ॥
पापं तापं च दैन्यं च । हरेत् साधुसमागमः ॥

અવે તમારા પ્રશ્નના પુર્વાર્ધનું ઉત્તર કહું છું તે સાવધાન શૃણો.

ક૦ કૃપા.

આ૦ તમે કહ્યું જે " સર્વ ધનનું પણ ધન એવું आत्मधन મારા ઘરમાં પણ આવ્યું. તદપિ તેનો મને બહુ ઉપભોગ પડતો નથિ."

એ સમીચીન નથિ. જુઓ તમારી अद्वितीयदेवरूपता અને संपूर्णसच्चिदानन्दरूपताने જાણીને કૃતકૃત્ય થયાની ભાવના તમારે રોમે રોમ વ્યાપી રહી છે. અને સર્વ પ્રકારે નિર્ભય થઇને અવે તમને કોઇ પણ પ્રકારની ચિન્તા રહી નથિ.

વળી પદાર્થાત્મક આ સંપૂર્ણ વિશ્વનું મૃષાત્વ જાણીને લાભાલાભ, અને જયાજય આદિના પ્રસંગોમાં તમે પૂર્વે જેટલા વેગથી સુખ દુ:ખ માનતા; તેટલા વેગથી અવે નથિ માનતા. નવા પદાર્થોમાં પ્રીતિ

જ જોડતા નથિ અને જૂના પદાર્થો-જેમાં પૂર્વે પ્રીતિ જોડી હતી તેને ઊંડી ન ઊતરવા દેવાની સંભાળ રાખો છો.

ક૦ નિઃસંદેહ.

આ૦ તો પૂર્વે સ્વસ્વરૂપને નહોતું જાણ્યું તેથી વિયોગદુઃખાગ્નિથી સંતાપ પામેલા તમે અહુણા યોગાનન્દશાન્તિને તર્ષો છો. પરન્તુ જેને માટે તમે ભૂલથી રાવ ખાઓ છો તે સહજાનન્દને તો નરપુંગવ એવા તમે પ્રતિક્ષણ અનુભવો જ છો. અને **सहजानन्द** એ જ જીવનમુક્તોનો આનન્દ-પરમાનન્દ છે.

ક૦ યથાર્થ !

આ૦ ત્યારે અવે યોગાનંદની ઇચ્છા હોય તો જેમ જેમ તમારા પદાર્થવર્તુલને તમે સંકટ એટલે સાંકડું કરતા જશો, તેમ તેમ તમે તેને (યોગાનન્દને) અધિકાધિક અનુભવશો. વળી જો પૂર્ણ યોગાનન્દની તૃષ્ણા હોય તો પદાર્થ પરંપરાને દુઃખરૂપા-મૃષા જાણીને તેમના વિચાર માત્રને પણ ચિત્તસ્થ દોષો સહિત, તમારા હૃદયમાંથી સર્વથા નિષ્કાસી દ્યો. એટલે પશ્ચાત્ અંતર્મુખવૃત્તિ થયે સ્વરૂપયોગદ્વારા આત્માલિંગનને પ્રાપ્ત થશો. એ જ યોગાનન્દભોગ છે. એનો વિસ્તર શ્રી જ્ઞાનમુદ્રાન્તર્ગત ‘ સ્વરૂપયોગાર્થીને મંગળ શિક્ષણ ’ એ નામના સંગીત પદ્યમાં નિષિચાયો છે. તે તમારા વિનોદને માટે ભણું છું: અને પછી તેનો સારાંશ પણ ગદ્યમાં કહીશ.

ક૦ કૃપા.

स्वरूपयोगार्थीनें मंगळशिक्षण.

સોરઠનું પદ. (ત્રિતાલ)

સુખ ઉરસાગર તીર, ધ્રુવ૦
આ સંસાર અસાર વિલોકી, વળ ઉરવાટ પ્રવીણ !
અચળ અમર આનન્દ સદાલય, જ્યાં ભાગે ભવભીડ;

ચલ વર વીર! વિવેક અચંળથી, ¹લખ ઉરકુંજ-સતેજ;
અચળ અમર આનંદનું આલય, શુભ ચંદ્રાલય એજ; સુખ૦
ચલ મૂલરાજ! વિચર નિજ રાજ્યે, વિશ્વાનન્દનકેન્દ્ર!
અજ, અનનેક, ન એક તું! સમ હો! ત્યજ નિજ ભ્રાન્તિ નરેન્દ્ર! સુખ૦
યદિ કંદર્પ સમાન તનૂ તુજ, અતિ મુખમંડળ ભવ્ય;
સતત વિકૃતિ રોગ, જરા, ને અંતકવશ એ દ્રવ્ય; સુખ૦

યદિ સ્ત્રી-સુન્દર ને શુભ સંતતિ, મંગળ મન્દિર ધીર;
લય ધાતુની ધૂલિ તથાપિ, સુખજ વસે ક્યાં વીર! સુખ૦
યદિ સાર્વભૌમ પ્રભુપદ વન્દિત, કાંચન કીર્ત્તિ અનન્ત;
તદપિ દુરન્તા તૃષ્ણા, રિપુભય, સુખ જ વસે ક્યાં સંત? સુખ૦

વિમળ હૃદયપંકજને પોલું, કોઈ કરે તહિં કીડ;
મોહપાશથી મૂઢ કરી તને, ભટકાવે ભવનીર; સુખ૦
યદિ ગંભીર રુચિર ગિરિકન્દર, અન્તર્ વસ એકાન્ત;
અન્ધવિરાગે બન્ધનત્યાગે, આન્તરસૃષ્ટિ સ્રજન્ત; સુખ૦

શોધન્તાં સુખ વૃદ્ધ થયો તું, વારિમથનને છંડ;
ક્ષારસરે જ મધુર મધ ક્યાંથી? લવણ તણા જ્યાં ખંડ; સુખ૦
કાં વિષપુંજે, વિષયનિકુંજે, વ્યર્થ કરે અનુરાગ?
આત્મકુસુમના ભોગિ ભ્રમર તું! ઉરકુંજે જઈ લાગ; સુખ૦

સ્વપ્નપઠે આ જગદ્રચનાને, તેં કલ્પીને સજેલ;
પરમ પુરુષ! અવલમ્બ કરે કિમ? જ્યાં નિજ નાટકખેલ? સુખ૦
હણુ ભ્રમણા જે પદાર્થ સુખદ છે, પંચભૂતોની ભેળ;
લખ ઉર આત્મા સૌખ્યનું આલય, ત્યજ માયાની કેલિ. સુખ૦

---

૧ ચૈતન્યસહિત હૃદયસ્થાનને જો. *તે જ આ લેખક તથા તેના પૂર્વજો આનંદજી; અમરચંદ, અચલજીનું મહાલય છે: એવો બીજો ધ્વનિ છે.

શમ દમ આદિક સાધન સજતાં, કર વિક્ષેપ વિદૂર;
રસાસ્વાદથી આગલ ચલ તો, આનન્દ જ ભરપૂર; સુખ૦
ચલ ઉરવાટ વિવેક અચળથી, હેયા મતિ હડસેલ;
શિવસુખ સંતત સંત તો સાધે, વાધ્યે પ્રેમની હેલિ. સુખ૦

ए पद्यनो गद्यात्मक सारांश.

નિર્મળ બુદ્ધિમાન્ મનુષ્ય પ્રૌઢવય પર્યન્ત આ સંસારનો અનુભવ કરતાં કરતાં તેનું સ્વરૂપ યથાવત્ સમજી લેછે. સંસાર અસાર, અસ્થિર, વિકારવાન્ અને નશ્વર છે. એ વાર્તા તેને હૃદયારૂઢ થાય છે. અને સુખ જે એક ક્ષુદ્ર જંતુથી લઇને મહાન્ રાજા પર્યન્ત સર્વ કોઇના અર્થનો વિષય છે, તેનું ધામ (સુખ મેળવવાનું સ્થળ) આ સંસાર અથવા તેના પદાર્થો નથિઃ એવો તેને સંપૂર્ણ નિશ્ચય થાયછે. એવા પ્રવીણ પુરુષને એ વાર્તા પુનઃ સૂચનદ્વારા દૃઢીભૂતા કરવા સારુ આ સંસારમાં પ્રિય મનાતા સર્વ પદાર્થની પરંપરાનું વિવેચન કરી, તે ઉચ્ચપંક્તિના હોય તોપણ સુખનું સ્થળ નથિ જ એમ મણ્ડિત કરવામાં આવ્યું છે. અને તેને, અંતર્મુખ વૃત્તિ કરી આત્માનંદનો ભોગ પ્રાપ્ત થવા સારૂ હૃદયકમળની વાટે પાછું વળવા ઉત્સાહ અર્પવામાં આવ્યો છે.

પોતાનું સુખ અથવા નહિ લાધતો એવો आनन्द, નિશ્ચય કરીને સંસાર અથવા આત્મા એ ઉભયમાંથી એક સ્થળમાં તો હોવોજજોઇયે. સંસાર એટલે સંસારના પદાર્થો અને નિજાત્મા એ ઉભય વિના ત્રીજું કોઈ સ્થળ જ નથિ, જ્યાં આનંદલાભ થાય. માટે એક પ્રવીણ પુરુષના સંપૂર્ણ અનુભવ પછી सुख वा आनन्द સંસારના પદાર્થમાં નથિ, એ सत्य જો તેને સમજાયું તો અવશિષ્ટ રહ્યો જે પોતાનો आत्मा ત્યાં તે પ્રાપ્ત થવો જ જોઇયેઃ એ નિઃસંદેહ છે. અત-

એવ અચળ વિવેક ધારણ કરી મંગળ હૃદયકમળના માર્ગપ્રતિ પાછું વળવું. કારણ, **સ્વહૃદય** એ જ અજ, અજર, અમર, અને અવિનાશી એવા વિશેષણ વાળા પરમ આનન્દરૂપ આત્માનું પવિત્ર મંદિર છે. અને જ્ઞાન-જ્યોતિએ કરી ત્યાંજ પુનરાગમન કીધે આ મૃષા ભવજલોદ્ભવાદુઃખ-પરંપરાની નિવૃત્તિ થઈને પરમાનન્દના પ્રવાહનો સંભોગ પ્રાપ્ત થાય છે.

ગુરૂ પોતાના શિષ્યપ્રતિં, સંસારમાં શ્રેષ્ઠ મનાતા સ્ત્રી પુત્ર, અને ધનમંદિરાદિક હૃદયંગમ પદાર્થોનું અનુક્રમે સ્મરણ કરાવી તેમાં સુખનો નિષેધ કરેછે. કારણ તેઓ નિરંતર વિકૃતિ જરા અને અને રોગને અધીન હોઇ અંતે નાશને પામે છેઃ ત્યાં સત્ય અને અચળ સુખ શી રીતે હોય ?

ગૃહસ્થના કહેવાતા વૈભવને નિષેધીને વાનપ્રસ્થના એકાન્તને પણ નિષેધે છે. કેમ જે વિશુદ્ધ વૈરાગ્ય પ્રાપ્ત થયા વિના અંધપણે સંસારનો પરિત્યાગ કરવાથી મન વિષે બીજી એકસૃષ્ટિ ઉભી થાય છે, જેને આંતર્સૃષ્ટિ કહેછે. અને તે વળી આ બાહ્યસૃષ્ટિ કરતાં પણ અધિકદુસ્તરા છે.

ગુરૂ વારંવાર ભાર મૂકીને શિષ્યને પ્રબોધે છે અને કહેછે જે તું વારિમથન એટલે પાણીનું વલોણું છોડી દે. વળી ખારા સરોવરમાં મીઠા મધની આશા વ્યર્થ છે. અપિચ, અહો પ્રવીણ પુરૂષ ! આ જગદ્રચના સ્વપ્નતુલ્યા તારી જ સ્વરચના છે સંસાર એ એક મહાનાટક છે. તું તેનો વિરંચિ અથવા સૂત્રધાર છે. તેમ સતે તું જ તે નાટકના પદાર્થો ઉપરિ મોહ કરીને ત્યાં કામનાવાલો થાય છે, એ મહદાશ્ચર્ય છે. અતએવ પરમ પ્રેમાસ્પદ જે નિજ **આત્મતત્ત્વ** તેની ભણી પ્રેમની હેલિ વર્ષાવીને શમદમાદિ સાધનપૂર્વક નિરંતર ઉદ્યત રહે. એટલે હે સંત પુરૂષ ! તને **શિવસુખ** એટલે પરમ આનંદના અપાર પ્રવાહનો સંભોગ પ્રાપ્ત થશેઃ ઈત્યાદિ, ઈત્યાદિ.

ક૦ જયજય ! મહાશય ! એ મંજુલ સંગીતને સાર્થ શુણીને મને અતીવ આહ્લાદ થયો. તેમાં કહેલા વિધાનને અનુરોધે હું યોગાનન્દને પામીશ.

આ૦ ધારણા, ધ્યાન, અને સમાધિનો એ માર્ગ છે. ધારણાની પરિપકવા દશાને ધ્યાન કહેછે; અને ધ્યાનની પરિપકવા દશાને સમાધિ કહેછે. પણ સમાધિ અતીવ કષ્ટ સાધ્ય, દુર્લભ છે. તે ન સધાય તો ચિન્તા નહિ. શાસ્ત્ર કહે છે જે:—

उत्तमा सहजावृत्तिः । मध्यमा ध्यानधारणा ।
मूर्त्तिपूजा कनिष्ठा च । तीर्थयात्राधमाधमा ॥

અર્થ:—સહજા વૃત્તિ એ જ સર્વોપરિ છે ધારણા ધ્યાન (અને સમાધિ) એ મધ્યમ કહેવાય છે. મંદ પુરુષોને માટે મૂર્ત્તિપૂજા છે. અને તીર્થયાત્રા તો કેવળ પામરો માટે જ છે.

ક૦ સાધુ. ત્યારે આત્મવિયોગદુ:ખથી સંતપ્ત એવો હું ધારણા ધ્યાન અને સમાધિ આદિને ગૌણ સુખસાધન માનીને તેદ્વારા યોગાનન્દ પ્રાપ્તિને અર્થ યત્નવાન્ થઈશ. પણ જો તેમાં નિષ્ફળ થયો તો તેનો શોક ન ધરતાં મુખ્ય, ઉત્તમ, અને અનાયાસે પ્રાપ્ત એવા, **સહજાનન્દ**માં જ નિમગ્ન રહીશ.

આ૦ બીજી કંઈ અજ્ઞાનવર્ધિની નિષ્ફળા પ્રવૃત્તિમાં પડો તેની અપેક્ષાએ તો ધારણા, ધ્યાન, અને સમાધિ આદિ નિર્મળપ્રવૃત્તિમાં પડો તે જ સ્તુત્ય છે. પણ તેમ ન હોય તો **સહજાનન્દ** એ જ શ્રેષ્ટ છે. કેમ જે શાસ્ત્ર આમ બોધે છે:

देहाभिमाने गलिते । विज्ञाते परब्रह्मणि ॥
यत्र यत्र मनोयाति । तत्र तत्र समाधयः ॥

અર્થાત્ પોતાના સ્વરૂપને વિજાન્યાથી જયારે દેહાભિમાન ગલિત થાય છે, ત્યારે જયાં જયાં મન જાય છે ત્યાં સમાધિ જ છે.

૬૦ યથાર્થ.

આ૦ કેટલાએકો, વાસનાક્ષય અને મનોનાશ સમાધિદ્વારા સધાશે એમ માનીને તેનો નાદ રાખે છે. પણ વાસનાક્ષય અને મનોનાશ સાધવાનો એ સમીચીન માર્ગ નથિ.

વળી બીજે કોઈ માર્ગે પણ વાસનાક્ષયને માટે તેની સીમા ઉલ્લંઘીને અતીચ્છા રાખવી તે પણ સમ્યગ્ નથિ. એ તો સ્વપ્રતિપાદ્ય સ્વખંડન જેવું થયું. અર્થાત્ વાસના જેને કહાડવા માગતા હતા તે તો પાછી બીજે સ્વરૂપે આવીને ઉભી જ રહી.

વાસનાક્ષય, તેને માટે નિસ્તૃષ્ણં રહેવામાં જ છે. વેદવિહીત અને નિષ્પાપ એવા અન્યાન્ય ભોગોને માટે વાસના રહી તો એ શું અને તે ગઈ તો એ શું! જ્ઞાનવાન્ વિદ્વાન્‌ને તે લેશ પણ બાધ કરતી નથિ. જુઓ એ શાસ્ત્રોક્ત તથા અનુભવસિદ્ધ વિચારને શ્રુતિ ભગવતી કેવી પુષ્ટિ અર્પે છે ?

भिद्यते हृदयग्रंथिः । छिद्यन्ते सर्वसंशयाः ॥
क्षीयन्ते चास्य कर्माणि । यस्मिन् दृष्टे परावरे ॥

અર્થાત જેણે પોતાના સ્વરૂપને સમ્યગ્ જાણ્યું છે તેની હૃદયગ્રંથિ, નાના પ્રકારના સર્વ સંશયો, અને સર્વ કર્મો નાશને પામેછે.

વળી આ બીજી શ્રુતિને શ્રવણ કરો.,

आनंदं ब्रह्मणो विद्वान् । न बिभेति कुतश्चन ॥

અર્થ—જેણે સ્વરૂપભૂત એવા બ્રહ્મના આનન્દને જાણ્યો છે તે કશાથી ભય પાંમતો નથિ.

અપિચ, સ્મરો શાસ્ત્રાન્તરમાં શું કહ્યું છે ?

ज्ञानामृतेन तृप्तस्य कृतकृत्यस्य योगिनः ॥
नैवास्ति किंचित्कर्त्तव्यमस्तिचेन्न स तत्त्ववित् ॥

અર્થાત્ જ્ઞાનામૃતથી તૃપ્ત થયેલ પુરુષ કૃતકૃત્ય યોગી છે. તેને

કંઇએ કર્ત્તવ્ય રહેતું નથિ. પણ જો તે એમ સમજે જે વાસના-ક્ષય, મનોનાશ અને સમાધ્યાદિ અજી મારે કર્ત્તવ્ય છે: તો તેને ખરો તત્ત્વવેત્તા ન જાણવો.

ક૦ ધન્ય ! ધન્ય ! કરુણાળુ મહાશય! આપે તો મારૂં સમૂળ વાસનાજાળ જ હરી લીધું. એ વાસનાક્ષયને માટે પણ અવે મને વાસના રહેવાની નથિ. આપના એવા જાજ્વલ્યમાન અને મંગળ-મય બોધથી મને જે નિરવધિ આનન્દ થાયછે તે વર્ણવાની પણ અવે મને વાસના નથિ. અને વાસના નથિ, તો તેનું કરનારૂં મન પણ કયાંથી હોય ? વળી એ આનન્દ વર્ણવાને વાણી અશક્તા તેમ જ મૃષા છેઃ અતએવ વાસના મન અને વાણી વિહીન-(તે તૂષ્ણીંભાવને પ્રાપ્ત થાય છે.)

આ૦ સાધુ. મારા કથનને તમે યથાવત્ સમજ્યા છો. એ વાસના ગઈ તો એ શું અને રહી તોએ શું ? એમ તેમને માટે નિસ્તૃષ્ણ થઇને પરમદૃઢતાથી તેનો જે સમૂળ સંહાર થાય છે તે સમાધિ આદિશી થતો નથિ. કેમ જે સમાધિ ઊતરી એટલે વાસ-નાઓ પાછી શનૈઃ શનૈઃ આવિર્ભાવને પામે છે.

યદ્યપિ વારંવાર સમાધિના અભ્યાસથી વાસનાનું વ્યસન પણ છૂટે છે ખરૂં, તદપિ તેને હણવાને જ્ઞાન જેવું કોઇ સબળ શસ્ત્ર નથિ. અને તે જ્ઞાન સ્વલ્પાયાસે પ્રાપ્ત થાયછેઃ તો વાસનાદિના સંહાર અર્થે સમાધિના શ્રમમાં પડવું નિષ્પ્રયોજન છે.

ક૦ પણ મહાશય! મને એક બીજો તરંગ સ્ફુરેછે.

આ૦ કહો સંત! તે શું છે?

ક૦ યદ્યપિ હું યથાવત્ સમજું છું જે સકલ પદાર્થ સહિત આ દેહ મિથ્યા, સ્વપ્નતુલ્ય છે. તે રહો કિંવા પડો તે ઉભય સમાન જ છે. પરન્તુ જ્ઞાનોદય પશ્ચાત્ જો એ દેહ તત્ક્ષણ પડી જાય તો આટલા વિચારને પણ પછી અવકાશ ન રહે.

આ૦ દેહનું રહેવું કિંવા પડવું કેવળ પ્રારબ્ધાધીન છે. જ્ઞાન થયા પછી પણ પ્રારબ્ધશેષના બળે કરી જો તે રહે તો તે વિદ્વાનને કયે પ્રકારે બાધ કરી શકે ? દેહનું બાહ્ય પડવું તે કંઈ વિદ્વાનને અભીષ્ટ નથિ. પણ દેહાભિમાન ગલિત થવું તે જ દેહનું પડવું છે. અને તે જ તેને અભીષ્ટ છે.

ક૦સત્યઃ ત્યારે અવે કૃપાકરી પ્રારબ્ધાદિ કર્મત્રયના વિચારને કહો.

આ૦ તેને માટે એક પદ્ય જ સ્મરણમાં છે, તે રટો એટલે એ વિષય યથાવત્ સમજાશે.

ક૦ કૃપા.

આ૦ શૃણોઃ

પ્રારબ્ધ અને પુરૂષપ્રયત્ન.

વંશસ્થ વૃત્ત.

સુરેખ કર્મત્રય કેરૂં ચિત્ર છે, વૃથા કથા માન ન, શ્રેય સૂત્ર છે;
પ્રબોધ જેનો જનને પવિત્ર છે, અસાર સંસારં વિષે સુમિત્ર છે.
અનન્ત જન્મે બહુ કર્મ જે કર્યાં, અપાર ભંડાર વિષે જ તે ભર્યાં;
પ્રમાણુ તે સંચિત નામ પામતાં, દૃઢાખ્ય પ્રારબ્ધ તહિથી યામતાં.
ન તે વિના ભોગ કદા વિરામતાં, પ્રતિક્રિયા નિષ્ફળ, છાંડ. કામ્યતા;
તથાપિ અંશદ્વય [1]અન્ય તે તણા, પ્રયત્ન માગે ક્રિયમાણુંના ઘણા.
ફળાર્થ ઉત્સાહ ગ્રહો મને કરી, વિશુદ્ધિ નિષ્પન્ન થશે શ્રમે કરી,
અનેક છે અન્ય પ્રસંગ તે વિના, સ્વતંત્ર જેમાં ક્રિયમાણુ આપણાં.
અહો ! કહો એ ક્રિયમાણુ કોણને ? *સ્વતંત્ર ઈચ્છા કૃતિ આ તનૂ મને;
ભલી ફલંતી ઉરની ઉપાસના, કરો ક્રિયા, જો ગ્રહી ચારુવાસના.
અતકર્ય શક્તિ ક્રિયમાણુની ભણો, શનૈઃપિ અંતે ફલદાયિની શૃણો;

૧ અદૃઢ, દૃઢાદૃઢ.

* 'અહો ! કહો એ ક્રિયમાણુકોણને' એ પ્રશ્નનું ઉત્તર.

પ્રપંચપક્ષે અવબોધકારિણી, સ્વરૂપલક્ષે ભવનીરતારિણી.
પ્રમાણુ તેને પરમોપકારિણી, સુજાણુ તેને સ્વસ્વરૂપસારિણી;
ગ્રહો શુભેચ્છા વિમળા. ક્રિયા કરી, બનો જનો રે કટિબદ્ધ કેસરી.

ક૦ જયજય! મહાશય! જમતાં જમતાં બહુ પૃચ્છાઓ કરી મેં આપને અતિ પરિશ્રમિત કર્યા છે, માટે ક્ષમા માગું છું. આપણી જ્ઞાનચર્ચામાં કોઈ ગૃહજનને સ્વાદ નહિ જ પડયો હોય. પ્રત્યુત તેમને ઉપાધિ જેવું થયું હશે. હું તો ભોજનનું ભોજન એવું જે આજનું કથન તે શૃણીને કૃતકૃત્ય થયો: અને અવે ઘેર જઇશ.

આ૦ તમારા જ્ઞાનોત્સૌકય અને સમજી લેવાની ત્વરા વડે સંવાદ રુચિકર થાય છે. તમારા પ્રશ્ન, મારા કથનને લક્ષપૂર્વક પૂર્વાપર શૃણીને તેનું યથાવત્ મનન કરવાથી ફલિત થાયછે: તેથી મને સંતોષ થાયછે.

આવો પ્રસંગ ત્રેતાયુગમાં ભગવાન્ શ્રી રામચંદ્રજી અને તેમના ગુરુ શ્રી વસિષ્ઠમુનિ વચ્ચે ચાલ્યો હતો. તથા કલિયુગમાં નરપુંગવ એવા શ્રી અર્જુન મહારાજ અને યોગેંદ્ર હરિશ્રી કૃષ્ણચંદ્રજી વચ્ચેચાલ્યો હતો.

તદનન્તર ભગવાન્ શ્રીમચ્છંકરાચાર્ય અને તેના શિષ્ય શ્રી પદ્મપાદાચાર્ય વચ્ચે, શ્રીમદ્રામબાવા અને તેના શિષ્ય બાપુજી વચ્ચે, અને શ્રીમદ્વિષ્ણુબાવા બ્રહ્મચારી અને તેના એક શિષ્ય વચ્ચે ચાલ્યો હતો. એમની વાણીનું પઠન તમને અધિક સંતોષ અર્પશે

અવે તમને પંચમી પ્રભા શ્રવણ કરવાનો અધિકાર પ્રાપ્ત થયો છે. તમારી અદ્વિતીયદેવરૂપતા અને સંપૂર્ણસચ્ચિદાનન્દરૂપતાનું, અનુભવગમ્યતા તથા શ્રુતિ વચનોએ કરી પ્રતિપાદન થયુંછે. અને અવે વક્ષ્યમાણ એવી પંચમી પ્રભાના યુક્તિકથનથી તે દૃઢાવાશે. કાંલે પ્રભાતે તમે આપણા મિત્રવર્ય શ્રી શંભુપ્રસાદજીને મહાભવને પધારજો.

इति श्रीमदानन्दनन्देन पानाचन्देन निर्मितस्य श्रीसूर्यकान्तस्य चतुर्थी प्रभा.

अथ श्री सूर्यकान्त अथवा निजविचार संक्षेप

पंचमी प्रभा प्रारंभः

માનવ દિવ્યતાનું મધ્યાહ્ન.

અખિલ વિશ્વની એકરૂપતા: તેના પદાર્થોનું પરસ્પર અવૈચિત્ર્ય.

બીજે દિવસે પ્રભાતે શ્રીકરુણાપ્રસાદજી જ્યાં ગયાં તે તેમના મિત્ર શ્રી શંભુપ્રસાદજીનું મહાભવન હતું. જે પ્રાચીન ભારતીયોની રૂચિના અનુસરણમાં બાંધેલું, નાનાવિધ રંગોથી રંગેલું, અને પૃથક દેવમન્દિર, યજ્ઞશાળા, ધનભાણ્ડાર, સુંદર જળાશય, તથા ગૃહવાટિકાના આર્ય વૈભવવાળુ હોઇને શ્રીકરુણાપ્રસાદજીને બહુ ગમતું

અન્યત્ર જ્યાં ત્યાં આર્ય દેશજનતાનો ભંગ કરનારી જડચેતનાત્મિકી મૂર્ત્તિઓને જોઇને ખિન્ન થયેલાં આ આર્યવરનાં નયનકમળને આરામવા જે મહાભવનનો કાષ્ટસમૂહ કુશલ તક્ષકોને હાથે કળા પામીને ફળફૂલ અને વલ્લિરૂપે દર્શન અર્પતો; અને પ્રસ્તરસમૂહ, ચતુર શિલ્પકારોને હાથે રૂપાન્તર પામીને દેવતા તથા પ્રાચીન ઋષિ મુનિના ભવ્ય દર્શન કરાવતો. તેના શિરોભાગમાં ઊંચી આકાશી આવેલી હતી. જ્યાંથી અખિલ રાજનગર ગંધર્વદૃષ્ટિએ જોવાઈ શકાતું હતું.

તહિં જતાં જ પ્રસન્નમાનસ એવા શ્રીઆનન્દસાગરમહાશયને જોઇને,

ક૦ નમસ્તે મહાશય !

આ૦ સ્વાગત કરુણાપ્રસાદજી! આસનારૂઢ થાઓ.

શંભુપ્રસાદ૦ (બીજા ખણ્ડમાંથી આવીને શ્રીકરુણાપ્રસાદજીને) નમસ્તે વીરવર્ય ! આજ તો બહુ દિવસે કૃપા કરી.

ક૦ નમસ્તે બંધો ! એમાં દોષ મારો નહિ. જ્યાં ગૌ ત્યાં વત્સ, જ્યાં મેઘ ત્યાં વિદ્યુતા, અને જ્યાં શ્રી આનન્દસાગરમહાશય ત્યાં હું મીન.

એક બટુક—અને જ્યાં શીરો ત્યાં શ્રાવક ! (સર્વ હસે છે.)

આ૦ સાધુ સાધુ.

શંભુ૦ (પોતાના અનુચરંને) ઉષ્ણ પયપાન અને તાંબુલાદિ શીઘ્ર સિદ્ધ કર.

અનુચર૦ આજ્ઞા. (તે જાય છે અને થોડી વારે સર્વ લાવી આપે છે. એટલે પેલો બટુક વિના કહે સર્વની ઉપરિ સુગંધિજળ છાંટી જઈ પુનઃ તેમને હસાવે છે.)

ક૦ (શ્રીઆનન્દસાગરમહાશયની ભણી જોઇને) મહાશય ! આપણે બહુ ઊંચે આવ્યા છિયે. નીચે ભૂમિ પ્રતિથી પવિત્ર શિવાલયસ્થ ગંભીર શંખનાદ સંભળાય છે, અને પડોશમાંથી મૃદંગનો મંજુલ નાદ આવે છે, તે પરસ્પર **વિચિત્ર** લાગે છે તેનું કારણ શું ?

વળી ત્યાં કોઈ પુરુષ ગાય છેઃ તેના એક જ મુખમાંથી નીકળતા ઉચ્ચારો ભિન્ન ભિન્ન બાવન વર્ણાત્મક રૂપે સંભળાઇને તેઓ પરસ્પર **વિચિત્ર** લાગે છે તે કેમ ?

આ૦ શબ્દ બે પ્રકારના ગણાય છે. ધ્વન્યાત્મક અને વર્ણાત્મક. શંખમૃદંગાદિકમાંથી જે શબ્દ નીકળે છે તે ધ્વન્યાત્મક કહેવાયછે. અને માનવમુખમાંથી જે શબ્દ નીકળે છે તે વર્ણાત્મક કહેવાય છે. પણ ખરું જોતાં તે ઉભય, અને શબ્દમાત્ર વર્ણાત્મક જ છે.

માનવી, કણ્ઠાદિ સ્થાનના સાધનથી બાવન વર્ણને ઉચ્ચારી શકે છે. તેમને એથી પણ વિશેષ સાધન હોત તો તેઓ બાવન

વર્ણુથી પણ વિશેષ વર્ણને, તેમજ મૃદંગાદિ વાદ્યના શબ્દોને પણ સમ્યક્ પ્રકારે ઉચ્ચારી શકત.

ક૦ સમ્યક્.

આ૦ અવે કણ્ઠ સ્થાની ક ખ ગ ઘ ઙ પંચક કરતાં તાલુ સ્થાની ચ છ જ ઝ ઞ પંચક, અને તેના કરતાં મુર્દ્ધની સ્થાની ટ ઠ ડ ઢ ણ પંચક પરસ્પર ભિન્ન ભિન્ન લાગે છે તે, કણ્ઠ તાલુ અને મુર્દ્ધનીસ્થિત વાયુના રચનાન્તર થકી તેમ જણાય છે. ત્યાં વાયુની ન્યૂનાધિકતા તેમાં કારણભૂતા છેઃ તદપિ એ ત્રણે કિંવા સર્વ પંચકો વાયુરૂપ જ છે. અને યદ્યપિ ન્યૂનાધિક વાયુને લીધે તેઓ પરસ્પર અસમાન છે ખરાં, પણ વિચિત્ર નથિ.

ક૦ તે કેમ ?

આ૦ એક મહાપર્વતમાં જેમ મનુષ્ય પશ્વાદિની અનેક મૂર્ત્તિઓ તથા બાવન વર્ણાત્મિકા સંપૂર્ણા લિપિ રહી છે. તેમાંથી તેમને કોરીને અલગીં પાડતાં વ્યક્તિરૂપે તેઓ પરસ્પર ભિન્ન ભિન્ન જણાય છે, તે રચનાન્તરથી પ્રસ્તરપિણ્ડની ન્યૂનાધિકતાને લીધે છેઃ પણ વસ્તુતઃ તેઓ સર્વ પર્વતરૂપ જ છે.

વળી એક અંજલિ ભરીને મશીમાં એ જ પ્રમાણે મનુષ્ય પશ્વાદિની અનેકમૂર્તિઓ તથા બાવન વર્ણાત્મિકા સંપૂર્ણા લિપિ રહી છે. એ આલેખતાં વ્યક્તિરૂપે તેઓ પરસ્પર ભિન્ન ભિન્ન જણાય છે, તે રચનાન્તરથી થકી, મશીના ન્યૂનાધિકપણાને લીધે છે. પણ વસ્તુતઃ તેઓ સર્વ મશીરૂપ જ છે.

તેવી રીતે જ આપણા વાતાવરણરૂપ મહાન્ વાયુપુંજમાં યાવત્ શબ્દ એટલે માનવમુખકૃત અને અનેક વાદ્યયંત્રના સર્વ શબ્દો અંતર્ભૂત છેઃ તેમાંથી વ્યક્તિરૂપે તેમને ઉચ્ચારતાં તેઓ પરસ્પર ભિન્ન ભિન્ન લાગેછેઃ તે, રચનાન્તર થકી, વાયુના ન્યૂનાધિક

પણાને લીધે છે. પણ વસ્તુત: તેઓ સર્વ વાયુરૂપ જ છે. અને યદ્યપિ ન્યૂનાધિક વાયુને લીધે તેઓ પરસ્પર અસમાન છે ખરા, પણ તેમાં વૈચિત્ર્ય શું છે ?

ક૦ યથાર્થ.

આ૦ એવી જ રીતે સંખ્યાના સંબંધમાં પણ સમજવું.

એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દશ, સહસ્ર, લક્ષ અને કોટિ, એમ વિચારતાં એકસંખ્યાથી કોટિ પર્યન્તની સંખ્યાઓ પરસ્પર ભિન્ના જણાય છે. પણ ખરું જોતાં બેથી તે કોટિ પર્યન્તની સર્વસંખ્યાઓ એકસંખ્યાની જોડ માત્ર છે. બેથી કોટિ પર્યન્તની સંખ્યાઓ એકસંખ્યાકરતાં બહુલા, અસામાના ખરી, પણ તેમાં વૈચિત્ર્ય કંઈ નથિ.

ક૦ સમ્યક્.

આ૦ એમ શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધાત્મક ભાનરૂપ આ સંપૂર્ણ જગત્ વિષે પણ સમજવાનું છે. તે આ પ્રમાણે.—

યુરોપિયન 'સાયન્ટિસ્ટ્સ્' એટલે યુરપના પદાર્થવેત્તાઓ જેને 'ઈથર્' (Ether) કહે છે તે, સ્થિતિસ્થાપક ધર્મવાળું સૂક્ષ્મ પ્રાણતત્ત્વ જેવું એક તત્ત્વ છે; એ 'ઈથર્'ને આપણે આજના પ્રસઙ્ગમાં તેજોવહતત્ત્વ એ નામથી વ્યવહરિશું. એ તેજોવહતત્ત્વ મહેચ્છાકર્ષણથી આંદોલન પામીને નિયત સમયમાં, અમુક વેગથી, અમુક સંખ્યાની લહરિઓને ઉત્પન્ન કરે છે: ત્યારે શબ્દભાન થાય છે.

ક૦ સમ્યક્.

આ૦ એ તેજોવહતત્ત્વ આંદોલન પામીને પૂર્વે કહેલું તે કરતાં અધિકતર વેગથી, અધિકતરસંખ્યાની લહરિઓને ઉત્પન્ન કરે છે, ત્યારે સ્પર્શભાન થાય છે.

ક૦ સમ્યક્.

આ૦ એ જ **તેજોવહતત્ત્વ** આંદોલિત થઇને, એના કરતાં પણ અધિકતર વેગે અધિકતરસંખ્યાની લહરિઓને ઉત્પન્ન કરે છે ત્યારે રૂપવિષયનું ભાન થાય છે. એમ રસ અને ગંધ પર્યન્ત સમજી લેવું. શબ્દવિષયથી આરંભીને તે ગંધવિષય પર્યન્તનો સર્વ ખેલ, જે પરસ્પર ભિન્ન ભિન્ન જણાય છે, તેમાં મહેચ્છાકર્ષણથી આંદોલિત થયેલા **તેજોવહતત્ત્વનો** વેગ અને ન્યૂનાધિકસંખ્યાની લહરિઓ, એ કારણભૂત છે. પણ શબ્દાદિ એ પાંચે વિષયનું ભાન અથવા પરિજ્ઞાન એક રૂપ જ છે. અને યદ્યપિ ન્યૂનાધિકલહરિઓને લીધે તેઓ પરસ્પર અસમાન છે ખરાં, તદપિ તેમાં વૈચિત્ર્ય કંઇએ નથિ.

ક૦ યથાર્થ.

આ૦ એ પ્રમાણે ત્યારે, શબ્દના જે સારિગમપધાનિ અથવા ષડ્જ, રિષભ, ગંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાધ એવા સપ્ત સ્વર અને ત્રણ કિંવા અનેક ગ્રામ છે, (પણ મનુષ્ય, ત્રણ ગ્રામ પર્યન્ત જ ગાઈ શકે છે,) એ સપ્ત સ્વરો અને ગ્રામો પણ પરસ્પર ભિન્ન વિચિત્ર જણાય છે: કિન્તુ તેમ નથિ. તે સાવધાન શૃણો.

નિયત સમયમાં, આંદોલિત થયેલા **તેજોવહતત્ત્વના** અમુક વેગ, અને તેથી ઉત્પન્ન થયેલી અમુકસંખ્યાની લહરિઓથી, 'સા'નો સ્વર જન્મ પામે છે. અને તેના કરતાં પણ અધિકતર વેગ, અને તેથી ઉત્પન્ન થયેલી અધિકતરસંખ્યાની લહરિઓથી, 'રિ'નો સ્વર જન્મ પામે છે. એમ પ્રથમ ગ્રામના નિષાધના સ્વર પર્યન્ત વધતાં જવું. અને બીજા ત્રીજા તથા આગલ કોઈ પણ ગ્રામના નિષાધના સ્વર પર્યન્ત વધતાં જતાં જે જે મહત્ત્વના સ્વરો જન્મ પામેછે, તેમાં આંદોલિત થયેલા **તેજોવહતત્ત્વનો** વેગ અને તેથી ઉત્પન્ન

થયેલી લહરિઓ એ કારણભૂત છે. પણ પ્રથમ ગ્રામના ષડ્જથી તે અમુક કોઈ પણ ગ્રામના નિષાધ પર્યન્ત, સર્વ સ્વરો એકરૂપ જ છે. અને યદ્યપિ લહરિબાહુલ્યને લીધે તેઓ પરસ્પર અસમાન છે ખરા, પણ તેમાં વૈચિત્ર્ય કંઈએ નથિ.

ક૦ સમ્યક્.

આ૦ એવી રીતે સ્પર્શવિષયના સપ્ત કિંવા અનેક સ્પર્શાકાર; રૂપવિષયના સપ્ત કિંવા અનેક રંગ; રસવિષયના ષડ્‌સ કિંવા અનેક રસ; અને ગંધવિષયના અનેક ગંધો વિષે સમજવું.

તેઓ સર્વ નિયતસમયમાં આંદોલિત થયેલા **તેજોવહતત્ત્વના** ન્યૂનાધિક વેગ, અને તેથી ઉત્પન્ન થયેલી લહરિઓની ન્યૂનાધિકસંખ્યાનું ફળ છે. માટે પરસ્પર એક રૂપ જ છે. અર્થાત્ શબ્દવિષયના ષડ્જ-એ પ્રથમ આકારથી તે ગંધ વિષયના કોઈ અંતિમ ગંધાકાર પર્યન્ત, તેઓ અભિન્ન, અનન્ય, એક રૂપ જ છે. અને યદ્યપિ તેઓ **તેજોવહતત્ત્વની** ન્યૂનાધિકલહરિઓને લીધે પરસ્પર અસમાન છે ખરા, પણ લેશ પણ **વિચિત્ર** નથિ જ.

ક૦ અહો ! એ મહદાશ્ચર્ય. જેમ આત્મા એક રૂપ છે, તેમજ આ વિશ્વ અને તેના પદાર્થો પણ આત્માનુસરણમાં પરસ્પર એક રૂપ જ-અવિચિત્ર જણાય છે.

આ૦ નહિ તે કંઈ મ્હોટું આશ્ચર્ય નથિ. મ્હોટું આશ્ચર્ય તો આ છે જે ઊંડા ઊતરીને જોવા જઇયે છિયે તો જેની સિદ્ધિ જ થતી નથિ, એવા પદાર્થોને વિષે આપણે આટલું બોલિયે પણ છિયે.

ક૦ સત્ય.

આ૦ આવા વિચારને મળતો વિચાર મૂળ આપણને આપણા શ્રુતિવચનોથી પણ સુગમ્ય થયો છે. શ્રુતિ કેહે છે જે । **एकोऽहं बहु स्याम्** । અર્થાત્ હું એક છું તેમાંથી બહુ થાઊં: તે પ્રમાણે સર્વ

દેહોમાં એક જ તત્ત્વ વ્યાપી રહ્યું છે. એ તત્ત્વ બહુપણાંના ભાસને હેતુરૂપ ખરૂં, પણ તે વૈચિત્ર્યને હેતુરૂપ નથિ.

વળી અધ્યારોપ થકી આ સૃષ્ટિમાં જેવો આરંભ મનાય છે તે પરત્વે જોતાં પણ તેમાં વૈચિત્ર્ય બની શકે તેમ નથિ. એ સંબંધે શ્રુતિવચનોનું શ્રવણ કરીને તેની સમાલોચના કરો.

तस्माद्वा एतस्मादात्मनः आकाश संभूतः आकाशाद्वायुः । ।वायोरग्निः। अग्नेरापः। अद्भ्यः पृथिवी। पृथिव्या ओषधयः। ओषधीभ्योऽन्नम् । अन्नाद्रेतः । रेतसः पुरुषः ॥

એ પ્રમાણે ત્યારે આ સૃષ્ટિનું મૂળોપાદાન આત્મા અને આત્માથી તે પુરૂષ પર્યન્ત એક બીજાનું ઉપાદાન કારણ છે. એક જ ઉપાદાન કારણનાં કાર્યોમાં વૈચિત્ર્ય કેમ સંભવે ?

ક૦ યથાર્થ: પણ મહાશય પરસ્પર અવિચિત્રા એવી સામગ્રીવાળા આ વિશ્વનો ભર્મ ત્રુટી ન પડતાં તે નભ્યું કેમ જાય છે ?

આ૦ તેનું કારણ સમજાવુંછું: વળી તત્ત્વમયી આપણી એ ચર્ચા વિનોદસહિત પ્રબોધકારિણી થાય તેવા હેતુથી તેમાં માનવભાવનાઓને મનુષ્યનું રૂપ અર્પીને પ્રસંગ ચલાવું છું. તમે લક્ષણા કરીને તેના સારને પારંગત થજો.

ક૦ સાધુ.

શ્રીમતી તૃષ્ણાકુમારીનું આખ્યાન.

આ૦ શૃણો, મહારાજાધીરાજ શ્રીસ્વાર્થરાજ જે આ બ્રહ્માણ્ડના પતિ છે, તેમના આડમ્બર અને તેમના પ્રધાન શ્રીપ્રપંચેશ્વરજીના રાજ્યનૈપુણ્યે કરીને એ વિશ્વ યાવત્ ચંદ્રોદિવાકર સ્થાયિ રહેશે એમની રાજ્યસત્તા અખિલ બ્રહ્માણ્ડમાં દશે દિશાએ વ્યાપી રહી છે. એ નિરન્તર અવિદ્યાના ભોજનની પુષ્ટિથી હૃષ્ટપુષ્ટ અને તેના મદથી ઉન્મત્ત થયેલનું સામર્થ્ય અપાર–અવર્ણનીય અથવા કહો અનિર્વચનીય છે.

ક૦ યથાર્થ.

આ૦ એમની પાશે મહતી સેના નથિ. પણ વ્યૂહરચનકૌશલ્યે તે અલ્પને મહદ્વત્ દર્શાવી શકે છે. યદિ કોઈ વિચક્ષણતાથી તેની નિરીક્ષા કરે તો અંતરમાં પોલાણ જોવામાં આવે છે.

ક૦ સમ્યક્.

આ૦ એ સેનામાં પ્રાચીના પદ્ધતિના અગ્ન્યસ્ત્ર, વરૂણાસ્ત્રાદિ શસ્ત્રો, કિંવા અર્વાચીના પદ્ધતિની સવાલક્ષ મૂલ્યની શતઘ્ની અને નિર્ધૂમ ચૂર્ણાદિ સાધનો નથિ. પણ એક સર્વજય એવો અક્ષય વિધુત્સમૂહ છે. જેથી સર્વ વર્ણનાં, સર્વ આશ્રમનાં, અને સર્વ સ્થિતિનાં લોકો, આબાલવૃદ્ધ સહજ જીતાય છે.

જેના રાજ્યમાં સૂર્યચંદ્ર અસ્ત પામતા નથિ એવા એ નૃપેન્દ્રની પાંચ રાજધાની નગરીઓ છે.

ક૦ એ નગરીઓ કઈ કઈ?

આ૦ વિષયાનન્દ નગરી, વિદ્યાનન્દ નગરી, અદ્વૈતાનન્દ નગરી, આત્માનન્દ નગરી. અને યોગાનન્દ નગરી.

ક૦ સાધુ.

આ૦ પણ મહારાજ **स्वार्थराज** પ્રાય: વિષયાનન્દ નગરીમાં જ નિવસીને રાજ્ય ચલાવે છે: જ્યાં પ્રિયાચરણ શિખરપર રક્ત રંગિ પ્રેમધ્વજ સ્પંદાયમાન થતો રાતદિવસ ઊડી રહે છે.

એની અનેકવિધા પ્રજા અનંત વિસ્તારવાળીછે, અને તે પોતાના મહારાજ્યને સંસાર કહેવરાવે છે: પણ વિદ્વાનો તેને પરમાનન્દસામ્રાજ્યના નામથી ઓલખે છે.

ક૦ સમ્યક્.

આ૦ એમનો રાજવૈભવ અપાર અને મહાન્ છે. જ્યાં અગ્નિદેવ રથને ચલાવે છે, અન્નવસ્ત્રાદિ નિરન્તર ઉપયોગના સર્વ પદાર્થોને બનાવે છે, અને વળી લેખકનું કાર્ય પણ કરે છે. વિદ્યુતા-

દેવી દૂતપણું કરન્તી રાતે દીવાબત્તિ પણ કરે છે. સૂર્યદેવ ચિત્રકારનું કાર્ય કરે છે. એ વિના બીજા પણ અનેક દેવો દાસપણું કરીને મહારાજા ધીરાજ **સ્વાર્થરાજને** પરમ વિનયથી સદા નમન કરે છે

ક૦ સમ્યક્. એમનો વૈભવ બાહ્યથી જેવો સ્વચ્છ અને મનોહર જણાય છે તેવો આભ્યન્તરમાં પણ હોય; એટલું જ નહિ પણ તે સ્થિરતાવાળો અને નિત્ય હોય તો તેમાં કશી મણા જેવું નહિ!

આ૦ એમના સંગમાં શ્રીમતી **તૃષ્ણાકુમારી** નામા એકા સદા યૌવનવતી એવી ગૌરવર્ણી અને મનોરમા તરૂણી છે. એનું આયુષ અમર કહેવાય છે કિન્તુ વસ્તુતઃ તે દીર્ઘ છેઃ અમર નહિ વીરાગ્રહવતી એ મહિષી અપારા પ્રવૃત્તિવાળી છે. અને તેનો શ્વેતરંગિ અસંતોષધ્વજ પ્રત્યેકરાજધાની નગરીમાં ઔત્સુક્ય શિખરપર સદા ઉડી રહ્યા છે.

ક૦ પશ્ચાત્?

આ૦ મોહપિતા અને આશામાતૃની એ ચપલા દુહિતાને મહારાજા **સ્વાર્થરાજ** બહુ ઇચ્છે છે. તેથી છદ્મવેશે રહી 'અયિ ભદ્રે! તું મારી પાણિગ્રહીતા પત્ની છે. હું તારો પતિ છું!' એમ કહીને તેને વિનવે છે. પણ તે પતિવ્રતા સ્ત્રીને તેના એવા કથનમાં વિશ્વાસ ન આવવાથી તેનો અંગીકાર કરતી નથિઃ તેથી પટાન્તરે રહેછે.

ક૦ વિશ્વાસ ન આવવાના કારણરૂપ તેણે કયાં ચિન્હો દીઠાં હશે?

આ૦ દુઃખ, અપમાન, અને મિથ્યા પરસ્તુતિ જે તેને ગમતી નથિ તે, એને રાજમંદિરે તો પળે પળે વ્યવહરાય છે. વળી તેણે પોતાના સ્વામીને અજર, અમર, અવિનાશી, સત્, ચિત્, અને આનન્દરૂપ સાંભળ્યા છે.

જેના મહારાજ્યમાંથી **યમરાજને**, દુઃષ્કાળ મહામારી તથા ભૂકંપાદિ દૂતગણ સહિત બહિષ્કૃત કરવામાં આવ્યા છે; અને કોઇને કંઈ પણ પદાર્થની વાણ નથિ. જેને જે જોઇયે તે સંતોષસુરતરૂ અને આનન્દમન્દારવૃક્ષ તળે અનાયાસે પ્રાપ્ત થાય છે.

ક૦ સમ્યક્.

આ૦ શ્રીમતી **તૃષ્ણાકુમારીને, સ્વાર્થરાજમાં** વિશ્વાસ ન આવવાનું બીજું કારણ એ છે જે તેણે પોતાના સ્વામીને અજ સ્વયંસિદ્ધ સાંભળ્યા છે. જેને લોકો **સિદ્ધાર્થ સુખસાગર** કહે છે. અને જેના નામ પ્રમાણે તેના આત્મવૈભવની ખ્યાતિ જગદ્વિશ્રુતા હોઇને સર્વ મુખે ગવાય છે. પણ આ છદ્મવેશી **સ્વાર્થરાજ** તો મનોવર્કરપિતા અને ભ્રમણામાતાને ઉદરે પુફ્ફુસમંદિરમાં જન્મ્યા સંભળાય છે. જે નિરન્તર નિષ્ફળા પ્રવૃત્તિ કરી કરીને શ્રાંન્ત થયે સતે પ્રાયઃ નિશ્વાસાસનપર નિદ્રા ઘોરતા લક્ષાય છે.

એના રાજ્યમાં પ્રજા દરિદ્રા, અનીતિમાના, અને દુઃખિણી જોવામાં આવે છે. કોઇને સુખ તો સ્વપ્ને પણ નથિ. પ્રત્યુત પદેપદે અને પળેપળે મૃત્યુભય શિરપર ગર્જી રહ્યું છે. અને ક્ષુધા, તૃષા, રોગ, અપમાન, તથા અસંતોષના ક્લેશથી હાય હાય કરીને પિતાપુત્ર, ગુરૂશિષ્ય, પતિપત્ની, અને બંધુબંધુના ગળાં કાપી રહ્યાં છે. જે **जीवोजीवस्यजीवनम्** એ પદ્ધતિએ એક બીજાને ખાય છે.

એમનાં ન્યાય તથા અનુશાસનાર્થે ઐહિક ન્યાયમન્દિરો, બંદિશાળા અને શૂળી છે. તથા આમુષ્મિક નરકાદિ સંભળાય છે.

ક૦ સમ્યક્.

આ૦ એ **સ્વાર્થરાજની** એક અક્ષિ હાસ્યને કરે છે અને બીજી રડે છે. તેના એક કર્ણમાં '**થશે**' એમ સંભળાય છે અને બીજામાં '**नहि**' એવો નાદ થાય છે. તેની એક નાસિકાછિદ્રમાં આશાનો ઉશ્વાસ લેવાય છે, અને બીજીમાંથી નિરાશાનો નિશ્વાસ મૂકાય છે. વળી યદ્યપિ **સ્વાર્થરાજ** દીર્ઘ આયુષ્યવાળા છેઃ તદપિ મહિષી તૃષ્ણાકુમારીના પ્રસાદાર્થે જ્યારે તે આત્માનન્દ નગરીમાં રાજ્ય કરે છે. ત્યાં તેના સત્ય સ્વામીની ભાળ લાગવાના ભયથી જ

તે નિપુત્ર મરે છેઃ અને તેનાં રાજ્યાસનપર તેનો બીજો ભાઈ આવી પૂર્વવત્ રાજ્ય કરે છે.

ક૦ પશ્ચાત્ શ્રીમતી તૃષ્ણાકુમારીનું શું થાય છે ?

આ૦ પોતાના ખરા સ્વામીના વિયોગથી તે પૂર્ણ કટુતમા થઈ જઈ લવણરૂપને ધારણ કરેછેઃ એટલે યોગિજનને પણ દુર્લભ એવા શ્રીમત્સિદ્ધાર્થ સુખસાગરના દ્રાવક સ્પર્શથી પીગળીને તેમાં સમાઈ જાય છેઃ અર્થાત્ પતિસમાગમનો અનન્તાનન્દલાભ કરીને તેની સંગે એકરૂપા, અદ્વિતીયા થઇ જાય છે. અને ત્યારે જ તેનો ઔત્સુક્ય શિખરવાળો અસંતોષધ્વજ પોતાની મેળે નીચે પડેછે.

ક૦ સાધુ સાધુ ! મહાશય ! આપના અતીવ રસિક કથનથી હું યથાવત્ સમજ્યો જે પ્રાજ્ઞની તૃષ્ણા મહાકલ્યાણકારિણી છે. તે સતત સત્પ્રયોજનેકરી પોતે ઉદ્ધાર પામીને અન્તે પ્રાજ્ઞને મુક્ત કરાવેછેઃ અતએવ તે નિન્દાને પાત્રા નથિં, કિન્તુ સદા વંદનીયા છે. પણ મહાશય! આપ કહેતા હતા જે 'માનવીને દુઃખ ગમતું નથિ, ए तेनी **भावना आत्ममूलिका छे. ते मूळ सर्वोपरी, सुखरूप छे.** એ વિષયને તમારે અર્થ હું અંતઃપર કહીશ.' તે અવે કૃપા કરી કહો.

આ૦ આઆવી! આઆવી! એ જ તે ભદ્રા. યદ્યપિ શ્રુતિ અનુભવ અને યુક્તિદ્વારા તમારી દેવરૂપતા તથા સચ્ચિદાનન્દરૂપતા તમને હસ્તામલકવત્ થઇને અવે તમને તે વિષે રંચ પણ સંશય રહ્યો નથિ તદપિ '**તૃષ્ણા** પોતાનું કાર્ય પૂરૂં જ કરે છે, અને ત્યાર પછી જ તેનો ધ્વજ નીચે પડે છે. અવે સર્વસપાપા અને નિષ્પાપા એવી માનવભાવનાઓ આત્મમૂલિકા છે, તે યથાવત્ સમજાવવા સવિસ્તર કથનને કરૂં છું. જેથી તમારી દેવરૂપતા તથા સચ્ચિદાનન્દરૂપતા પૂર્ણપણે દૃઢાશે. પ્રત્યેક વિચાર શ્રુતિ, અનુભવ, અને યુક્તિથી સિદ્ધતાને પામે છે. માટે તમે તે સાવધાન શુણો.

જુઓ પ્રથમા પ્રભાથી આરંભીને આ પંચમી પ્રભા પર્યન્ત તમારા સ્વરૂપની તમને અપરોક્ષાનુભૂતિ થઈ: તે અજ, અજર, અમર, અવિનાશી, સત્, ચિત્, આનન્દ, દેવરૂપ છે. એ સ્વરૂપ કોઇની એ કલ્પના કિંવા કૃતિ નથિ.

યદિ વાદી એ સ્વરૂપને કોઈની કલ્પના માને તો તેમાં કંઈ અર્થ નહિ. કેમ જે કલ્પકની કલ્પના બંધ પડયે તેનો (એ સ્વરૂપનો) અંત આવે. તેથી તે મૃષા જ કહેવાય. અને તેનો કલ્પક મુર્ખ અને નિર્દય એવાં વિશેષણોને પામે !

ક૦ યથાર્થ.

આ૦ વળી જો વાદી એ સ્વરૂપને કોઈની કૃતિ માને તો પણ તે સમીચીન નહિ. કેમ જે કૃતિ અનેકવિધવિકૃતિને પામે. અને પ્રત્ય હ-નિરન્તર ક્ષયને પામી તેનો પણ અંત જ આવે. પણ જો તે એમ કહે જે ઇશ્વર જેવા સમર્થની કૃતિ, વિકૃતિને પામે નહિ: અને આ ઇશ્વરની કૃતિ છે. ત્યાં તેને એમ પૂછિયે જે મનુષ્ય પાપાચરણ કરીને પોતાના કર્ત્તાને વિસ્મરે છે તે અનંત વિકૃતિ નહિ તો બીજું શું ?

વળી મનુષ્ય, નાનાવિધ દુ:ખોની પરંપરાને ભોગવીને હાય હાય કરી મરે છે ! તો એવી કૃતિ (મનુષ્ય)નો કર્ત્તા શું એક કુશળ કળાવિદ્ કહેવાય ? અને એવી કનિષ્ઠા, ક્ષુદ્રા, અને તુચ્છા કૃતિ કરનારને શું ઈશ્વરનું પદ સંભવે ? અપિચ, તે એમ કહે જે મનુષ્યની સર્વક્રિયા અને ભાવનાઓ સ્વસતુલ્યાં છે. માટે એવી ક્રિયા તથા ભાવનાઓ ઇશ્વરકૃત મનુષ્યમાં હોય તેથી ઇશ્વર દૂષિત ઠરતો નથિ. કેમ જે તેણે મનુષ્યનું મૂળ સ્વરૂપ તો શુદ્ધ, અક્રિય, અને ભાવનાતીત સરજ્યું છે. ત્યાં વાદીને એમ પૂછિયે જે મનુષ્યના એવા સ્વરૂપને ઈશ્વરે સરજ્યું છે તેમાં કંઈ પ્રમાણ છે ?

ક૦ યથાર્થઃ પ્રમાણુને અભાવે વાદીનો સિદ્ધાન્ત કેવળ દરિદ્ર અને અસંગત છે.

આ૦ એટલું જ નહિ કિન્તુ એવી રચના કરવામાં ઈશ્વરનો હેતુ શું એ પણ પ્રતિપાદન કરવાનો તેનો ધર્મ છેઃ ત્યાં જો તે એમ કહે જે પોતાના આનન્દાર્થે ઈશ્વરે એવી રચના કરી છે. તો જે ઇશ્વરને પરિપૂર્ણ અને પરમાનન્દવાન્ માનીને તે બહુ બહુ સ્તવેછે તે ઇશ્વર, અપૂર્ણ તેમ જ અપૂર્ણાનન્દવાન્ ગણાય ! અને એવું પ્રતિપાદન કરનાર ઈશ્વર નિંદકપર તે (ઇશ્વર) શું પ્રસન્ન થશે ?

ક૦ નહિ જ.

આ૦ વળી જો તે એમ કહે જે ઇશ્વરે વિના હેતુ એવી રચના કરી છે. તો તેપણ સમીચીન નહિ. કેમ જે વિના હેતુ કોઈ મંદ અને મુર્ખની પણ પ્રવૃત્તિ થતી નથિ. એતાવતા ઇશ્વરે તેવી પ્રવૃત્તિ કરીછે એવું પ્રતિપાદન કરનાર, ઇશ્વરને મંદતમ સિદ્ધ કરેછેઃ किंबहुना?

ક૦ યથાર્થ.

આ૦ વળી હઠીલા અને આત્મદ્રોહી એવા વાદીના ઉદ્ધારાર્થે તેને એમ પૂછિયે જે आत्मरूप शुद्ध સ્વરૂપને કોઈ કર્ત્તા જોઇયે એવું આવશ્યક ખરું ? જો આવશ્યક હોય તો ત્યારે એવા જ સ્વરૂપવાળા ઇશ્વરનો કર્ત્તા કોણ ? જો તે એમ કહે જે ઇશ્વરને કર્ત્તાનું આવશ્યક નહિ. તો તેને પૂછવું જે ત્યારે आ. स्वरूपने કોઈ કર્ત્તાનું આવશ્યક શા માટે ?

ક૦ યથાર્થ.

આ૦ ત્યારે આ બધાનો સારાંશ એ જે तमारुं स्वरूप कोईनीए कल्पना किंवा कृति नथि. तमे मूळे ज स्वतः सिद्ध आत्मरूप छो. અતએવ વિજાતિય સ્વજાતિય; સ્વગત ભેદ રહિત સુખરૂપ દેવ છો. દુઃખરૂપ એવા બીજાને લઇને તમે એક કહેવાઓ છો. વસ્તુતઃ

તમને एक એવી સંજ્ઞા જ ઘટતી નથિ. નથિ अनेक એવીએ સંજ્ઞા ઘટતીઃ એ સંજ્ઞા તો સ્વપ્ને પણ ન ઘટે.

ક૦ સત્ય.

આ૦ ત્યારે તમે એક અદ્વિતીય છો. તમારા આત્મપ્રત્યયો સર્વોત્કૃષ્ટ, વિશુદ્ધ છે. અને તેમાંથી પ્રભવતી ભાવનાઓ છે આત્મ-મૂલિકા. અતએવ તે પણ વિશુદ્ધા જ હોંય. પણ જ્યારે મનુષ્ય, દેહને જ આત્મા માનીને વિચરે છેઃ ત્યારે તે ભાવનાઓ દેહસ્થ અજ્ઞાનરૂપ પંક સંગે મિશ્રિતા થઈને માલિન્યને પામે છે. અને પછી તેને વિદ્વાન્ વિના અન્યત્ કોઈ ઓળખી શકતું નથિ,

ક૦ ત્યારે આત્મમૂલિકા એવી એ ભાવનાઓ સંબંધે સ્પષ્ટી-કરણ કીજિયે મહાશય!

આ૦ જેને લીધે સર્વમાનવભાવનાઓ આત્મમૂલિકા કહેવાય તે આત્મપ્રત્યયમાળાની (સટીક વિવેચન સાથે) એકેક શર ગુંથીને તેનો હાર તમારા દિવ્ય કંઠમાં આરોપું છું. તમે એકાન્તં એક ચિત્ત થાઓ.

ક૦ હું સ્વસ્થ છું મહાશય!

આ૦ જુઓ મનુષ્યના જ્યોતિર્મય સ્વરૂપનો રશ્મિમાંથી સરિ-તારૂપે પ્રભવતી એ ભાવનાઓ દેહસ્થ અજ્ઞાનરૂપ પંક સંગે મિશ્રિતા થઈને તે જેટલે અંશે મલિના, તેટલે અંશે દુઃખરૂપા થાય છે. પણ ક્રમે ક્રમે મળ દૂર કરીને જેમ જેમ તે આત્મપ્રદેશના નિર્મળ માર્ગ પ્રતિ પુનર્વહન કરે છે, તેમ તેમ તે વૈમલ્ય અને શૈત્યને પા-મીને તેના તારણનું કારણ થાય છે. અતએવ એ રહસ્યને માનવ ભાવનાઓ સંબંધના વિચાર તથા આચારમાં પ્રાધાન્ય આપવું જોઇએ.

ક૦ યથાર્થઃ પ્રત્યેક સિદ્ધાન્તનો સાધુને હાથે સદુપયોગ જ થાય છે. પણ અસાધુને હાથે તેનો દુરુપયોગ થાયછેઃ જેમ અમૃ-તોપમ દૂધ સર્પમુખે જઈને વિષપરિણામને પામે છે તદ્વત્. માટે અસાધુ તેનો અધિકારી નથી.

આં૦ શૃણો, તમે અજ, અજર, અમર; અવિનાશી, સત્, ચિત્, આનન્દરૂપ દેવ છો.

આત્મપ્રત્યયરૂપ પરિમલિત પુષ્પોની એ પ્રથમા શરમાંના **अज** પ્રત્યયથી લઈને, વિસ્તર ભયથી, તેનું દિગ્દર્શન માત્ર કરાવું છું. તમે **अलवेन अलम्** કરીને વિશેષ વિચારી લેજો.

એ સર્વ આત્મપ્રત્યયો અન્યોન્યાશ્રયવાળા છે. અર્થાત્ તેમાંનો એક ન હોય તો બીજો પણ ન સંભવે.

अजः--મનુષ્ય જન્મ્યા પછી વિષયાનન્દ રૂપા રોટીના કવળમાં લુબ્ધ થઈને ગર્ભવાસના દુઃખને વિસ્મરે છે. એટલે તેને તેનો શોક થતો નથિ. પરન્તુ વસ્તુતઃ ગર્ભવાસનો તેને બહુ ત્રાસ છે. કેમ જે ગર્ભવાસમાં, પ્રવેશથી મોચન પર્યન્ત જે જે યાતના ભોગવવી પડે છે તે અનંત અસહ્ય છે. મૂળ સુખરૂપ, અને અજ એટલે અજન્મા એવા તેને એ ન જ ગમે. એ તેની અરૂચિ આત્મમૂલિકા છે.

अजरः—મનુષ્યને **जरा** લેશ પણ ગમતી નથિ. જરા થકી તે અશક્ત, અસુંદર, અને માનહીન થાય છે. અને પોતાનું સર્વ આકર્ષણ ગમાવી દે છે.

બાળક તથા તરુણજનો તેને વિષે નિર્મોહ થાય છે: એટલું જ નહિ કિન્તુ વૃદ્ધો પણ તેનો આદર કરતા નથિ. અને તેમાં વિલક્ષણ તો એ છે જે તે સ્વયં પણ વૃદ્ધ થયેલાનો આદર કરતો નથિ

મનુષ્ય સદૈવ તારુણ્યને ઇચ્છે છે. એ તેની ભાવના આત્મમૂલિકા છે. મૂળ આપ અજર છે,

अमर, अविनाशीः—મનુષ્ય કેટલો પણ દુઃખી અને કેવી એ કનિષ્ઠ સ્થિતિમાં હોય, તો પણ તે મરવાને ઈચ્છતો નથિ. અને કદિ અસહ્ય એવા ત્રિવિધ તાપને લીધે મોતને માગે છેઃ તો પણ તે આવ્યું તો તે સમયે **कठियारो अने मृत्यु** એ ન્યાયે વર્તે છે.

કવચિત્ કોઈ મૂઢ આત્મઘાતને પણ કરે છે. પણ તે કારણથી નીપજતાં મૃત્યુ સમયે બહું બહુ પશ્ચાત્તાપ કરી, વંચાતું હોય તો વંચવાનો પરમ પ્રયત્ન કરે છે.

મનુષ્ય વર્ત્તમાન વિષયાનન્દમાં વિલસી રહ્યો છે. તેની જીવિતેચ્છા અપારા છે. એની એક વાર્તા ભૂંડના અવતારથી શાસ્રાન્તરમાં સમ્યગ્ સમજાવી છે.

એ તેની ભાવનાઓ આત્મમૂલિકા છે. મૂલ આપ અમર, અવિનાશી છે.

સદ્રૂપઃ—જેમ મૃત્યુ તેમ જ બીજા શબ્દોમાં કહિયે તો પોતાનો અસદ્ભાવ મનુષ્યને ગમતો નથિ. પ્રિયતમ એવા કોટિ પદાર્થો તેને આપો પણ **આત્મનાશને** તે કદિ સ્વીકારતો નથિ. કેમ જે પોતે નહોય તો તે પદાર્થો પછી કોને ઉપભોગમાં પડે ?

વળી કોઇ ઉન્મત્તપણે શૂન્યવાદની કોટિ સિદ્ધ કરવા જાયછે: પણ તેના અંતરમાં ધીરજથી વિચાર કરતાં તે, તેને ગમતી નથિ.

સર્વ શૂન્ય શૂન્ય માનીને પછી પણ શેષમાં પોતાને મનોમય જોવા લાગે છે! તેનું કારણ આપ ત્રિકાળાબાધ્ય અને મહાકાળ એવો સતત સદ્રૂપ છે, સદ્ઘન છે. અને એ તેની ભાવના સ્વરૂપમૂલિકા-આત્મમૂલિકા છે.

ચિદ્રૂપઃ—મનુષ્યને જ્ઞાનનું સતત અને નિરવધિ ઔત્સુકય છે. તેને કોઈ પણ વાત વિષે અજ્ઞ, સાવરણ રહેવું લેશ પણ ગમતું નથિ.

ઉચ્ચજ્ઞાન અર્પનારને તે ગુરું કિંવા ઇશ્વરતુલ્ય માનીને વંદેછે.

સહજ નિરાવરણ કરનારપર તે પ્રીતિ રાખે છે. તેને પોતાનો ગણી સહાયતા અર્પે છે.

અજ્ઞ–જડ સ્થિતિમાં રહેવું મનુષ્યને સર્વથા અપ્રિય છે. જ્ઞાન એજ મહાશક્તિ છે. તેથી સર્વ પ્રકારે જ્ઞાનસંપન્નતાથી તે પરમ

સ્વામિત્વવાન્ મહારાજા બનીને પૂર્ણ ચિત્તોદ્રેકથી ચિદ્રૂપપણે જ રહેવા ને ઇચ્છે છે. એ તેની ભાવના આત્મમૂલિકા. છે. મૂળ આપ ચિદ્રૂપ ચિદ્‌ઘન છે.

આનન્દરૂપઃ—એક ક્ષુદ્ર જંતુથી તે મહાન્ નરેંદ્ર પર્યન્ત, તેમના સર્વ અર્થોમાં આનન્દ એ જ મુખ્ય અર્થ છે. આનન્દથી જ તેની ઉત્પત્તિ, આનન્દ એ જ તેનું જીવન, અને આનન્દમાં જ તેની ગતિ છે. તેથી મનુષ્ય, સર્વમાં સંતત સ્થાયી એવા આનન્દને જ શોધે છે. તે કારણે અનેક પદાર્થોને પ્રેમાસ્પદ કરે છે. પણ ત્યાં નિષ્ફળ થયે પરમ દુઃખને પામેછેઃ અતએવ તે, તેની પુનરાવૃત્તિ કરતો કરતો તે પ્રયત્નમાં આગળ વધ્યો જ જાય છે. અને જન્માન્તરોના અસંખ્ય અનુભવો પછી પણ જ્યારે તે (આનન્દ) પદાર્થોમાં નહિ તો આત્મામાં મળે છે, ત્યારે જ સંતોષાય છે. પરમાનન્દની જ માત્ર તેને અદ્વિતીયા ભક્તિ છે.

એ આનન્દના જ ઉદ્દેશથી આ અખિલ વિશ્વ સ્વકાર્યોમાં વિલસી રહ્યું છે. એ ભાવના આત્મમૂલિકા છે. કારણ મૂળ આપ સર્વ, આનન્દ રૂપ, આનન્દઘન છેઃ

ક૦ નમસ્તે મહાશય ! જે ભાવે આપે આત્મપ્રત્યયમાળાની એ પ્રથમા સર ગુંથી છે તે જ ભાવે હું આપને વંદન કરુંછું.

આ૦ તમે સત્ય, નિત્ય, વર્તમાન, અક્રિય, નિર્વિકલ્પ, શાન્ત, સુખરૂપ આત્મા છો. આત્મપ્રત્યયરૂપ પરિમલિત પુષ્પોની એ દ્વિતીયા સરમાંના સત્ય પ્રત્યયથી આરંભીને તેનુ નિરૂપણ કરુંછું.

સત્યઃ—ભોગકોટિમાં મનુષ્યની પ્રીતિ અને અવલંબ સત્યપર જ છેઃ જે જે કંઈ મિથ્યા છે—તત્સંબંધે તેનું સ્વાભાવિક ઔદાસીન્ય છે, પણ તે તેને સંજ્ઞાત થવું જોઇયે. સત્યને જ તે સદ્રૂપતા અર્પે છે, અર્થાત્ "છે" એમ કહેવા ઇચ્છે છે.

અસત્યને માટે તેનો પરમ તિરસ્કાર છે. કારણ તે સ્વયં સત્યસ્વરૂપ છે. એ ભાવના તની આત્મમૂલકા છે. ત્યાં કોઈ એવી શંકા

કરે જે ત્યારે મનુષ્ય અસત્યાચરણમાં કિમ્ પડે છે ? તેનું સમાધાન એવું છે જે ભોગપ્રાપ્તિને માટે ક્રિયાકોટિમાં જો સત્ય માર્ગે ત્વરિત અનુકૂળતા નથિ આવતી તો નિરુપાય થઇને અજ્ઞજનો અસત્યાચરણમાં પડે છે. ખરા, પણ તેઓ નિજ સ્વરૂપથી ઘણા વેગળા ગયેલા હોય છે. स्वरूपथी जेम जेम दूर तेम तेम भावना मलिना એ સિધાન્ત આજના પ્રસઙ્ગમાં તમને કહ્યો જ છે.

એવા અજ્ઞજનોને પણ ભોગકોટિમાં તો અસત્ય .અપ્રિય જ છે. તદપિ ક્રિયાકોટિમાં તેમને જે અસત્યાચરણની વૃત્તિ ઉદ્ભવે છે, તેમાં આત્મમૂલિકા એવી બીજી ભાવનાઓ કારણરૂપા છે. તે કઈ ભાવનાઓ એમ પૂછશો તો કહુંછું જે તે સુખ અને ત્વરાની ભાવનાઓ છે. મનુષ્ય આપ મૂલ સુખરૂપ અને નિષ્કાળ હોવાથી એ ભાવના તેનામાં પ્રકટે છે. પણ અહુણા તે ઘસ્મર થવાથી એ ભાવનાઓ તેનામાં એટલી બધી તો મળમિશ્રિતા થઇને રૂપાંતરને પામી છે જે તે ઓળખવાનું એ કઠિન પડે છે. પણ એવી સપાપમાનવભાવનાઓ વિષે હું તમને (શ્રી સુર્યકાન્તના ઉત્તરપાર્શ્વ રૂપે) અતઃપર કહીશ. આ પ્રસઙ્ગે પ્રાયઃ નિષ્પાપમાનવભાવના વિષે જ વક્તવ્ય છે.

नित्यः—મેં તમને પૂર્વે કહ્યું છે તેમ માનવ આત્મપ્રત્યયો અન્યોન્યાશ્રયવાળા છે. જો આત્મા મૂળ સત્ય ન હોય તો નિત્ય પણ ન હોયઃ અથવા નિત્ય ન હોયં તો સત્ય પણ ન હોય.

મનુષ્યને અનિત્ય કશું ગમતું નથિ. કારણ, જે જે અનિત્ય હોય છે તે વિયોગકાળે તેના પરમ દુઃખનું કારણ થાય છે. દેહ, સ્રી, પુત્ર મિત્રાદિ સર્વ અનિત્ય છે, તથાપિ તેમાં તે નિત્યની ભાવના કરીને વંચનને પામ્યો છેઃ તેથી જ તેમનો વિયોગ તેને અચિંતિતપૂર્વ જેવો જણાઇને તે સમયે તે હાય હાય કરી પરમ દુઃખાવેશમાં રડેછે.

એ અતિશય પ્રિયતમ સ્નેહીઓ વ્યતરિક્ત, જ્યારે બીજા સંગે,

તે પ્રીતિ બાંધેછે ત્યારે તેને એમ કહેતાં આપણે સાંભળિયે છિયે જે "જો ભાઈ તારે અમારી સાથે સ્નેહ બાંધવો હોય તો સદાનો બાંધજે. પછી માયા લગાડીને અધવચે જતા રહેવું નહિ."

એ માનવભાવના આત્મમૂલિકા છે. કેમ જે મૂળ આપ મહાકાળ એવો નિત્ય, સદ્દઘન છે.

વર્ત્તમાનઃ—મનુષ્યને ભૂતકાળના સુખદુઃખોના વિચારની અહુણા અપેક્ષા નથિ. નથિ અહુણા તે સુખ દુઃખોનું તેને આવશ્યક પણ. કિન્તુ અહુણા **વર્ત્તમાનમાં** જે ગ્રહ્યુંછે તે પર જ તેનું અવલમ્બન, વિશ્વાસ, અને અનુશીલન છે. સ્ત્રી પુત્ર મિત્ર ધનાદિનો વિલાસ **અહુણા** હોય તેમાં તેની પ્રસન્નતા છે. લોકમાં પણ કોઇ પૂર્વે ધનવાન્ હતો, કિંવા અવે થશે તેની ગણના નાથ. આજે **અહુણા** તે ધનવાન્ છે વા નહિ તેપર જ તેમની મુખ્યદૃષ્ટિ છે.

કોઇએ પૂર્વે દીવાળું કહાડયું હોય, તથાપિ જો તે **અહુણા** સંપન્ન હોય તો તેનાપર લોકનો મોહ પાછો છે જ.

વળી આપણા ઘણાએ મિત્રો હોય, તદપિ તેમાંથી જે **અહુણા** આપણી પાશે હોય તેને જ આપણો પ્રસાદ પ્રાપ્ત થાય છેઃ જાગે તે માગે એ કથનવત્.

તેમ જ આપણને કોઇએ પૂર્વે કેવું-એ દુઃખ દીધું હોય તે વાતને તેનાપ્રતિની વર્તમાના અનુકૂળતા અને પ્રીતિથી આપણે તે વિસ્મરિયે છિયે. એ ભાવના આત્મમૂલિકા છે. કેમ જે મનુષ્યાત્મા, ભૂત ભવિષ્યરૂપા ભ્રમણાવિહીન સદા વર્તમાન છે.

અક્રિય, નિર્વિકલ્પ, શાન્તઃ—મનુષ્યને નિવૃત્તિપર નિઃસીમ પ્રેમ છે. એટલા બધા પ્રેમને લીધે તેમાંથી આલસ્ય સુધાંનો આકાર પ્રકટે છે. સર્વક્રિયામાં તેનો, માત્ર શાન્તિ એ જ ઉદ્દેશ છે.

દોડી દોડીને પણ બેસવું. ખાઈ ખાઇને પણ સુવું. ભોગો ભો-

ગવી ભોગવીને પણ સ્વસ્થ થવું. અને વિચારી વિચારીને પણ, સિદ્ધાન્તલાભ કરીને તેને યોગે સુખરૂપ થવું એ જ હેતુ છે.

કેટલાએક એમ સમજે છે જે મનુષ્યને ક્રિય અને અક્રિય, સવિકલ્પ અને નિર્વિકલ્પ, અશાન્ત અને શાન્ત, એમ પુનઃ પુનઃ ચક્રાકારે ઉભયાત્મિકા અવસ્થાએ રહેવું પ્રિય છે. પણ તે, વિચાર-દારિદ્રયમૂલક ભ્રાન્ત જ્ઞાન છે. કેમ જે, ક્રિયાદિ, અપ્રાપ્તને પ્રાપ્ત કરવાના અને અપૂર્ણને પૂર્ણ કરવાના હેતુવાળાં છે, કિન્તુ પૂર્ણતા અને પ્રાપ્તિ પછી ક્રિયાદિનું કાંઈ આવશ્યક રહેતું નથિ. એ સૂર્ય પ્રકાશ જેવો ઉજ્જવળ સિદ્ધાન્ત છે. ત્યાં જો વાદી એમ કહે જે પૂર્ણતાનો ભાંડાર અનન્ત-અક્ષય્ય છે. તેણે કરીને ક્રિયાદિ થકી કોઈ પણ કાળે સંપૂર્ણપ્રાપ્તિ થઈ જાય એવું નથિ. માટે પુનઃ પુનઃ ચક્રાકારે મનુષ્યની ક્રિય અને અક્રિય, અને પાછી ક્રિય એવી ઉભયાસ્થિતિ સદૈવ રહે જ. તો વાદીને એમ પૂછિયે જે પ્રાપ્તિનો વિષય કોણ છે, આત્મા વા બીજા કોઈ પદાર્થો ? જો તે એમ કહે જે બીજા કોઈ પદાર્થોઃ તો તે અસંગત છે અને બને નહિ. કેમ જે એક આત્મા વિના અવશિષ્ટ સર્વ સંખ્યાવાળું હોવાથી અક્ષય્ય-અખુટ નથિ. અને જો તે એમ કહે જે એ પ્રાપ્તિનો વિષય આત્મા છે; તો તે પણ સમીચીન નહિ. કેમ જે આત્મા પ્રાપ્તપ્રાપ્ય છે. અજ્ઞાનનો નાશ થયો એટલે પછી આત્માની પ્રાપ્તિને માટે જ્ઞાનાદિ કોઈ ક્રિયાનું આવશ્યક નથિ. એટલા માટે કેટલાએક માને છે તેમ ક્રિય અને અક્રિય, સવિકલ્પ અને નિર્વિકલ્પ, અશાન્ત અને શાન્ત, એમ પુનઃ પુનઃ ચક્રાકારે ઉભયાસ્થિતિ મનુષ્યને પ્રિય નથિ. નથી તેનું આવશ્યક પણ. તેને કેવળ અક્રિય-શાન્તસ્થિતિ જ પ્રિય છે. એ માનવભાવના પણ આત્મમૂલિકા છે. કેમ જે મૂળ આપ અક્રિય, નિર્વિકલ્પ, શાંત છે.

સુખરૂપઃ—મનુષ્યને સુખની અજય્યલિપ્સા છે. સુખ એ સ-

વૌપરિ વસ્તુ છે જેનો તેને પૂર્વ અનુભવ હોવો જ જોઇયે. કેમ જે પૂર્વાનુભવ, કિંવા પૂર્વ દીઠા વિના કોઇને અનનુભૂત અને અદૃષ્ટની ઇચ્છા થતી નથિ એ સિદ્ધાન્ત છે. તેથી જ મનુષ્યાદિ નિરન્તર સુખની શોધમાં રહીને તેની જ ઇચ્છા કરે છે.

એ સુખેચ્છાની ભાવના આત્મમૂલિકા છેઃ કેમ જે મૂળ આપ સુખરૂપ છે.

કં૦ નમસ્તે મહાશય! જે ભાવે આપે આત્મપ્રત્યયમાળાની એ દ્વિતીયા સર ગુંથી છે તે ભાવે હું આપને વંદન કરું છું.

આ૦ તમે નિરવયવ, નિરાકાર, નિર્વિકાર, નિષ્કળ, નિષ્પ્રપંચ, નિરંજન, નિરાવરણ, અસંગ, द्रष्टा अने साक्षिचेतन છો.

આત્મપ્રત્યયરૂપ પરિમલિત પુષ્પોની એ તૃતીયા સરનું **निरवयव** પ્રત્યયથી આરંભીને નિરૂપણ કરું છું.

निरवयव, निराकारः—મનુષ્યને સર્વ મ્હોટું મ્હોટું અર્થાત્ વિશાળ દેશ, દીર્ઘકાળ, અસીમપ્રીતિ, નિઃસીમ માન, નિરવધિ ભોગ ઇત્યાદિ બહુ ગમે છે. એ ભાવનાની ઉત્પત્તિ પોતાના મૂળ નિરવયત્વ, નિરાકારત્વ એટલે જ અપરિછિન્નત્વમાંથી છે. અતએવ તે આત્મમૂલિકા છે.

निर्विकार, निष्कळः—પદાર્થ માંત્ર ષડ્વિકારને અધીન છે. તેણે કરી મૈત્રી, પ્રીતિ આદિક ઇષ્ટભાવમાં વિકૃતિ જોઇને મનુષ્ય અતિ ખિન્ન થાય છે. તે પોતાના વૈભવમાં અસ્થિરતા જોઇને શોકાકુલ થાય છે. અને તેના વિલાસના પદાર્થો બગડતા જોઇને તેનું મન કોમળાય છે; તેને સદા ઉન્નતિમાં રહેવું જ પ્રિય છે. એટલું જ નહિ કિન્તુ પોતાની મૂળપૂર્ણતાને લઇને તેને દિન દિન પોતાની ચઢતી કળા પ્રિય છે. એ ભાવના આત્મમૂલિકા છે. માનવી મૂળ નિર્વિકાર નિષ્કળછે.

નિષ્પ્રપંચ, નિરંજનઃ—મનુષ્યને (ભોગ કોટિમાં) આત્મવંચન રંચ પણ ગમતું નથિ. આત્મવંચનથી તે અતિક્રુદ્ધ થાય છે. તેની પ્રીતિ અને અવલંબન, ઋજુતા-અવ્યાજ-નિષ્કપટતા-અર્થાત્ કેવળ પ્રાંજલતા-પર છે. અઋજુતા, ધૂર્તતા, અને કપટ પ્રતિ તેના પરમ તિરસ્કાર છે. વળી તીવ્ર પુરૂષો કોઇથી અંજન પામવા ઇચ્છતા નથિ. એ ભાવના આત્મમૂલિકા છે. મૂળ આપ નિષ્પ્રપંચ, નિરંજન છે. ત્યાં કોઇ એવી શંકા કરે જે ત્યારે મનુષ્ય પોતે પ્રપંચ કિમ્ કરે છે? તેનું સમાધાન સત્ય પ્રત્યયના નિરૂપણમાં આપણે કરી ગયા છિયે તદ્ધત્.

નિરાવરણઃ—મનુષ્યને કોઈપણ પ્રકારે કોઇએ પદાર્થ અને વિષયવિષે અજ્ઞ, અને સાવરણ રહેવું ગમતું નથિ. નિરાવરણ રહેવાનો તેનો સતત પ્રયત્ન છે. એ ભાવના આત્મમૂલિકા છે. મૂળ આપ નિરાવરણ છે.

અસંગઃ—સંગ એ જ મનુષ્યની સર્વદુઃખપરંપરાનું કારણ છે. સંગ નાનાકલેશનો પિતા છે. **પરિગ્રહ** અને **સંગ્રહ** એ નામે તેના બે આસુરી સેનાની છે. જે દ્વારા તે અનેક ઉપાધિરૂપ સૈન્ય એકત્ર કરીને મનુષ્યને ભવસંગ્રામમાં ઘેરે છે. તેને જીતીને બંદિ બનાવે છે. અને સંસૃતિરૂપ કારાગૃહમાં યાવત્ ચંદ્રાદિવાકર લગણ પૂરી મૂકે છેં; તે જ્યાં સુધી સત્સંગ, તેની વારે ન આવે ત્યાં સુધી તેનો છૂટકારો થતો નથિ. સંગ કેટલો દુઃખદાયક છે, તે ચોવીશ ગુરુ કરનાર સાધુશિરોમણિ શ્રીદત્તાત્રેય મહારાજે કામિનીકંરકંકણના દૃષ્ટાન્તથી અતિ સબળ પ્રકારે સમજાવ્યું છે.

વળી સ્થૂલદૃષ્ટિએ જોતાં પણ મહામારી, વિષુચિકા, અને બીજા મહારોગો એ અતિસંગના જ પરિણામો છે.

જેમ જેમ મનુષ્ય વિદ્યોન્નતિને પામી ઉન્નત થતો જાય છે તેમ તેમ અસંગપર તેની પ્રીતિ વધતી જાય છે. પોતાના અર્થ જેટલો સંગ વસાવીને પણ તેનો મુખ્ય ઉદ્દેશ નિઃસંગતાનો છે.

કારણ મૂળ આપ અસંગ છે, સ્વરૂપભૂત સુખ માત્રવિના બધામાં તેનું કેવળ દ્રષ્ટા-સાક્ષી-અસંગ રહેવાનું વલન છે.

ક૦ નમસ્તે મહાશય ! જે ભાવે આપે આત્મપ્રત્યયમાળાની એ તૃતીયા સર ગુંથી છે તે ભાવે હું આપને વંદન કરુંછું.

આ૦ તમે અખણ્ડ, એકરસ, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સ્વતંત્ર, સ્વયંપ્રકાશ **ब्रह्म** છો. આત્મપ્રત્યયના પરિમલિત પુષ્પોની એ ચતુર્થી સરનું **अखण्ड** પ્રત્યયથી લઇને નિરૂપણ કરૂંછું.

अखण्डः—મનુષ્યને **खंडन** હિંસા જેવો ત્રાસ ઉપજાવે છે. તેની દૃષ્ટિમાં ખંડન એટલે જાણે સદ્રૂપતા અથવા છેપણાનો ખંડ-કટકો ઉડી ગયો હોય એવો ભાસ થઇને તે છેપણું બાધિત થયું એમ લાગે છે. અતએવ કોઇ પણ પદાર્થ ખંડિત થાય તેથી તેને બહુ ખેદ થાય છે. તેમ જ કોઈ પણ પદાર્થ વા ગુણ તેને ખંડિતરૂપે મળે તેથી ઉગ્ર અસંતોષ જન્મ પામે છે. માટે તેની પૂર્ણતા સારુ તે પરમ ઉત્કંઠાવાન્ અને સતત ઉદ્યત રહે છે. ખંડિત વસ્તુ અને ગુણ શોભા જ આપતાં નથિ. એ માનવભાવના આત્મમૂલિકા છે. મૂળ આપ અખંડ છે.

एकरसः—પોતાના વિશુદ્ધ **ब्रह्मपदथी** સ્વપ્નવત્ ચ્યુત થવાને લીધે યદ્યપિ ગૌણતઃ મનુષ્યની બાહ્યબાહ્યદૃષ્ટિ થઇને તેને ભેદમાં પ્રીતિ થાય છે ખરી, પણ મુખ્યતઃ તેને વિજાતીય, સજાતીય અને સ્વગત એવા ભેદમાત્રનો ધિક્કાર છે.

અખંડ-એકરસતા વિના, કોઈ પણ પદાર્થ **ए** ને **ए** કેમ હોઇ શકે એવો તેને સંશય જ પડે છે. અને જાણે તે પદાર્થની સદ્રૂપતા એટલે છેપણું નાશ પામતું હોય એમ લાગે છે. અપિચ, સામાજિક આચાર વિચારમાં તેને સર્વથા સર્વદા એકરસતા-ઐકય જ પ્રિય છે. તેથી ઐકયને માટે જ તે સદૈવ પ્રયત્ન કરી રહ્યો છે. તસ્માત્ એ ભાવના આત્મમૂલિકા છે. મૂલ આપ એકરસ છે.

શુદ્ધઃ—મનુષ્ય સર્વ પ્રકારની વિશુદ્ધિને મનવચનકાયતઃ પ્રતિમાવત્ પૂજે છે. કેમં જે તેના શરીર, મન અને ભાવનાને વિશુદ્ધિનું નૈસર્ગિક આવશ્યક જણાય છેઃ ભોજન, જળ, અને બીજા સર્વ ભોગ્ય પદાર્થો; રક્ત, ભાષા, આચાર, વિચાર, ગુણ અને ભાવના—ની શુદ્ધતા પરમહિતાવહા થાયછે, તેથી એ સર્વની વિશુદ્ધિને માટે તેને સતત શુદ્ધાભિમાન હોઈને તેમને માટે તે સદા મથન કરે છે. પ્રત્યેક અપભ્રંશના ઉદ્ધાર માટે તેને સ્વભાવતઃ ઉત્કૃટેચ્છા છે. તસ્માત્ એ ભાવના તેની આત્મમૂલિકા છે. મૂળ આપ શુદ્ધ છે.

બુદ્ધઃ—મનુષ્યને સર્વ પદાર્થનું યથાર્થ જ્ઞાન અત્યંત, અશેષ, પ્રિયછે. સમ્યક્, સંગત, અને સત્ય જ્ઞાન માટે તેને પરમ નાદ છે.

મુર્ખ હોય છે તે પણ ડાહી ડાહી જ વાતો કરવાનો ઉલ્લાસ રાખે છે. અને અંતરમાં પોતાની વાત કિંવા પોતાને જ ડાહ્યા માને છે. એની પરીક્ષા કોઇની સાથે તે વિવાદ કરે છે ત્યારે, અને તેના અંતમાં આપણને થાય છે.

એ માનવભાવના આત્મમૂલિકા છે. મૂળ આપ બુદ્ધ, જ્ઞાનસ્વરૂપ છે.

મુક્તઃ—બંધન સ્વરૂપતઃ જ અનેક દુઃખનું મૂળ છે. તેથી મનુષ્યને કોઈ પણ પ્રકારનાં બંધનો અપ્રિય છે. સામાજિક અને આત્મિક શ્રેય માટે જેટલાં બંધન હોય છે તેટલાં સ્વીકારતે સતેપિ તેની મુખ્યપ્રીતિ કેવળ મુક્તાવસ્થાપર છે. કારાગૃહમાં પડેલા કોઈ મૃતપ્રાયઃ થયેલા બંદિને પણ **તું છૂટ્યો—મુક્ત થયો** એવો ઉચ્ચાર પુનરપિ સજીવન કરે છે. એ ભાવનાને અંગ્રેજો Sense of Liberty એ નામે સ્તવે છે. મનુષ્યને મુક્તાવસ્થાનો નાદ એટલો બધો છે જે તેથી ઘણીક વેળા તે યથેષ્ટાચરણમાં પડી જાય છે.

પશુપક્ષીને પણ મુક્તાવસ્થા જ પ્રિય છે. પોપટનું પાંજરું

ભૂલમાં ઊઘાડું રહી ગયું હોય છે, ત્યારે મુક્તદશાંનો પક્ષી સંરખાંને પણ કેટલો ઉલ્લાસ છે તેનો આપણને સાક્ષાત્કાર થાય છે.

મનુષ્યને મુક્તતા પ્રિય અને બંધન અપ્રિય હોવાથી કોઇને દુઃખ દેવું હોય તો તેને દોરડેથી બાંધે છે; દણ્ડ દેવાને રાજા અપરાધીને કારાગૃહરૂપી બંધનમાં નાખે છે. વિષયિ પામરોને ભવનું બંધન પ્રાપ્ત થાય છે. એ સર્વ પ્રસઙ્ગોમાં એટલે વ્યવહાર પરમાર્થ ઉભયમાં મનુષ્ય, મુક્તિને માટે મથે છે. એ માનવભાવના આત્મમૂલિકા છે. મનુષ્ય વસ્તુતઃ કેવળ મુક્ત છે.

સ્વતંત્ર:—પરાધીનતા—પારતંત્ર્ય અનેક દુઃખનું મુળ છે. એતાવતા રાજ્ય, ગૃહસંસાર અને પરમાર્થ, સર્વમાં સ્વાતંત્ર્ય જ મનુષ્યની પ્રિયભાવના છે.

રાજકીયા સ્વતંત્રતાને સારુ લોકો ભયંકર સંગ્રામ કરીને પોતાનું રક્ત રેડે છે, અને પ્રાણાર્પણ સુધાં કરે છે.

ગૃહસાંસારિકી સ્વતંત્રતાને માટે લોકો બાવા યોગી થઈ જાય છે.

પારમાર્થિકી સ્વતંત્રતાને માટે પણ તેમની સ્વાભાવિકી જ તૃષ્ણા છે. અતએવ તેઓ બ્રહ્મવિદ્યાને સેવે છે, અને તેને પ્રસાદે સિદ્ધાર્થ સ્વતંત્ર થાયછેઃ તેમ જ પોતે વસ્તુતઃ પરમાનન્દરૂપ છે જ પણ તેવું અનુભવવા લાગે છે.

એ ત્રણે પ્રસંગોમાં સ્વતંત્રતાને માટે મનુષ્યની જે મહાતૃષ્ણા છે તેનો આપણને પરમ સાક્ષાત્કાર થાય છે.

વળી પૂર્વે બહુ દીન, અધિન, કિંકર સરખો પણ, અસાધ્યરોગ પ્રસંગમાં જ્યારે ઇહલૌકિક જીવનેચ્છાથી મુકત-નિરાશ થઇને અંતઃકાળને ઇચ્છેછે, અને કાંજી તથા ઔષધ લેવાની પરમદૃઢતાથી ના પાડે છે, તે સમયે પણ માનવસ્વતંત્રતાના સ્વરૂપનું સમ્યક્ ચિત્રપડેછે.

એ માનવભાવના આત્મમલિકા છે. આપ મૂળ પરમ સ્વતંત્રછે.

સ્વયંપ્રકાશઃ—કદિ એક કોટિ પુરુષો એક અદ્ભુતવાત કહે; તદપિ જ્યાં લગણ, મનુષ્ય તે પોતાની આંખે જોય નહિ, ત્યાં લગણ તે વિષે તે સમ્યગ્ રીતે છિન્નસંશય-નિશ્ચયવાન્ થતો નથિ. ત્યારે તુલાયંત્રના એક પાર્શ્વે એક કોટિ પુરૂષ, અને બીજે પાર્શ્વે તે પોતે એકાકી જ રહ્યોઃ અને એમ સતેપિ આત્મગુરુત્વ વધ્યું એવું નિષ્પન્ન થયું.

વળી કોઇ કેવો એ મહાત્મા તેને એક પરમ નિર્વિવાદ એવું સત્ય કહે, તદપિ જ્યાં લગણ તે તેને સ્વાનુભવગમ્ય થઇને પોતાના હૃદયમાં ઠસે નહિ, ત્યાં લગણ તે તે માનતો નથી. કારણ, પોતે સ્વયંપ્રકાશ છે, માટે કોઇનું એ જોયેલું કિંવા જાણેલું તેને અર્થ લાગતું નથિ. જ્યારે પણ તે પોતે જોય અને જાણે, ત્યારે જ તે તદ્વિષયક નિશ્ચયવાન્ થાય છે. આપણે તેને વીરચર્યાએ એમ બોલતાં સાંભળિયે છિયે જે તે બધું ઠીક પણ હું જોઉં ત્યારે ખરું. એ તેની ભાવના આત્મમૂલિકા છે.

ક૦ નમસ્તે મહાશય. જે ભાવે આપે આત્મપ્રત્યયમાળાની એ ચતુર્થી સર ગુંથી છે તે ભાવે હું આપને વંદન કરું છું.

આ૦ તમે એક, અદ્વિતીય, સર્વોપરિ, અક્ષય, વિમળ, અચળ, પૂર્ણ, સુંદર તત્ત્વ છો. દેશકાળ વિહીન, કિંવા દેશના પણ દેશ અને કાળના પણ કાળ એવા બ્રહ્મ છો. આત્મપ્રત્યયમાળાની એ પંચમી સરને એક પ્રત્યયથી ગુંથતાં અખિલ હાર સંપૂર્ણ થાયછે.

એકઃ—મનુષ્યની સર્વક્રિયા અને વાણી, પ્રાયઃ એક પોતાના જ આત્માની ખ્યાતિના ગૂઢ ઉદ્દેશવાળી છે. કોઈ સમપંક્તિના કિંવા વિશેષ બળવંત પુરુષો તેના એવા ગર્વને જાણીને તેને નિંદશે; અને સામા થઈ, પાડશે; એવા ભયથી તે દેખીતો વિનય કરે છે ખરો, પણ તેમાંએ અવાન્તર રીતે, અને સર્વમાં મુખ્ય રીતે તેનો ગૂઢ હેતુ આત્મખ્યાતિપર જ છે. વળી પોતે એક છે તેથી ઐક્યને માટે મથે છે. અને તેની પ્રાપ્તિ થયેથી સંતોષાય છે ખરો, પણ ઐક્યનો

ભંગ થયે પુનરપિ સ્પર્ધા જાગે છે, ત્યારે તે પૂર્વોક્ત ભાવનાને જ વશ થાય છે.

અદ્વિતીયઃ—મનુષ્યને તેનાં સ્વસ્તુતિ અને પ્રિયાચરણ અતીવ મધુર લાગે છે. તે તથા તેના મતને મળતા થવું ઈત્યાદિ એ સર્વ એક-અદ્વિતીયકર છે.

વિવેકને લીધે આદિમાં તે સ્તુત્યાદિને ત્યજેછે; મધ્યમાં લોકલજ્જા અને કેટલાંએક કારણ વશાત્ તેનો સ્વીકાર ન કરવાનો આડમ્બર કરે છેઃ પણ ગૂઢપણે તે જ તેને પ્રિય હોવાથી અંતે તેને વશ થઈ સ્તુતિ અને પ્રિયાચરણ કરનારને તે, બહુ ફળ આપેછે.

જ્યાં પોતાનું આત્મીય સ્વત્વ હોય છે ત્યાં તે અદ્વિતીયપણાને અતિ ઉગ્ર પ્રકારે પ્રકાશે છેઃ જેમ સ્વપત્નીના સંબંધમાં.

સ્વપત્નીના પ્રેમસંબંધમાં કોઈ કેવા એ મહત્ત્વવાળાની છાયા માત્રને પણ તે સ્વીકારતો નથિ. એક બ્રહ્માનુદાસ કિંકર સરખો પણ, એ સંબંધમાં પોતાની અદ્વિતીયતાનું અપમાન કરનાર એક રાજા સુધાંને ધિક્કારે છે. તત્પરત્વેની ચેષ્ટાપરંપરાને અષ્ટાંગ વ્યાભિચારના નામથી ઓળખીને નિંદે છે. તેને મહાપરાધ ગણી વૈર કરે છે. અને આઠમા કાયિક અપરાધ કરનાર વ્યભિચારીના પ્રાણ લેવા પર્યન્ત ઈર્ષાય છે.*

---

* કામભોગ અજ્ઞાનસમાધિના' પ્રસંગમાં મનુષ્યનું જ્ઞાનતંતુમંડળ મહદુદ્દીપન પામીને પુનઃ શાન્ત થવાની જે વેળા આવે છે, તે વેળાને અન્તે એક ક્ષણ પર્યન્ત દંપતીને પવિત્ર 'આત્મૈક્યસુખ થાય છે. એ પ્રકારનો આત્મૈક્યસુખસંબંધ જો કોઈ સ્ત્રી, સ્વપતિવિના અન્ય સંગે કરે તો 'અર્થાત્ તેણે વ્યભિચાર કરી સ્વપતિ સાથે ભેદ દૃષ્ટિ રાખીને તેની સાથેના આત્મૈક્યભાવની પરમહિંસા કરી ' એમ છે. અતએવ તે સ્ત્રી અને

સર્વોપરિઃ—મનુષ્યને, સન્માન યશ અને સર્વોપરિતા પોતાને જ મળે એવો લોભ છે.

સમપંક્તિ વિષે જો તે બીજાને મળે તો તેની તેને અદેખાઈ આવે છે.

કોઈ પણ અદ્ભુતવાત કિંવા સિદ્ધાંન્ત બીજાના જોયેલા, અથવા કથેલા તે માનતો નથિ. પોતે જોયું અને પોતાના અનુભવ માં બેઠું તે જ તેને નિશ્ચયવાનૂ કરી સંતોષ આપે છે.

વળી કુશળ એવો કળાવંતસમૂહ પોતાને અધિન સતેપિ, રથ અશ્વાદિ પોતે ચલાવે, જળમાં પોતે તરી શકે, વાદ્યંત્રાદિ પોતે બજાવી શકે, અને પોતાને કંઠે જ યથાવત્ ગાઇ શકે; એટલું જ નહિ કિન્તુ કોઈ પણ ભાષામાં પોતે બોલી શકે, પોતે જ લખી, વાચી, સમજી શકે, અને કાવ્ય તથા ગ્રંથ ગુંથી શકે ઇત્યાદિ; તેથી બહુ આનન્દ પામે છેઃ તેનું કારણ તે સર્વોપરિ સ્વયંપ્રકાશ, આદ્ય વિરંચિ છે. એ સર્વભાવના તેની આત્મમૂલિકા છે.

વિમળઃ—એનું નિરૂપણ **શુદ્ધ** પ્રત્યય પ્રમાણે.

અચળઃ—એક **ચેતન** જે મનુષ્યનું પોતાનું સ્વરૂપ છે તે વિના સર્વ કંઈ ચળાયમાન છે, ભ્રમતું જણાય છે, અને વિકૃતિને પામી અસ્થિરના વિશેષણને પામે છે. માટે જે જે કંઈ ચળાયમાન છે તે તુચ્છ છે. અચળતા એ શ્રેષ્ઠતમ ગુણરૂપે વંદનીયા છે. અતએવ કોઇનો પ્રેમ, વચન, સ્વીકાર, અચળ–દૃઢ હોય તો જ માંનાસ્પદ થાયછે.

એ ભાવના આત્મમૂલિકા છે. મુળ આપ અચળ છે.

અક્ષયઃ—એનુ નિરૂપણ **નિર્વિકાર** પ્રત્યય પ્રમાણે.

તેનો નવીન અનુષંગી, ઉભયે આદ્ય પતિના કટુત્તમ ધિક્કારને પાત્ર થાય છે, અને તે તેના અનંત દ્વેષનું કારણ થઈ પરસ્પર અનેક યાતના કિંવા પ્રાણ સંહારમાં પરિણમે છે.

પૂર્ણઃ—મનુષ્યને પૂર્ણતાવિના સંતોષ અને શાન્તિ નથિ. જ્યાં લગણુ કંઈ પણ અપૂર્ણ-અધુરું હોય છે, ત્યાં લગણુ તે અસંતુષ્ટ, સક્રિય, રહીને કર કર કર્યા કરે છે. તેનામાં નવીનતાને માટે પ્રચણ્ડ ઔત્સુકય, ઉલ્લાસ, હોય છેઃ તે પણ એને લીધે જ. કારણ, જે જે કંઈ નવીન છે તે એને પૂર્વે અપ્રાપ્ત હતું એવું ભાન કરાવીને પૂર્ણતાનો ભાંડાર ચણતું જાય છે.

માનવવૃત્તિ એક પદાર્થપરાયણા ન રહીને પૂર્ણતાને માટે વ્યભિચારે કરી નવીન નવીન પદાર્થોમાં જાય છે. તેણે કરી જેમ પૂર્ણતા સધાય છે, તેમજ આત્મચૈતન્યજ્યોતિ જાગૃતા રહીને આનન્દલાભ થતો જાય છે.

એ માનવભાવના આત્મમુલિકા છે. મુળ આપ પૂર્ણ છે.

સુંદરઃ—મનુષ્યને સર્વ સારું સારું જ ગમે છે-ભોજન સુંદર, વસ્ત્ર સુંદર, *સ્ત્રી સુંદર, સંક્ષેપમાં પંચેન્દ્રિયકૃત પંચભોગો સુંદર, કાવ્ય અને વિચાર સુંદર, અને સર્વ સુંદર. જ. એવું તેને અભિલષિત છે. પદાર્થ માત્રમાં તે સૌંદર્ય (Beauty) ને જ શોધે છે. અનનુભુતપદાર્થ માટે કોઈને એવી ઇચ્છા થતી નથિ. તેથી સૌંદર્ય, તેનું અનુભૂત હોવું જ જોઇયે. માટે એ ઇચ્છા તેની આત્મમુલિકા છે. મૂળ આપ પરમ સુંદર છે.

અહો ! દેવોને પ્રિય એવા નરપુંગવ ! એ પ્રમાણે નિરૂપણ કરીને પવિત્ર આત્મપ્રત્યયમાળાની પાંચ સરોનો આ સંપૂર્ણ હાર વિશુદ્ધ પ્રેમ અને આત્મૈક્યભાવે તમારા દિવ્ય કંઠમાં આરોપું છું. (એમ કહી જયજયશબ્દનું મંજુલ નિર્ઘોષણ કરીને તે તૂષ્ણીંભાવને પ્રાપ્ત થતે સતે **સ્વરૂપસ્થ** થાયછે.

---

* ગૌરવર્ણી સ્ત્રીને માટે મનુષ્યની પ્રસન્નતાનું કારણ એ છે જે રંગ શાસ્ત્રના નિયમ પ્રમાણે ગૌરતા, કિંવા શ્વેત રંગ સૌંદર્યને યથાવત્ પ્રકાશે છે. શ્વેતને સ્થાને બીજો રંગ, સૌંદર્યને ઢાંકી રાખે છે.

ક૦ (તે જોઇને 'નમસ્તે મહાશય!' એમ કહીને તેને વંદે છે. અને નિમ્ન લિખિત વચનોએ કરી તેને સ્તવે છે.)

यस्य प्रसादादहमेव विष्णु। मय्येव सर्वं परिकल्पितं च ॥
इत्थं विजानामि सदाऽत्मतत्त्वं । तस्यांघ्रिपद्मं प्रणतोस्मि नित्यम्॥

आत्मैक्यभाव-ના આવા મંગળ અવસરને દેવતાઓ પણ તર્ષે છે. અને તેના આનન્દપ્રદદર્શનાર્થ તેઓ આ પૃથ્વી ઉપરિ ઉપસ્થિત થાય છે. સર્વસિદ્ધિઓ ત્યાં યુગલકર જોડીને ઉભી રહે છે. સરસ્વતી વીણાનાદ કરન્તી અખણ્ડ પરબ્રહ્મનું ગાન કરે છે. અને તેને અંતે ઇંદ્ર પુષ્પવૃષ્ટિને કરે છે. એ દિવ્ય દર્શનોપદર્શનમાં શ્યો લક્ષ્યાર્થ છે તે આત્મદર્શી જ સમજે છે. અન્ય જાણતા નથિ.

અપરંચ મનવચનકાયતઃ પવિત્ર આત્મૈકયભાવવંત એ પુરુષોની પુનીતકાયામાંથી રશ્મિસમૂહ (magnetic aura) નો પ્રવાહ મણ્ડલાકારે વર્ષે છેઃ જેના પ્રભાવમાં આવનાર મનુષ્યો અને પશુ પક્ષીઓ તે સ્થળે આનન્દસમુદ્રમાં અવગાહન કરતાં પોતાની વૈરવૃત્તિને ત્યજે છે. એનો વિચાર શ્રી સૂર્યકાન્તના ઉત્તર પાર્શ્વમાં વક્ષ્યમાણ છે.

એવામાં શ્રી બદ્રિકાશ્રમથી એક વિદ્યુત્સંદેશ, શ્રીઆનન્દસાગરમહાશયને શિરોનામે આવે છે.

ક૦ મહાશય ! આ સંદેશ ક્યાંનો ?

આ૦ વાચો તે.

ક૦ (વાચે છે) To Bombay From Badrikashrama. Come immediately for *darshanam* the yogi I spoke of, has made his appearance here and has kindly promised to perform *samadhi* before the Esoteric brotherhood.

Kamalakantasharma.

આવું આવું અહિ રાજનગરમાં જ થતું હોય તો કેવું સારું? આ તો કેટલા બધા કોશ દૂર છે! મહાશય! આપણે ત્યાં શીઘ્ર જઇયે! આજે સાંઝે જ!

આ૦ કરૂણાપ્રસાદજી! મેં પૂર્વે બદ્રિકાશ્રમમાં જ એક બીજા મહાત્માકૃત સમાધિનું દર્શન કર્યું છે. એટલે મને તે નવીન નથિ: પણ તમને નવીન હોવાથી તે તમારો પ્રિય વિષય થાય છે. અને તે પ્રિય વિષય તથા તમારા વચે જે દેશકાળનો અંતરાય છે તે તમને લેશપણ ગમતો નથિ. એ નૈકટ્ય અને ત્વરાની ભાવનાઓ આત્મમૂલિકા છે.

આપ મૂળ દેશકાળ વિહીન, બ્રહ્મ, અદ્વંદ્વ परब्रह्म, परात्पर છો.

ક૦ યથાર્થ, એ મને નવીન છે ખરૂં પણ મહાશય! મારે કહેવું જોઇયે જે તેને માટે પણ મને અવે અતીચ્છા નથિ. મને તો અવે જે સ્થિતિમાં હોઉં તેમાં આનન્દ જ છે. નહિ તો આવી કાંઈ અદ્દભુતવાત સાંભળી હોય ત્યારે જાણે હું ઊડી પડીને તત્ક્ષણ ત્યાં જ હોઉં, એવી અજય્યલિપ્સા ઉદ્દભવતી હતી.

આ૦ સાધુ. વળી આ બીજો સંદેશ न्यूयॉर्कथी આવ્યો છે તે જુઓ.

ક૦ (વાચે છે) To Bombay From Newyork.

Bravo Heroism Martyrdom Marvel Divinity cit 5000+please come by the mail to preach the doctrines of venerable Shrimachhankaracharya. Exhorted by Swami Vivekananda and Mr. Deussen to open and decipher the hitherto sealed books of Self we are in a position to cordially receive them. *Forbes.*

ઉત્તરાર્ધ તો સ્પષ્ટ છે. પણ પૂર્વાર્ધ સાંકેતિક ભાષામાં જણાય છે.

આ૦ તે 'એમ. પાનાચંદ અને કંપની' કૃત સાંકેતિક વ્યાકયાવલિમાં જુઓ.

ક૦ જોઉં છું મહાશય ! તે ભિન્નભિન્ન શબ્દોવડે આમ દ્યોતન કરે છે:

"હજુ વ્યવસાય ચાલુ રાખ્યો છે ? દ્રાક્ષની ૫૦૦૦ પેટી પૂર્વવત્ રચીને વ્યવસ્થિત કરી ૧૦ રૂપિયે અત્ર પોચતી કરશો" ?

આ૦ મહામારીનો પ્રતિરોધ છે તેથી દ્રાક્ષ મૂકી શકાશે નહિ. પણ મિત્ર ફ્રૂઁબ્સ્‌ની માગણી પ્રમાણે ત્યાં ભાષણો કરવા જવું ઉચિત છે. અમેરિકનો જે સર્વ વાતે અગ્રેસર (Goahead) લોકો છે, તેમને ઉત્તમ સંસ્કાર પાડી આ માર્ગપર આણ્યા હોય તો અંતે તેમને, અને અહુણા ભારતીયોને લાભ છે. માટે એ કર્તવ્ય ઉપરિ લક્ષ આપવું જોઇયે. ત્યાં એક વર્ષ પર્યન્ત રહી આવિયે, એટલામાં મોહમયીનગરી પણ વસવાને યોગ્યા થઈ રહે તો જોઇયે.

ક૦ પણ મહાશય પહેલાં આપણે બદ્રિકાશ્રમ જઈ આવિયે.

આ૦ પછી આપ ન્યૂયૉર્ક આવશો ?

ક૦ અવે આયુષ્યનો અવશિષ્ટ કાળ આપની સંગતિમાં જ કહાડવાનો છે.

આ૦ સાધુ.

ઉભય મિત્રો બદ્રિકાશ્રમ અને તદનન્તર ન્યૂયૉર્ક જાય છે: જેનું વર્ણન આધ્યાત્મિકી શૈલીએ શ્રીસૂર્યકાન્તના ઉત્તર પાર્શ્વમાં આવશે.

इति श्रीमदानन्दनन्दनेन पानाचन्देन निर्मितस्य श्रीसूर्यकान्तस्य पंचमी प्रभा ।

पूर्वः पार्श्वः समाप्तः ॥